Saturday, 25 April 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः ॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૧૧૨ ● સંવત-૨૦૮૨ વૈશાખ સુદ નોમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD




## રેલ્વે ફક્ત મુસાફરીનું સાધન નથી, પરંતુ સામાન્ય લોકોના જીવન અને રોજગારનો એક મહત્ત્વપૂર્ણ આધારસ્તંભ છેઃ ઉમેશભાઈ પટેલ

**દમણ-દીવના સાંસદ ઉમેશભાઈ પટેલે પશ્ચિમ રેલ્વે મુખ્યાલય, મુંબઈ ખાતે જનરલ મેનેજર રામાશ્રય પાંડે સાથે મુલાકાત કરી પ્રાદેશિક મુસાફરોની ચિંતાઓને દૂર કરવા કરેલી રજૂઆત**

**ઉત્તર ભારતીય મુસાફરો માટે વિશેષ ટ્રેન સુવિધાઓ-વ્યવસ્થાની કરેલી માંગ**

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
મુંબઈ, તા.૨૪

દમણ - દીવના સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે આજે મુંબઈ સ્થિત પશ્ચિમ રેલવે મુખ્યાલયમાં જનરલ મેનેજર શ્રી રામાશ્રય પાંડે સાથે સૌજન્ય મુલાકાત કરી હતી અને પ્રાદેશિક મુસાફરોને પડતી ગંભીર સમસ્યાઓ જણાવી હતી અને તેને દૂર કરવા રજૂઆત કરી હતી.

આ મહત્ત્વપૂર્ણ મુલાકાતમાં, સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે વાપી, ઉમરગામ, ભીલાડ અને વલસાડ પ્રદેશોમાં લાખો મુસાફરોને ભોગવવા પડતી અસુવિધાઓ અંગે વિગતવાર ચર્ચા કરી હતી અને દરેક સમસ્યાનો તાત્કાલિક ઉકેલ લાવવાની બુલંદ માંગ કરી હતી.



સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે નવી ટ્રેનોના સ્ટોપ અંગે સ્પષ્ટતા કરવા અને આ સ્ટેશનો પર પ્રસ્તાવિત નવી ટ્રેનો ક્યારે રોકાશે તે અંગે સ્પષ્ટ સમયમર્યાદા નક્કી કરવા જણાવ્યું હતું. સ્થાનિક મેમુ ટ્રેનોની ભારે અછત અંગે રજૂઆત કરતા જણાવ્યું હતુ કે, ઉમરગામ અને સુરત વચ્ચે સાંજે ૪:૪૦ થી ૮:૦૦ વાગ્યા સુધી કોઈ લોકલ ટ્રેન સેવા ઉપલબ્ધ નથી. આ સમયગાળા દરમિયાન, દહાણુથી સુરત માટે સાંજે ૫:૦૦ થી ૬:૦૦ વાગ્યા સુધી નવી MEMU ટ્રેન શરૂ કરવાની માંગ કરી છે. સવારે ૧૦:૦૦થી બપોરે ૧૨:૩૦ વાગ્યા સુધીના સમયગાળામાં પણ લોકલ ટ્રેનોનો ભારે અભાવ છે. આ સમયગાળા દરમિયાન નવી લોકલ MEMU સેવા શરૂ કરવાની માંગ પણ કરી છે.

સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે ઉત્તર ભારતીય મુસાફરો માટે ખાસ સુવિધાઓની માંગણી કરી છે જેમાં વલસાડ, વાપી, ઉમરગામ અને ભીલાડ સ્ટેશનો પર ઉત્તર ભારત તરફ જતી તમામ ટ્રેનોના સ્ટોપની સંખ્યા વધારવાની માંગ કરી છે. તેમણે ઉત્તર ભારતીય મુસાફરો સાથે સંકળાયેલી તાજેતરની દુઃખદ ઘટનાઓ સામે કડક કાર્યવાહી કરવાની પણ માંગ કરી હતી અને ભવિષ્યમાં આવી ઘટનાઓને રોકવા માટે સુરક્ષા મજબૂત બનાવવા પર ભાર મુક્યો હતો.

સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે વાપી રેલ્વે સ્ટેશન પર સુવિધાઓ વધારવાની માંગણી કરી છે, જેમાં મુસાફરો અને રેલ્વે પોલીસ માટે યોગ્ય બેઠક અને આરામની વ્યવસ્થા, ભીડ વ્યવસ્થાપન સુધારવા માટે કેટલીક ટ્રેનોને પ્લેટફોર્મ નંબર ૩ પર ખસેડવાનું સૂચન કર્યું હતું.

જનરલ મેનેજર શ્રી રામાશ્રય પાંડેએ તમામ મુદ્દાઓને ગંભીરતાથી લીધા અને ખાતરી આપી છે કે, શક્ય તેટલી વહેલી તકે જરૂરી કાર્યવાહી કરવામાં આવશે અને મુસાફરોને રાહત આપવા માટે નક્કર પગલાં લેવામાં આવશે.

દમણ-દીવના સાંસદ શ્રી ઉમેશ પટેલે જણાવ્યું હતું કે, ‘‘રેલ્વે ફક્ત મુસાફરીનું સાધન નથી, પરંતુ સામાન્ય લોકોના જીવન અને રોજગારનો એક મહત્ત્વપૂર્ણ આધારસ્તંભ છે. મુસાફરોની સુવિધા અને સલામતી સર્વોચ્ચ પ્રાથમિકતા હોવી જોઈએ.’’

તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે, જ્યાં સુધી આ સમસ્યાઓનું નિરાકરણ નહિ આવશે ત્યાં સુધી તેઓ સંબંધિત મંત્રાલય અને રેલ્વે વહીવટીતંત્ર સાથે આ મુદો ઉઠાવતા રહેશે.

## દાનહ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા
## સેલવાસમાં એર રેઈડ/બ્લેકઆઉટ મોક એક્સરસાઈઝ યોજાઈઃ નિયુક્ત સ્થળોએ સંપૂર્ણ બ્લેકઆઉટ (વીજળી ડિસકનેક્શન) જોવા મળ્યું






(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૨૪

દાદરા નગર હવેલી જિલ્લા વહીવટીતંત્રે, જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (DDMA) અને વિવિધ હિસ્સેદારો સાથે સંકલનમાં આજે સાંજે ૦૭:૩૦ વાગ્યે એર રેઈડ/ બ્લેકઆઉટ મોક એક્સરસાઈઝ યોજવામાં આવી હતી. કટોકટીની પરિસ્થિતિઓમાં તૈયારી અને પ્રતિભાવ ક્ષમતા વધારવા માટે આ કવાયત આયોજન મુજબ હાથ ધરવામાં આવી હતી.

પોલીસ, ફાયર અને ઈમરજન્સી સેવાઓ, આરોગ્ય વિભાગ, વિદ્યુત વિભાગ અને આપદા મિત્ર સ્વયંસેવકો સહિતના મુખ્ય હિસ્સેદારો સાથે સંકલનમાં આ મોક ડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કવાયત વિવિધ એજન્સીઓ વચ્ચે તાત્કાલિક પ્રતિભાવ, અસરકારક સંદેશાવ્યવહાર અને સંકલિત કાર્યવાહીની જરૂર હોય તેવી કટોકટીની પરિસ્થિતિઓનું અનુકરણ કરવા માટે ડિઝાઈન કરવામાં આવી હતી. આ મોક એક્સરસાઈઝ ઈન્સિડેન્ટ રિસ્પોન્સ સિસ્ટમ (IRS)ના સિદ્ધાંત પર હાથ ધરવામાં આવી હતી, જે આપત્તિ આવે ત્યારે વહીવટી અધિકારીઓ દ્વારા કરવા જરૂરી તાત્કાલિક કાર્યોની સ્પષ્ટ ગણતરી કરે છે.

**પોલીસ, ફાયર અને ઈમરજન્સી સેવાઓ, આરોગ્ય વિભાગ, વિદ્યુત વિભાગ અને આપદા મિત્ર સ્વયંસેવકો સહિતના મુખ્ય હિસ્સેદારો સાથે સંકલનમાં યોજવામાં આવી મોક ડ્રીલ**

નિર્ધારિત સમયે, કવાયત શરૂ થવાનો સંકેત આપવા માટે બે મિનિટના સમયગાળા માટે સાયરન વગાડવામાં આવ્યું હતું. આ પછી, નિયુક્ત પ્રતિભાવ ટીમોને સક્રિય કરવામાં આવી હતી અને સમયમર્યાદા અને માળખાગત રીતે માનક સંચાલન પ્રક્રિયાઓ હાથ ધરવામાં આવી હતી. આ સિમ્યુલેશનમાં કટોકટી ગતિશીલતા, જાહેર ચેતવણી પ્રણાલીઓ, ક્ષેત્ર એકમો વચ્ચે સંકલન અને પસંદ કરેલા વિસ્તારોમાં બ્લેકઆઉટ પ્રોટોકોલના અમલીકરણ જેવા પ્રતિભાવ પગલાંનો સમાવેશ થતો હતો. મોક ડ્રીલ સાંજે ૦૭:૩૦ વાગ્યે ૨ મિનિટ માટે સાયરન વગાડીને શરૂ થઈ હતી, જે કવાયતની શરૂઆતનો સંકેત આપે છે. ત્યારબાદ બધા નિયુક્ત સ્થળોએ આયોજિત સમયપત્રક મુજબ સંપૂર્ણ બ્લેકઆઉટ (વીજળી ડિસકનેક્શન) જોવા મળ્યું હતું. કવાયત સફળ રીતે પૂર્ણ થયા પછી, એક લાંબો સ્પષ્ટ સાયરન વગાડવામાં આવ્યો, જે કવાયતના સમાપનનો સંકેત આપે છે. એર રેઈડ મોક એક્સરસાઈઝ મુખ્યત્વે જિલ્લા સચિવાલય-સેલવાસ, સેલવાસ મ્યુનિસિપલ કાઉન્સિલ ઓફિસ, સેલવાસ જિલ્લા પંચાયત ઓફિસ, સેલવાસ નમો મેડિકલ હોસ્ટેલ અને સામરવરણી આંતરિક માર્ગ (પ્રમુખ આંગણથી પ્રમુખ નક્ષત્ર) ખાતે યોજાઈ હતી.

જિલ્લા વહીવટીતંત્રે કોઈપણ અણધારી કટોકટી માટે તૈયારીની ખાત્રી કરવા માટે આપત્તિ વ્યવસ્થાપન પ્રણાલીઓને મજબૂત બનાવવા અને સમયાંતરે આવી કસરતો કરવા માટે તેની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. જિલ્લામાં એક સ્થિતિસ્થાપક અને પ્રતિભાવશીલ કટોકટી વ્યવસ્થાપન માળખું બનાવવાના ચાલુ પ્રયાસોના ભાગ રૂપે આ કવાયત જાહેર હિતમાં હાથ ધરવામાં આવી હતી.

## સેલવાસ ડિસ્ટ્રિક્ટ કોર્ટ પરિસરમાં ૦૯ મે, ૨૦૨૬ના રોજ ‘રાષ્ટ્રીય લોક અદાલત’ યોજાશે

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૨૪

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળ, નવી દિલ્હી અને રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ દાદરા નગર હવેલીના નિર્દેશ અનુસાર જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ દ્વારા આગામી તા.૦૯ મે, ૨૦૨૬ના શનિવારના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યાથી સેલવાસ ડિસ્ટ્રિક્ટ કોર્ટ પરિસરમાં ‘રાષ્ટ્રીય લોક અદાલત’નું આયોજન કરવામાં આવ્યું છે. આ લોક અદાલતમાં વિવિધ બેંકોના ચેક બાઉન્સને લગતા કેસો, લેબર વિભાગના કેસો, મોટર અકસ્માતના કેસો, જમીન સંપાદનના કેસો, રેવન્યુ કેસો, વૈવાહિક વિવાદ, ફોજદારી કંપાઉન્ડેબલ કેસ, બેંક ઉપભોક્તા કેસ, ગ્રામ પંચાયત અને પ્રી-લિટિગેશન સહિતના વિવિધ કેસોનું રાષ્ટ્રીય લોક અદાલતમાં નિરાકરણ કરવામાં આવશે. જેનો લાભ લેવા પ્રદેશના અરજદારોને જણાવાયું છે.

## દાનહના ખેરડી ખાતેની પ્લેટિનમ એએસી બ્લોક્સ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં સોલાર પેનલ લગાવવાનું કામ કરતા કામદારનું પડી જતાં મોત

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૨૪

દાદરા નગર હવેલીના ખેરડી ગામમાં આવેલ પ્લેટિનમ એએસી બ્લોક્સ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં એક દર્દનાક ઘટના સામે આવી છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે કંપનીમાં સોલાર પેનલ લગાવવાનું કામ ચાલી રહ્યું હતું. તે સમયે સુરત નિવાસી બળવંત ખીમજીભાઈ (ઉ.વ.૪૭) એમનો પગ લપસી ગયો હતો. તેઓ ઊંચાઈ પર કામ કરી રહ્યા હતા ત્યારે સંતુલન ગુમાવતા તેઓ નીચે પડી ગયા હતા. જેના કારણે તેમના શરીરે ગંભીર ઈજા થઈ હતી. ઘટના બાદ તરત જ તેમને ખાનવેલ સબ જિલ્લા હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા. પરંતુ હોસ્પિટલમાં ફરજ ઉપરના તબીબે બળવંતભાઈને મૃત ઘોષિત કર્યા હતા.

ઘટનાની જાણકારી મળતા ખાનવેલ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીએસઆઈ શ્રીમતી છાયાબેન ટંડેલ એમની ટીમ સાથે પહોંચી ગયા હતા અને ઘટના અંગેની તપાસ હાથ ધરી હતી. ખાનવેલ પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## LPG પુરવઠામાં વિક્ષેપથી સામાન્ય લોકોમાં વધી ચિંતાઃ ઓનલાઈન સિસ્ટમ નવી અરજીઓ સ્વીકારી રહી નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૪

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે દેશ LPG સંકટનો સામનો કરી રહ્યો છે. આ કટોકટીને ધ્યાનમાં રાખીને રાંધણ ગેસ માટે નવા કનેક્શન ખાસ કરીને LPG આપવાનું દેશભરમાં સ્થગિત કરવામાં આવ્યું છે. છેલ્લા એક મહિનાથી વધુ સમયથી દેશભરની સરકારી તેલ કંપનીઓએ નવા કનેક્શન આપવાનું બંધ કરી દીધું છે. નવા કનેક્શન પર આ પ્રતિબંધનું મુખ્ય કારણ મધ્ય પૂર્વમાં ચાલી રહેલ સંઘર્ષ અને તેના પરિણામે હોર્મુઝ સ્ટ્રેટ બંધ રહેવાના કારણે દેશભરમાં LPG પુરવઠાને ગંભીર અસર થઈ છે. LPG પુરવઠામાં વિક્ષેપથી સામાન્ય લોકોમાં ચિંતા વધી છે.

ભારત LPGનો વિશ્વનો બીજો સૌથી મોટો આયાતકાર દેશ છે. દેશને વાર્ષિક ૩૩ મિલિયન ટન LPGની જરૂર પડે છે, જેમાંથી ૬૫ ટકા આયાત દ્વારા પૂર્ણ થાય છે. આ આયાતમાંથી ૯૦ ટકા પશ્ચિમ એશિયામાંથી આવે છે. હોર્મુઝ સ્ટ્રેટ વિશ્વની કુલ LPG જરૂરિયાતોના પાંચમા ભાગ માટેનો રસ્તો છે. ઈરાન સાથેના સંઘર્ષને કારણે જહાજોના રસ્તા રોકાયા છે, જેના કારણે ભારત જેવા દેશોમાં LPG શિપમેન્ટ અનિશ્ચિત બન્યું છે.

**મધ્ય પૂર્વમાં ચાલી રહેલ સંઘર્ષ અને તેના પરિણામે હોર્મુઝ સ્ટ્રેટ બંધ રહેવાના કારણે દેશભરમાં LPG પુરવઠાને ગંભીર અસર**

પરિણામે ઓઈલ કંપનીઓએ હાલના ગ્રાહકોને પ્રાથમિકતા આપી છે અને નવા કનેક્શન આપવાનું કામચલાઉ ધોરણે બંધ કરી દીધું છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના વરિષ્ઠ અધિકારી સુજાતા શર્માએ પણ આની પુષ્ટિ કરી. તેમણે જણાવ્યું હતું કે, હાલ માટે નવા કનેક્શન આપવામાં આવી રહ્યા નથી. નવા કનેક્શન આપવાનું ક્યારે ફરી શરૂ થશે તે અંગે કોઈ ચોક્કસ સમયરેખા આપવામાં આવી નથી.

LPG વિતરકો અને સૂત્રોના જણાવ્યા અનુસાર, ઓઈલ કંપનીઓએ હાલના સ્થાનિક ગ્રાહકોને LPGનો અવિરત પુરવઠો સુનિશ્ચિત કરવાને પ્રાથમિકતા આપી છે. ઓનલાઈન સિસ્ટમ હાલમાં નવી અરજીઓ સ્વીકારી રહી નથી. જો કે, આ બાબતે કોઈ ઔપચારિક સરકારી આદેશ આપવામાં આવ્યો નથી. તેમ છતાં ડીલરોને અનૌપચારિક રીતે નવા કનેક્શન આપવાનું કામચલાઉ ધોરણે ટાળવાની સૂચના આપવામાં આવી છે.

## રાજસ્થાન સેવા સંગઠન દાદરા દ્વારા મહારાણા પ્રતાપ જયંતિ સમારોહનું ભવ્ય આયોજન કરાશે

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૨૪

રાજસ્થાન સેવા સંગઠન દાદરા દ્વારા વીર શિરોમણી શ્રી મહારાણા પ્રતાપ જયંતિ સમારોહ ૦૯મે, ૨૦૨૬ના શનિવારના રોજ આયોજીત કરવામાં આવશે.

આ ભવ્ય કાર્યક્રમ નિમિતે ૦૮ મેના રોજ સાંજે શિવાજી રાજે ચોક સેલવાસથી પંચદેવ મંદિર લવાછા સુધી બાઈક રેલી કાઢવામાં આવશે. ૦૯ મેના રોજ બપોરે ૩:૦૦ વાગ્યાથી સાંઈ કોમ્પ્લેક્સ દાદરાથી શોભાયાત્રા કાઢવામાં આવશે.

સાંજે ૦૭:૦૦વાગ્યાથી સાંસ્કૃતિક કાર્યક્રમ બાદ ૦૮:૦૦ વાગ્યેથી ભજન સંધ્યામાં મહેન્દ્ર સિંહ રાઠોડ એન્ડ પાર્ટી, પાલીના કલાકારો સાથે કવિ શ્રી સોહનલાલ ચૌધરી-ચિતોડગઢ મેવાડ ઉપસ્થિત રહેશે.

સમારોહના મુખ્ય અતિથિ તરીકે કપરાડાના ધારાસભ્ય શ્રી જીતુભાઈ ચૌધરી અને ઉમરગામના ધારાસભ્ય શ્રી રમણભાઈ પાટકર ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમ તીર્થધામ પંચદેવ મંદિર, અંબિકા પાર્કની સામે, લવાછા ખાતે આયોજીત કરવામાં આવશે.






## સુવિચાર - સદ્‌વિચાર

વિશ્વાસ એ માનવીનો સૌથી મોટો સાથી છે.

## કવિતા-ભજન-પદ-ગરબા

**ટુકડામાં!**

પછી શોધ્યો નહિ જડશે કોઈ માનવ આ દુનિયામાં,
અમે મરતાં રહ્યા જો આમ આશામાં ને આશામાં.

નીરખવા રૂપને સૌંદર્યમય હોવું ઘટે તેથી,
જુએ છે સૌ તમારી આંખના સુંદર અરીસામાં!

પ્રતીક્ષા મહેલમાં કે ઝૂંપડીમાં એકસરખી છે,
વિરહ-રાતો મૂકી દે છે બધાને એક કક્ષામાં!

કરો આનંદની વાતો ચમનની બા'ર બેસીને,
નથી રાખ્યું અમે કંઈ પણ ખિઝાં માટે બગીચામાં!

ધરા ઓછી પડી તેથી ઊડ્યો છું આજ આકાશે,
ખબર એ પણ હવે ક્યાં છે, ગગનમાં છું કે દુનિયામાં!

હૃદય તોડી જમાનાએ બહુ ઉપકાર કીધો છે,
હવે ક્યાં છે ફરક કંઈ પણ જુઓ મુજમાં ફરિશ્તામાં!

પ્રણય માગે, ફરજ માગે, ધરા માગે, ગગન માગે,
કહો કોને કરું રાજી હૃદયના એક ટુકડામાં!

હૃદય સરસી જુઓ ચાંપી લીધી આજે 'નઝર' એને,
ગઝલને મેં ગણી લીધી જીવનસાથીની ગણનામાં.

- નઝર તુરાવા

## આજની જોક

ફક્ત રાશિ ના ભરોસે ના રહેવું...
મહેનત પણ કરવાની
કારણ કે ઘણીવાર...
કન્યા રાશિ વાળા ને કન્યા નથી મળતી,
ધન રાશિ વાળા પાસે ધન નથી હોતુ
અને
સિંહ રાશિ વાળા ને કૂતરા હેરાન કરતા હોય છે...

## કબીર વાણી

**જોય મરે સો જીવ હય, રમતા રામ ન હોય,**
**જન્મ મરણસેં ન્યારા હય, સાહેબ મેરા સોય.**

**- અર્થાત-**

જે મરે છે તે તો માણસનું નીચલું ભાંન છે, પણ આત્મા કાંઈ મરતો નથી; તે તો જન્મ-મરણની પેલી મેર છે. યાને તેને મરણ યા જન્મ જેવું કાંઈ નથી.

## આજનો દિન વિશેષ

# રાજ સિંહ II



મહારાણા રાજસિંહ દ્વિતીય (૨૫ એપ્રિલ ૧૭૪૩ - ૩ એપ્રિલ ૧૭૬૧), ૧૭૫૪ થી ૧૭૬૧ માં તેમના મૃત્યુ સુધી મેવાડ રાજ્યના મહારાણા હતા. તેઓ મહારાણા પ્રતાપસિંહ દ્વિતીયના એકમાત્ર પુત્ર હતા જેનો જન્મ મરણોત્તર થયો હતો અને તેમના કાકા મહારાણા અરિસિંહ દ્વિતીયની દેખરેખ હેઠળ તેમના પિતાના ઉત્તરાધિકારી જાહેર થયા હતા, જેઓ તેમના ભત્રીજાના તોફાની શાસન પછી અનુગામી મહારાણા બન્યા હતા.

## બાળવાર્તા : રેતી અને ખાંડ ખલગ કરો

એક દિવસ અકબર બાદશાહને બધા દરબારીઓએ પુછ્યું કે તમે બીરબલને સૌથી વધુ બુદ્ધિશાળી કેમ સમજો છો? શું અમે હોશિયાર નથી? બાદશાહ અકબરે કહ્યુ કે, બીરબલ પાસે દરેક સમસ્યાનો ઉકેલ છે તેથી તે મારી નજરમાં બુદ્ધિશાળી છે. દરબારીઓએ કહ્યુ તો પછી આજે તેને અમારી એક પરીક્ષા પાસ કરવી પડશે નહી તો અમે તેને બુદ્ધિશાળી તરીકે નહી સ્વીકારીએ. એવું કહીને તેઓ એક થેલો લઈને આવ્યા.

બાદશાહે પુછ્યું શું છે આની અંદર?

દરબારીએ કહ્યું, આમાં રેતી અને ખાંડ છે.

તે શેને માટે, બાદશાહે પુછ્યું. માફી માંગું છુ હુજુર, દરબારી બોલ્યો. પરંતુ અમે બિરબલની બુદ્ધિની કસોટી કરવા માંગીએ છીએ, અમે ઈચ્છીએ છીએ કે બીરબલ આ રેતમાંથી ખાંડને અલગ કરે.

બાદશાહે કહ્યું, જોઈ લે બિરબલ રોજ તારી સામે એક નવી મુશ્કેલી મુકવામાં આવે છે, હવે તારે આ રેતને પાણીમાં ગોળ્યા વિના તેમાંથી ખાંડને અલગ કરવાની છે.કોઈ વાંધો નહિ જહાપનાહ, બીરબલે કહ્યું. આ તો મારા ડાબા હાથનો ખેલ છે, કહીને બીરબલે કાચનો વાટકો હાથમાં લીધો અને દરબારમાંથી બહાર જતો રહ્યો.

બીરબલ બાગમાં જઈને રોકાઈ ગયો અને કાચના વાટકામાંનું મિશ્રણ એક આંબાની આજુબાજુ વેરી દિધું. આ તમે શું કરી રહ્યાં છે? એક દરબારીએ પુછ્યું. આ તને કાલે ખબર પડશે, બીરબલે કહ્યું.બીજા દિવસે બધા તે આંબા નીચે પહોચ્યાં, જ્યાં હવે માત્ર રેત જ પડી હતી. ખાંડના બધા દાણાને કીડીઓએ લઈને પોતાના દરમાં મુકી દિધા હતાં, અમુક કીડીઓ તો હજી પણ ખાંડના દાણાને ઘસેડીને લઈ જઈ રહી હતી. પરંતુ બધી ખાંડ ગઈ ક્યાં? એક દરબારીએ પુછ્યું.

રેતથી અલગ થઈ ગઈ, બીરબલે કહ્યું. બધા જોરથી હસી પડ્યા.

બાદશાહે દરબારીને કહ્યું કે, જો હવે તારે ખાંડ જોઈતી હોય તો કીડીઓના દરમાં ઘુસવું પડશે.બધા જોરથી હસ્યાં અને બીરબલની ચતુરાઈના વખાણ કર્યા.

---

### ડેપ્યુટી કલેક્ટર અને સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ શિવમ મિશ્રાની અધ્યક્ષતામાં

# દીવમાં નાગરિક સંરક્ષણ હવાઈ હુમલો/બ્લેકઆઉટ મોક એક્સરસાઈઝ સફળતાપૂર્વક યોજાઈ








**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૨૪**

**આ સિવિલ ડિફેન્સ એર રેઈડ/બ્લેકઆઉટ મોક ડ્રીલનો મુખ્ય ઉદ્દેશ્ય કટોકટીની પરિસ્થિતિઓમાં, ખાસ કરીને કોઈપણ શંકાસ્પદ હવાઈ હુમલાની સ્થિતિમાં, આપત્તિ વ્યવસ્થાપનમાં તૈયારી, તૈયારી અને પ્રતિભાવને મજબૂત બનાવવાનો છે, તેમજ જિલ્લાની વિવિધ એજન્સીઓ વચ્ચે સંકલન અને કામગીરીને મજબૂત બનાવવાનો છે:ડેપ્યુટી કલેક્ટર અને સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ શિવમ મિશ્રા**

દીવ પ્રશાસને આપત્તિઓ દરમિયાન નાગરિકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે, વિવિધ હિસ્સેદારો સાથે સંકલનમાં, તા.૨૪/૦૪/૨૦૨૬ના રોજ દીવમાં નાગરિક સંરક્ષણ હવાઈ હુમલો/બ્લેકઆઉટ મોક એક્સરસાઈઝ સફળતાપૂર્વક યોજી હતી.

ઉલ્લેખનીય છે કે, આ નાગરિક સંરક્ષણ હવાઈ હુમલો/ બ્લેકઆઉટ મોક એક્સરસાઈઝ અંગે, ૨૪/૦૪/૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૩૦ વાગ્યે કલેક્ટર કચેરી કોન્ફરન્સ હોલમાં ડેપ્યુટી કલેક્ટર અને સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ શ્રી શિવમ મિશ્રાની અધ્યક્ષતામાં ટેબલ-ટોપ મીટિંગ યોજાઈ હતી. ડેપ્યુટી કલેક્ટર અને સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટે સિવિલ ડિફેન્સ હવાઈ હુમલો/બ્લેકઆઉટ મોક ડ્રીલ વિશે વિગતવાર માહિતી આપી હતી અને તમામ હિસ્સેદારોની જવાબદારીઓ અને ભૂમિકાઓ સ્પષ્ટ કરી હતી.

આ મોક ડ્રીલના ભાગ રૂપે, ઘોઘલા જેટીને સ્ટેજીંગ એરિયા, દીવ મ્યુનિસિપલ ઓફિસને હવાઈ હુમલો સ્થળ, પદ્મભૂષણ સ્પોર્ટસ કોમ્પ્લેક્સને રાહત સ્થળ અને દીવ હોસ્પિટલને ગંભીર રીતે ઘાયલો માટે નિયુક્ત કરવામાં આવી હતી.

દીવના નાગરિકોને અગાઉથી જાણ કરવામાં આવી હતી કે, તેઓ ગભરાશો નહીં, કારણ કે આ ફક્ત એક આયોજિત કવાયત હતી. સિવિલ ડિફેન્સ એર રેઈડ/ બ્લેકઆઉટ મોક ડ્રીલ શરૂ થવાનો સંકેત આપવા માટે સાંજે ૬:૦૦ વાગ્યે બે મિનિટ માટે ચેતવણી સાયરન વગાડવામાં આવ્યું હતું. મોક ડ્રીલ પછી, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ અને પોલીસ ટીમો તાત્કાલિક રાહત અને બચાવ કામગીરી પૂરી પાડવા માટે ઘટના સ્થળે પહોંચી હતી. આ મોક એર રેઈડમાં કુલ છ લોકો ઘાયલ થયા હતા, જેમાંથી બે ગંભીર રીતે ઘાયલ થયા હોવાનું જાણવા મળ્યું હતું.

ફાયર બ્રિગેડના કર્મચારીઓએ તમામ ઘાયલોને બહાર કાઢ્યા હતા અને તેમને એમ્બ્યુલન્સ દ્વારા દીવ સરકારી હોસ્પિટલમાં લઈ ગયા હતા, અને અન્ય જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. ગંભીર રીતે ઘાયલોને પ્રાથમિક સારવાર પછી સઘન સંભાળ એકમમાં રાખવામાં આવ્યા હતા.મોક ડ્રીલ પૂર્ણ થયા પછી, કવાયતના અંતનો સંકેત આપવા માટે એક લાંબો સાયરન વગાડવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, આ સિવિલ ડિફેન્સ એર રેઈડ/બ્લેકઆઉટ મોક ડ્રીલનો મુખ્ય ઉદ્દેશ્ય કટોકટીની પરિસ્થિતિઓમાં, ખાસ કરીને કોઈપણ શંકાસ્પદ હવાઈ હુમલાની સ્થિતિમાં, આપત્તિ વ્યવસ્થાપનમાં તૈયારી, તૈયારી અને પ્રતિભાવને મજબૂત બનાવવાનો છે, તેમજ જિલ્લાની વિવિધ એજન્સીઓ વચ્ચે સંકલન અને કામગીરીને મજબૂત બનાવવાનો છે.ડેપ્યુટી કલેક્ટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ શ્રી શિવમ મિશ્રાના નેતૃત્વ હેઠળ આયોજિત સિવિલ ડિફેન્સ એર રેઈડ/બ્લેકઆઉટ મોક એક્સરસાઈઝ સંપૂર્ણ સફળ રહી.

---

# ઈન્ડિયન ઓઈલ દેશભરમાં પેટ્રોલિયમ ઉત્પાદનોની અવિરત ઉપલબ્ધતાની ખાતરી આપે છે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સુરત, તા.૨૪**

ઈન્ડિયન ઓઈલ તમામ નાગરિકોને ખાતરી આપે છે કે દેશભરમાં અમારી બધી સપ્લાય ચેનલોમાં પેટ્રોલ (MS) અને ડીઝલ (HSD)ની ઉપલબ્ધતા સામાન્ય અને અવિરતપણે ચાલુ રહી છે.

તા. ૧ થી ૨૧ એપ્રિલ, ૨૦૨૬ દરમિયાન રિટેલ આઉટલેટ્સ દ્વારા પેટ્રોલ (MS) અને ડીઝલ (HSD)ના વેચાણમાં ૧૩%થી વધુની વૃદ્ધિ નોંધાઈ છે. આ વધેલી માંગને મજબૂત લોજિસ્ટિક્સ અને સપ્લાય ચેઈન ક્ષમતાઓ દ્વારા સમર્થિત ૪૨,૦૦૦ થી વધુ ઈંધણ સ્ટેશનોના ઈન્ડિયન ઓઈલના વ્યાપક વિતરણ નેટવર્ક દ્વારા કાર્યક્ષમ રીતે પૂર્ણ કરવામાં આવી છે, જેનાથી ઈન્ડિયન ઓઈલ કોઈપણ વિક્ષેપ વિના દેશની ઊર્જા જરૂરિયાતને સતત પૂર્ણ કરીએ છીએ.

ગ્રાહકોને વિનંતી છે કે, તેઓ ફક્ત સત્તાવાર સંદેશાવ્યવહાર પર જ આધાર રાખે.ઈન્ડિયન ઓઈલ પારદર્શક અને વિશ્વસનીય કામગીરી માટે પ્રતિબદ્ધ છે, જેનાથી રાષ્ટ્રને અવિરત ઊર્જાની પહોંચ મળે છે.

---

### દોડશે ૧૮૨૬૨ સ્પેશિયલ ટ્રેનો!

# સમર વેકેશનમાં રેલવે મુસાફરો માટે ખુશખબર

### રજાઓ દરમિયાન કન્ફર્મ ટિકિટ મળવી હવે સરળ બનશે




**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**નવી દિલ્હી, તા.૨૪**

ભારતીય રેલવે વિશ્વનું ચોથું સૌથી મોટું રેલનું નેટવર્ક છે. જે આશરે ૬૮૦૦૦ કિમીથી પણ વધુ રૂટ અને ૭૩૦૦થી પણ વધુ સ્ટેશનો સાથે સમગ્ર ભારતમાં ફેલાયેલું છે. દરરોજ આશરે ૧૩૦૦૦ થી વધુ પેસેન્જર ટ્રેનો અને ૭૦૦૦થી વધુ માલગાડીઓ દોડે છે. આ વિશાળ નેટવર્કમાં આશરે ૨.૩ કરોડથી પણ વધુ મુસાફરો મુસાફરી કરે છે. ગુરુવારે સમર સ્પેશિયલ ટ્રેનોની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. વધારે માંગ ધરાવતા રૂટ્સ પર શરૂ કરાયેલી વધારાની ટ્રેનસેવાઓની પ્રગતિનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. જેથી મુસાફરી વધુ સુવિધાજનક બને અને ભીડ ઓછી થાય. ઉત્તર પશ્ચિમ રેલ્વેએ મુસાફરોની ભીડ ઓછી કરવા માટે ૧૦૪ ટ્રેનોમાં ૧૩૨ વધારાના કોચ ઉમેર્યા છે. જેનાથી ટિકિટ કન્ફર્મ થવાની શક્યતાઓ વધુ વધી છે.

રેલવે મંત્રાલયના જણાવ્યા અનુસાર, ભારતીય રેલવે ૧૫ એપ્રિલથી લઈ ૧૫ જુલાઈ ૨૦૨૬ સુધી ૧૮૨૬૨ સમર સ્પેશિયલ ટ્રેન ટ્રિપ્સ ચલાવવાની યોજના ધરાવી છે. આમાંથી, ૧૧૮૭૮ ટ્રીપ્સની જાહેરાત થઈ ચૂકી છે. જ્યારે બાકીની સેવાઓ તબક્કાવાર જાહેર કરવામાં આવશે. આ આયોજનનો હેતુ મુસાફરોની અવરજવર અને મુસાફરોની કનેક્ટિવિટી સુવ્યવસ્થિત કરવાનો છે. નવી દિલ્હી રેલવે સ્ટેશન, મુંબઈના લોકમાન્ય ટિળક ટર્મિનસ (LTT) અને છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (CSMT), પુણે, સુરત (ઉધના સહિત), અમદાવાદ અને બેંગલુરુ જેવા મુખ્ય રેલવે સ્ટેશનો પર ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. અધિકારીઓ દ્વારા ભીડ પર નિયંત્રણ રાખવા માટે પગલાં લેવામાં આવી રહ્યા છે. અધિકારીઓ મુસાફરોને મુશ્કેલીમુક્ત મુસાફરીનો અનુભવ સુનિશ્ચિત કરવા માટે ગ્રાઉન્ડ-લેવલ સહાયને મજબૂત બનાવી રહ્યા છે.

પશ્ચિમ રેલવેએ સુરતના ઉધના સ્ટેશન પર રીઅલ-ટાઈમ ક્રાઉડ મેનેજમેન્ટ સિસ્ટમ લાગુ કરી છે. રેલવે સુરક્ષા દળના જવાનો ઉધના-થાવે તાપ્તી ગંગા એક્સપ્રેસમાં મુસાફરોને વ્યવસ્થિત રીતે ચઢવામાં મદદ કરી રહ્યા છે. ભારે ભીડ હોવા છતાં સલામતી અને કાર્યક્ષમ બેઠક વ્યવસ્થા સુનિશ્ચિત કરી રહ્યા છે. રેલવેએ ઉનાળાની ઋતુમાં તેમના વતન જતા મુસાફરોને પણ પ્રાથમિકતા આપી છે.

મુખ્ય સ્પેશિયલ ટ્રેનો

૦૯૦૮૮/૦૯૦૮૭
અમદાવાદ–મુંબઈ સેન્ટ્રલ AC સુપરફાસ્ટ સ્પેશિયલ

૦૯૪૪૭/૦૯૪૪૮
અમદાવાદ – પટણા હમસફર સ્પેશિયલ

૦૯૪૦૯/૦૯૪૧૦
અમદાવાદ – એકતા નગર (કેવડિયા) હેરિટેજ સ્પેશિયલ

૦૯૪૧૯/૦૯૪૨૦
અમદાવાદ – તિરુચિરાપલ્લી સ્પેશિયલ

૦૧૯૨૦/૦૧૯૧૯
અસરવા–આગ્રા કેન્ટ સ્પેશિયલ

૦૯૪૭૯/૦૯૪૮૦
સાબરમતી (વટવા) – હાવડા સમર સ્પેશિયલ

૦૧૯૦૬/૦૧૯૦૫
અસરવા – કાનપુર સેન્ટ્રલ સુપરફાસ્ટ સ્પેશિયલ

---

### ૨થી ૩ ડિગ્રી વધશે તાપમાન

# રાજ્યમાં સાત દિવસ ભીષણ ગરમીનું યલો એલર્ટ જારી

### અમદાવાદ, રાજકોટ, વડોદરામાં ગરમીનું એલર્ટ અપાયું

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**અમદાવાદ, તા.૨૪**






રાજ્યમાં આગઝરતી ગરમી પડી રહી છે. રાજ્યના મોટાભાગના શહેરમાં તાપમાનો પારો ૪૦ને પાર પહોંચ્યો છે. આ દરમિયાન હવામાન વિભાગે ગરમી વધવાની ચેતવણી આપી છે.હવામાન વિભાગના અનુમાન મુજબ આગામી ૩ દિવસમાં હજુ ૨થી ૩ તાપમાન વધશે. આગામી ૩ દિવસ ગરમીનો પારો ૪૧થી ૪૩ ડિગ્રી રહેવાનું અનુમાન છે. અમદાવાદ, રાજકોટ, વડોદરામાં ભીષણ ગરમીનું એલર્ટ અપાયું છે. મોટાભાગના શહેરોમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર પહોંચ્યો છે, હવામાન વિભાગે રાજ્યમાં સાત દિવસ ભીષણ ગરમીનું યલો એલર્ટ આપ્યું છે. ગરમીનો પારો ૪૩ ડિગ્રીને પાર પહોંચી શકે છે, અમદાવાદમાં ૨ દિવસમાં તાપમાન ૪૪ ડિગ્રી પર પહોંચે તેવી શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરીછે. મતદાનના દિવસે અમદાવાદનું મહત્તમ તાપમાન ૪૨થી ૪૩ ડિગ્રી રહેવાની શક્યતા છે. આકરા તાપના કારણે બપોરના સમયે શહેરના રસ્તાઓ સૂમસામ જોવા મળી રહ્યાં છે ગરમીના કારણે વોટર પાર્ક અને સ્નોપાર્ક હાઉસફૂલ રહે છે.

હવામાન વિભાગે ૨૯ એપ્રિલથી રાજ્યના મોટાભાગના વિસ્તારમાં તાપમાન ૪૨થી ૪૩ ડિગ્રી પહોંચવાનો અનુમાન વ્યક્ત કર્યો છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી દિવસોમાં પૂર્વ ગુજરાત, સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાતમાં કાળઝાળ ગરમી પડે તેવું અનુમાન છે. હવામાન વિભાગે વડોદરા, ગાંધીનગર, અમદાવાદ, રાજકોટ અમરેલી ભાવનગરમાં ગરમીનું એલર્ટ આ વિસ્તારોમાં તાપમાનનો પારો આગામી દિવસોમાં ૨૪ને પાર પહોંચે તેવી શક્યતા છે.

અમદાવાદમાં ૨ દિવસમાં તાપમાન ૪૪ ડિગ્રીએ પહોંચી શકે છે, ગુરુવારે ૪૨.૭ ડિગ્રી સાથે અમદાવાદ હોટેસ્ટ સિટી બન્યું. ૨૯ એપ્રિલ બાદ તાપમાન એકથી બે ડીગ્રી વધતાં હિટવેવની સ્થિતિ સર્જાવવાની શક્યતા જોવાઈ રહીછે. હવામાન વિભાગે આગામી દિવસોમાં વરસાદની શક્યતાને નકારી છે પરંતુ તાપમાન વધે તેવી શક્યતા વ્યક્ત કરીછે. ગરમીની તીવ્રતાને લઈને હવામાન વિભાગે ગરમીનું યલો એલર્ટ જાહેર કર્યું છે. હાલની સ્થિતિની વાત કરીએ તો હાલ અરબી સમુદ્રમાં એન્ટી સાયક્લોનિક સર્ક્યુલેશન બન્યુ છે. જેના કારણે દરિયા પરથી પવન વહી રહ્યાં છે. જેના કારણે દરિયાકાંઠાના વિસ્તારમાં તાપમાનનો ઓછું નોંધાયું છે. ઉલ્લેખનિય છે કે, એન્ટી સાયક્લોનિક સિસ્ટમના કારણે ગુજરાતના ઉત્તર વિસ્તારમાં અને કચ્છમાં વાદળો છવાતા અને વિખેરતા જોવા મળશે પરંતુ વાદળછાયું વાતાવરણ લાંબો સમય ન રહેતા આકરા તાપનો અનુભવ થશે.

**ક્યાં કેટલું નોંધાયું તાપમાન :**

અમદાવાદ-૪૨ ડિગ્રી,
નડિયાદ -૪૨ ડિગ્રી,
સુરેંદ્રનગર- ૪૧ ડિગ્રી,
મોરબી- ૪૦ ડિગ્રી,રાજકોટ- ૪૦ ડિગ્રી,મહેસાણા- ૪૧ ડિગ્રી,ભાવનગર- ૪૦ ડિગ્રી,દાહોદ- ૪૦ ડિગ્રી,પાલનપુર- ૪૦ ડિગ્રી,ગાંધીધામ- ૩૯ ડિગ્રી,ભરૂચ- ૪૨ ડિગ્રીરાજપીપળા- ૪૧, વાપી - ૩૯, અને વડોદરા - ૪૦ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

---

### રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ અંતર્ગત

# દીવ જિલ્લાની ગ્રામ પંચાયતો ખાતે વિશેષ ગ્રામ સભા આયોજિત કરવામાં આવી




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૨૪**

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવ ખાતે આજે દીવ જિલ્લાની દરેક ગ્રામ પંચાયતોમાં આજે રાષ્ટ્રીય પંચાયતી રાજ અંતર્ગત ગ્રામ સભા આયોજિત કરવામાં આવી હતી.

ગ્રામ સભા દરમિયાન આત્મનિર્ભર પંચાયત અને વિકસિત ભારત પર ગ્રામ જનો સાથે ચર્ચા કરવામાં આવી હતી. દરેક ગ્રામસભા ગ્રામ પંચાયતના સરપંચની અધ્યક્ષતામાં યોજાઈ હતી. જેમાં ગ્રામ પંચાયતના વિકાસમાં લોકાની ભાગીદારી અને સહયોગ અંગે જણાવવામાં આવ્યું હતું.

ગ્રામ પંચાયતમાં લોકો પણ સ્વચ્છતા, ગ્રામ પંચાયતને સહયોગ વગેરે આપે તો વિકસિત ભારતનું સપનું સાકાર કરી શકાય, આ ગ્રામ સભા દરમિયાન ગ્રામ જનોએ પણ પ્રશ્નો રજૂ કર્યા હતા. જે પ્રશ્નોનું જલ્દીથી નિવારણ લાવવા પણ આશ્વાસન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સરપંચ, ઉપસરપંચ, ગ્રામ પંચાયતના સભ્યો, ગ્રામ પંચાયત સેક્રેટરી, તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## તા.૨૬ એપ્રિલ ૨૦૨૬ના રોજ વલસાડ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો મહાસંગ્રામ

# ૧ મનપા, ૧ પાલિકા, ૬ તાલુકા પંચાયત અને ૧ જિલ્લા પંચાયત બેઠક પર થશે મતદાન

■ જિલ્લાની છ તાલુકા પંચાયત પર કુલ ૧૫૦ બેઠકમાંથી ૧૨ બિનહરીફ થતા ૧૩૮ બેઠક પર મતદાન થશે, ૩૬૩ હરીફ ઉમેદવારો માટે કુલ ૮૧૧૬૭૭ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે ■ જિલ્લા પંચાયતની કુલ ૩૬ બેઠકમાંથી ૪ બેઠક બિનહરીફ થતા બાકી રહેલી ૩૨ બેઠક પર મતદાન થશે, ૯૨ ઉમેદવારો માટે ૮૧૮૧૩૦ મતદારો મતદાન કરશે ■ વાપી મનપામાં કુલ ૫૨ બેઠકમાંથી ૧ બેઠક બિનહરીફ થતા બાકી રહેલી ૫૧ બેઠક પર મતદાન થશે, ૧૨૦ હરીફ ઉમેદવારો માટે કુલ ૧૧૩૦૯૫ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે ■ ઉમરગામ પાલિકામાં કુલ ૨૮ બેઠકમાંથી ૮ બિનહરીફ થતા ૨૦ બેઠક પર મતદાન થશે, ૪૪ હરીફ ઉમેદવારો માટે ૧૬૮૪૮ મતદારો મતદાન કરશે ■ તા.૨૬ એપ્રિલ રવિવારે મતદાન થશે અને તા.૨૮ એપ્રિલ મંગળવારે મતગણતરી થતા પરિણામ જાહેર થશે

**વિશેષ અહેવાલ**



**જિજ્ઞેશ સોલંકી, વલસાડ**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૪**

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી આગામી તા.૨૬ એપ્રિલને રવિવારના રોજ યોજાનાર છે ત્યારે વલસાડ જિલ્લામાં વાપી મહાનગરપાલિકા, ઉમરગામ નગરપાલિકા અને ૬ તાલુકા પંચાયત અને ૧ જિલ્લા પંચાયતની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી - વ - જિલ્લા કલેક્ટર ભવ્ય વર્માના માર્ગદર્શન હેઠળ તમામ તૈયારીઓ આટોપી લેવામાં આવી છે. રવિવારે મતદારો સરળતાથી મતદાન કરી શકે તે માટે તમામ સુચારૂ વ્યવસ્થા કરી દેવામાં આવી છે.

વલસાડ જિલ્લાની છ તાલુકા પંચાયત ધરમપુર, પારડી, વલસાડ, નાનાપોંઢા, કપરાડા અને ઉમરગામની કુલ ૧૫૦ બેઠકમાંથી ૧૨ બેઠક બિનહરીફ થઈ છે. હવે ૧૩૮ બેઠક પર મતદાન થશે. તમામ તાલુકા પંચાયતો પર પક્ષના સિમ્બોલ પર અને અપક્ષ મળી કુલ ૩૬૩ હરીફ ઉમેદવારો વચ્ચે જંગ ખેલાશે. તમામ તાલુકા પંચાયતની સીટો પર નિર્વિઘ્ન મતદાન થાય તે માટે ૧૨ આર.ઓ. ૧૨ એ.આર.ઓ., ૬૨૧૭ પોલીંગ સ્ટાફ અને ૩૪૬૦ પોલીસ સ્ટાફ ફાળવવામાં આવ્યો છે. આ છ બેઠકો પર ૪૧૦૨૪૯ પુરૂષ મતદારો અને ૪૦૧૪૧૭ સ્ત્રી મતદારો અને ૧૧ અન્ય મતદારો મળી કુલ ૮૧૧૬૭૭ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. જે માટે ૧૬૨૭ ઈ.વી.એમ. ફાળવાયા છે.

જિલ્લા પંચાયતની ૩૬ બેઠકો પૈકી ૪ બેઠક બિનહરીફ થતા હવે ૩૨ બેઠક પર મતદાન થશે. આ બેઠકો પર કુલ ૯૨ હરીફ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાશે. મતદાન શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ૮ આર.ઓ., ૧૧ એ.આર.ઓ., ૬૨૧૭ પોલીંગ સ્ટાફ અને ૩૪૬૦ પોલીસ સ્ટાફ ફાળવાયો છે. જિલ્લા પંચાયતની કુલ ૩૬ પૈકી ૪ બિનહરીફ થયા બાદ બાકી રહેલી ૩૨ બેઠકો પર યોજાનારી ચૂંટણીમાં ૪૧૩૪૮૮ પુરૂષ, ૪૦૪૬૩૧ સ્ત્રી મતદારો અને ૧૧ અન્ય મતદાર મળી કુલ ૮૧૮૧૩૦ મતદારો પોતાના પવિત્ર મતનો ઉપયોગ કરી લોકશાહીને જીવંત રાખશે.

વાપી મહાનગર પાલિકામાં કુલ ૧૩ વોર્ડ પર ૫૨ (બાવન) બેઠક પર ચૂંટણી જંગ ખેલાનાર છે પરંતુ એક બેઠક બિનહરીફ થતા હવે ૫૧ બેઠક પર ચૂંટણીનો મહાસંગ્રામ ખેલાશે. જેમાં કુલ ૧૨૦ હરીફ ઉમેદવારો વચ્ચે ચૂંટણીનો જંગ ખેલાશે. ચૂંટણીમાં મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ૩ આર.ઓ., ૩ એ.આર.ઓ. ૬૮૦ પોલીંગ સ્ટાફ અને ૧૯૩ પોલીસ સ્ટાફની ફાળવણી કરવામાં આવી છે. રવિવારે ૬૦૪૯૨ પુરૂષ, ૫૨૬૦૦ સ્ત્રી અને ૩ અન્ય મતદાર મળી કુલ ૧૧૩૦૯૫ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.

ઉમરગામ નગરપાલિકામાં કુલ ૭ વોર્ડમાં ૨૮ બેઠક પર ચૂંટણીની જાહેરાત થઈ હતી પરંતુ ૨૮ પૈકી ૮ બેઠક બિનહરીફ થતા હવે તા.૨૬ એપ્રિલ રવિવારના રોજ ૨૦ બેઠક માટે મતદાન થશે. ૨૦ બેઠક પર કુલ ૪૪ હરીફ ઉમેદવાર વચ્ચે મતદાન થશે. ચૂંટણી પ્રક્રિયા સુચારૂ રીતે સંપન્ન થાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ૧ આર.ઓ., ૧ એ.આર.ઓ. ૮૨ પોલીંગ સ્ટાફ અને ૨૫ પોલીસ સ્ટાફની ફાળવણી કરી છે. જેના ૨૦ બેઠક પર ૮૮૩૨ પુરૂષ અને ૮૦૧૬ સ્ત્રી મતદારો મળી કુલ ૧૬૮૪૮ મતદારો મતદાન કરશે.

## ચૂંટણી કામગીરી માટે જિલ્લામાં કુલ ૧૮૫ રૂટ પર ૫૦૩ વાહનો દોડશે

વલસાડ જિલ્લામાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં વલસાડ જિલ્લામાં કુલ ૧૮૫ રૂટ પર ૫૦૩ વાહનો દોડશે, જેમાં ૨૨૮ બસ અને ૨૭૫ જીપ/ઈકોનો સમાવેશ થાય છે. જેની વિગત જોઈએ તો, વલસાડ તાલુકા પંચાયતમાં કુલ ૨૯ રૂટ પર ૪૨ બસ અને ૩૭ જીપ/ઈકો મળી ૭૯ વાહનો દોડશે. પારડી તાલુકામાં ૨૫ રૂટ પર ૨૫ બસ અને ૨૭ જીપ/ઈકો મળી ૫૨ વાહનો, ધરમપુરમાં ૨૪ રૂટ પર ૨૭ બસ અને ૩૭ જીપ/ઈકો મળી ૬૪ વાહનો, કપરાડામાં ૨૨ રૂટ પર ૧૦ બસ અને ૧૦૨ જીપ/ઈકો મળી ૧૧૨ વાહનો, નાનાપોંઢામાં ૨૦ રૂટ પર ૩૦ બસ અને ૩૦ જીપ/ઈકો મળી કુલ ૬૦ વાહનો અને ઉમરગામ તાલુકામાં ૩૩ રૂટ પર ૪૦ બસ અને ૨૫ જીપ/ઈકો મળી કુલ ૬૫ વાહનો ફાળવવામાં આવ્યા છે. જ્યારે વાપી મનપાની ચૂંટણીમાં ૩૦ રૂટ પર ૫૨ બસ અને ૧૪ જીપ/ઈકો મળી કુલ ૬૬ વાહનો અને ઉમરગામ પાલિકાની ચૂંટણીમાં ૦૨ રૂટ પર ૦૨ બસ અને ૦૩ જીપ/ઈકો મળી કુલ ૦૫ વાહનો ફાળવવામાં આવ્યા છે.

## જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૪૯.૨૫ ટકા મહિલા મતદારોનું પ્રભુત્વ

વલસાડ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મહિલા મતદારોનું પ્રભુત્વ જોવા મળી રહ્યુ છે. જિલ્લા પંચાયતની ચૂંટણીમાં કુલ ૮૧૮૧૩૦ મતદારોમાંથી મહિલા મતદારો ૪૦૪૬૩૧ છે. જે મુજબ ૪૯.૪૫ ટકા મહિલા મતદારો આ ચૂંટણીમાં મહત્વની ભૂમિકા ભજવશે. છ તાલુકા પંતાયતની ચૂંટણીમાં કુલ ૮૧૧૬૭૭ મતદારોમાંથી મહિલા મતદારો ૪૦૧૪૧૭ છે જેની ટકાવારી જોઈએ તો, ૪૯.૪૫ ટકા થાય છે. વાપી મહાનગરપાલિકાની ચૂંટણીમાં કુલ ૧૧૩૦૯૫ મતદારોમાંથી ૫૨૬૦૦ મહિલા મતદારો હોવાથી મહિલા મતદારોની ટકાવારી ૪૬.૫૦ ટકા જોવા મળી રહી છે. જ્યારે ઉમરગામ પાલિકામાં કુલ ૧૬૮૪૮ મતદારોમાંથી ૮૦૧૬ મહિલા મતદારો હોવાથી મહિલા મતદારોની ટકાવારી ૪૭.૫૭ જોવા મળી છે. આમ, જિલ્લામાં કુલ ૧૭૫૯૭૫૦ મતદારોમાંથી મહિલા મતદારો ૮૬૬૬૬૪ છે. જેથી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૪૯.૨૩ ટકા અડધોઅડધ મદાર મહિલા મતદારો પર જોવા મળી રહ્યો છે.

## વલસાડ જિલ્લામાં કુલ ૧૧૫૭ મતદાન મથકોમાંથી ૫૪ અતિસંવેદનશીલ અને ૨૨૭ સંવેદનશીલ મથકો

વાપી મહાનગરપાલિકાની ચૂંટણી કુલ ૫૬ સ્થળો પર તૈયાર કરાયેલા કુલ ૧૨૩ મતદાન મથકો પર યોજાનાર છે. કુલ ૧૨૩માંથી ૩૯ સંવેદનશીલ મતદાન મથકો છે જ્યારે અતિસંવેદનશીલ મતદાન મથકો એક પણ નથી. ઉમરગામ નગરપાલિકાની ચૂંટણી કુલ ૯ સ્થળ પર ૧૬ મતદાન મથકો પર યોજાનાર છે. જેમાંથી ૬ સંવેદનશીલ મતદાન મથક છે. ધરમપુર તાલુકા પંચાયતની ચૂંટણી કુલ ૧૩૬ સ્થળ પર ૧૮૧ મતદાન મથકો પર યોજાનાર છે. જેમાંથી ૨૭ સંવેદનશીલ અને ૧૨ અતિસંવેદનશીલ મતદાન મથકો છે. કપરાડા તાલુકા પંચાયતની ચૂંટણી ૧૨૫ સ્થળ પર ૧૫૦ મતદાન મથકોમાં યોજાનાર છે. જેમાંથી ૧૮ સંવેદનશીલ અને ૮ અતિસંવેદનશીલ મતદાન મથકો છે. વલસાડ તાલુકા પંચાયતની ચૂંટણી ૧૩૧ સ્થળો પર ૨૧૧ કુલ મતદાન મથકો પર યોજાનાર છે. જેમાંથી ૪૪ સંવેદનશીલ અને ૨ અતિસંવેદનશીલ મતદાન મથકો છે. પારડી તાલુકા પંચાયતની ચૂંટણી ૭૩ સ્થળ પર ૧૪૧ મતદાન મથકો પર યોજાનાર છે. જેમાંથી ૩૯ સંવેદનશીલ મતદાન મથકો છે. અતિસંવેદનશીલ એક પણ નથી. ઉમરગામ તાલુકા પંચાયતની ચૂંટણી ૧૨૪ સ્થળો પર કુલ ૨૧૬ મતદાન મથકો પર યોજાનાર છે. જેમાંથી ૨૬ સંવેદનશીલ અને ૧૫ અતિસંવેદનશીલ મતદાન મથકો છે. નાનાપોંઢા તાલુકા પંચાયતની ચૂંટણી ૭૮ સ્થળ પર ૧૧૯ કુલ મતદાન મથકો પર યોજાનાર છે. જેમાંથી ૨૮ સંવેદનશીલ અને ૧૭ અતિસંવેદનશીલ મતદાન મથકો છે. આમ, વલસાડ જિલ્લામાં વાપી મનપા, ઉમરગામ પાલિકા, ૬ તાલુકા પંચાયત અને એક જિલ્લા પંચાયતની ચૂંટણી ૭૩૨ સ્થળ પર ૧૧૫૭ કુલ મતદાન મથકો પર યોજાનાર છે. જેમાંથી ૨૨૭ સંવેદનશીલ અને ૫૪ અતિસંવેદનશીલ મતદાન મથકો છે.

# દાનહના ખાનવેલમાં ખેલો ઈન્ડિયા રાજ્ય ઉત્કૃષ્ટતા કેન્દ્ર સિલેક્શન ટ્રાયલમાં ૪૮૦ ખેલાડીઓએ લીધેલો ભાગ









**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૨૪**

દાદરા નગર હવેલી અને દમણ-દીવના ખેલ અને યુવા વિભાગ દ્વારા ખેલો ઈન્ડિયા રાજ્ય ઉત્કૃષ્ટતા કેન્દ્ર સેલવાસમાં પ્રવેશ માટે ચૌડા ગ્રાઉન્ડ પર સિલેક્શન ટ્રાયલનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા અંદાજીત ૪૮૦ ખેલાડીઓએ ભાગ લઈ પોતાની ખેલ પ્રતિભાનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યુ હતું. આ આયોજન પ્રશાસકશ્રી પ્રફુલભાઈ પટેના માર્ગદર્શનમાં સંપન્ન થયું હતું. જેનો ઉદેશ્ય પ્રદેશની ઉભરતી ખેલ પ્રતિભાને ઓળખી તેને ઉચ્ચ સ્તરીય ટ્રેનિંગ આપવાનો છે.

સિલેક્શન પ્રક્રિયા અંતર્ગત ભાગ લેનારના દસ્તાવેજોની ચકાસણી, શારીરિક ફિટનેશ પરીક્ષણ અને ખેલ કૌશલ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. જેમા ખેલાડીઓએ ઉત્સાહ અને પ્રતિસ્પર્ધાત્મક ભાવના સાથે ભાગ લીધો,મોટી સંખ્યામાં ખેલાડીઓની ભાગીદારી એ વાતનું પ્રમાણ છે કે સંઘપ્રદેશમાં ખેલ પ્રત્યે રૂચી વધી રહી છે.

ગ્રામીણ વિસ્તાર ખાસ કરીને દૂધની, ખાનવેલ, માંદોની અને સીંદોનીથી ખેલાડીઓની ઉત્સાહજનક ભાગીદારી જોવા મળી હતી. આ વિસ્તાર આદિવાસી બાહુલ્ય ક્ષેત્ર હોવાને કારણે અહીના ખેલાડીઓમા પ્રાકૃતિક રૂપે સારૂ ફિટનેશ અને ખેલ ક્ષમતા જોવા મળે છે. વિભાગને આશા છે કે, આ પ્રતિભાશાળી ખેલાડીઓને ખેલો ઈન્ડિયા રાજ્ય ઉત્કૃષ્ટતા કેન્દ્રમાં ટ્રેનિંગ આપી નજીકના ભવિષ્યમાં તેઓ સંઘપ્રદેશ અને દેશનું નામ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ગૌરવ અપાવશે.

આ કેન્દ્ર ભારતીય ખેલ પ્રાધિકરણના સહયોગથી સંચાલિત કરવામા આવે છે, જ્યાં પસંદગી પામેલ ખેલાડીઓને આધુનિક ખેલ સુવિધાઓ વિશેષજ્ઞ કોચિંગ સ્પોર્ટ્સ ડાઈટ, આવાસ અને ખેલ કીટની વ્યવસ્થા આપવામા આવશે. જેનાથી તેઓ પોતાના ખેલ કૌશલને વધુ નિખારી શકશે.

# નવસારીના સયાજી વૈભવ પુસ્તકાલયમાં ‘વેકેશન વાચનોત્સવ’નો પ્રારંભ થયો





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવસારી, તા.૨૪**

નવસારીની સયાજી વૈભવ સાર્વજનિક પુસ્તકાલય અને નરેન્દ્રભાઈ પારેખ જ્ઞાનધામ દ્વારા દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ સમાજ સેવાની ઉમદા ભાવના સાથે ‘વેકેશન વાચનોત્સવ’નો ઉત્સાહભેર પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેલા નાટ્યવિદ અને સાહિત્યકાર પિયુષભાઈ ભટ્ટે વાંચન મહોત્સવને ખુલ્લો મૂકતા જણાવ્યું હતું કે, નિયમિત સદવાચનની ટેવ મનુષ્યના જીવનને સાચા અર્થમાં સાર્થક બનાવે છે. તેમણે આજના ટેક્નોલોજીના યુગમાં વાલીઓને ખાસ અપીલ કરી હતી કે બાળકો મોબાઈલનો મર્યાદિત અને સમુચિત ઉપયોગ કરે તે જરૂરી છે. બાળકોમાં વાંચન પ્રત્યે રુચિ જાગે તે માટે વાલીઓએ તેમને સારા પુસ્તકો ખરીદી આપવા જોઈએ અને વાંચવા માટે સતત પ્રોત્સાહિત કરવા જોઈએ.

કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ પ્રશાંતભાઈ પારેખે વાંચનના મહિમા વિશે ઊંડાણપૂર્વક સમજ આપતા કહ્યું હતું કે, પુસ્તકો દ્વારા મળતા વિચારોને મગજમાં ઉતારી તેને આચરણમાં મૂકવાથી જ વ્યક્તિત્વનું નિર્માણ થાય છે. વાંચનની ટેવથી બાળકોમાં આત્મવિશ્વાસ વધશે, વ્યવહાર કુશળતા આવશે અને ભાષાકીય ભૂલો પણ ઘટશે. આ પ્રસંગે સંસ્થાના મંત્રી માધવીબેન શાહે પુસ્તકાલયની વિશિષ્ટ શૈલી અને વેકેશન દરમિયાન યોજાનારા પ્રોજેક્ટ્સની વિગતવાર માહિતી પૂરી પાડી હતી. કાર્યક્રમનું એક મુખ્ય આકર્ષણ પ્રજ્ઞાચક્ષુ તેજસ્વી વિદ્યાર્થિની ગૌરી શાર્દુલનું સન્માન હતું, જેણે ધોરણ 10 CBSEમાં ૯૩ ટકા ગુણ મેળવી ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે. ગૌરીએ પોતાની સફળતામાં પુસ્તકાલયના સહયોગ બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

છેલ્લા ૧૮ વર્ષથી સતત ચાલતા આ વાંચન મહોત્સવમાં બાળકો માટે ૧૮,૦૦૦ જેટલા પુસ્તકોનો વિશાળ સંગ્રહ ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે. આ મહોત્સવ આગામી ૪૫ દિવસ સુધી ચાલશે, જેમાં વાંચન ઉપરાંત ૩૫ જેટલી વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મુક્તિબેન પટેલે કર્યું હતું, જ્યારે સ્વાતિબેન પરીખે આભારવિધિ કરી હતી. દીપકભાઈ પરીખે મહેમાનોનો પરિચય કરાવ્યો હતો અને પ્રશાંતભાઈ તેમજ માધવીબેને અતિથિઓનું સ્વાગત કર્યું હતું. આ ઉદઘાટન સમારોહમાં મોટી સંખ્યામાં બાળકો, વાલીઓ અને પુસ્તક પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વલસાડના મોગરાવાડી સુકીતલાવડી પ્રાથમિક શાળાના ૧૬૧ બાળકોને સેવા ટ્રસ્ટ તરફથી ચપલની ભેટ અપાઈ






**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૪**

વલસાડ...વલસાડ નજીક આવેલા મોગરવાડી સુકી તલાવડી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકો માટે સેવા ટ્રસ્ટ, વલસાડ દ્વારા ચંપલ વિતરણનો એક સરાહનીય કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓને જરૂરી સહાય પૂરી પાડવાનો હતો. આ કાર્યક્રમ દરમિયાન સેવા ટ્રસ્ટ દ્વારા બાલ વાટિકા થી ધોરણ ૮ સુધીમાં અભ્યાસ કરતા કુલ ૧૬૧ વિદ્યાર્થીઓને ચંપલ ભેટ આપવામાં આવી હતી. મોગરવાડી સુકીતલાવડી પ્રાથમિક શાળામાં મોટાભાગના બાળકો ગરીબ અને પછાત વર્ગના છે. આ બાળકોને સેવા ટ્રસ્ટ તરફથી ચપલની ભેટ મળતા તેઓમાં આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો હતો. સુકી તલાવડી પ્રાથમિક શાળાના આચાર્ય પંકજભાઈ પટેલે સેવા ટ્રસ્ટનો આભાર વ્યક્ત કરતા કહ્યુ કે, આવા સેવા કાર્યો સમાજમાં સકારાત્મક સંદેશ ફેલાવે છે અને અન્ય લોકોને પણ પ્રેરણા આપે છે. બાળકોને સહાય કરવાની સેવા ટ્રસ્ટની સેવા ભાવનાને તેમણે બિરદાવી હતી.

વિદ્યાર્થીઓએ પણ આ સહાય માટે દિલથી આભાર માન્યો અને ભવિષ્યમાં સારા નાગરિક બની સમાજસેવા કરવાની પ્રતિજ્ઞા લીધી. આ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો અને શાળાના તમામ સ્ટાફ તથા વિદ્યાર્થીઓએ તેમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# કપરાડાના કાકડકોપર ગામે નહેરમાંથી અજાણ્યા મૃતકની લાશ મળી આવી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૪**

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના કાકડકોપર ગામે ચિકાર ફળિયા ખાતેથી પસાર થતી દમણગંગા નહેરના પાણીમાં મૃત હાલતમાં તણાઈ આવેલી લાશ મળી આવી હતી. જે શરીરે ઉઘાડો હતો અને કમરના ભાગે માટી કલરની જાગીયા ચડ્ડી પહેરેલી હતી. લાશ પાણીમાં હોવાથી શરીર પરની અમુક ચામડી નીકળી ગઈ હતી. મરણ જનાર શરીરે મજબૂત બાંધો અને ઘઉંવર્ણ ધરાવે છે. શરીરે કોઈ દેખીતી ઈજાના નિશાન જણાયા ન હતા. જે કોઈને પણ આ અજાણ્યા મૃતકના વાલી વારસો વિશે ભાળ મળે તો નાનાપોંઢા પોલીસ મથકે ફોન નં.૦૨૬૩૩-૨૫૦૧૦૦ તથા મો.નં. ૬૩૫૯૬૨૯૫૨૭ પર જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયુ છે.

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક
વર્તમાન પ્રવાહ

## તંત્રી લેખ

# સરકારી દરેક સુવિધા મેળવવી તે નાગરિકનો મૂળભૂત અધિકાર છે, તેને મતદાન ઉપર અવલંબિત ન કરાય

**પાં**ચ રાજ્યની વિધાનસભાની ચૂંટણી વિવિધ તબક્કે ચાલી રહી છે, ગુજરાતમાં પણ બિનહરીફ બેઠકો થવાના સિલસિલા વચ્ચે ૨૬મી એપ્રિલે મતદાન યોજાઈ રહ્યું છે, તેવામાં મતાધિકાર સંદર્ભે સર્વોચ્ચ અદાલતે મહત્ત્વની સ્પષ્ટતા કરતાં કહ્યું છે કે, કોઈ મતદાન ન કરે તો તેને મજબૂર કરી શકાય નહીં. લોકશાહીમાં પ્રત્યેક મત કિંમતી છે. ચૂંટણી ગ્રામ પંચાયતની હોય કે સંસદની, નોંધાયેલા મતદારોએ મતદાન કરવું જ જોઈએ. ગુજરાતનો તો અનુભવ છે કે, છેલ્લા કેટલાક સમયથી ચૂંટણીપંચની જાગૃતિને લીધે મતદાનની ટકાવારી વધે છે. સોશિયલ મીડિયાને પણ તેનો શ્રેય આપી શકાય. મતદાન ફરજ છે, મતાધિકાર શબ્દ પણ છે તે નૈતિક જવાબદારી છે, પરંતુ તેને ફરજ બનાવી શકાય નહીં. ચીફ જસ્ટિસ સૂર્યકાન્તની અધ્યક્ષતાવાળી બેન્ચે સુનાવણી કરતાં આ મહત્ત્વની વાત કરી. વોટ ન આપવો તે શું ગુનો છે? તેવા સવાલના જવાબમાં આ વાત થઈ હતી. કોર્ટે કહ્યું કે, ભારત લોકશાહી દેશ છે, ૭૫ વર્ષથી લોકોના વિવેક ઉપર વિશ્વાસ મૂક્યો છે. કોઈ મત ન આપે તો તેને આપણે મજબૂર કરી શકતા નથી. શું આપણે તેની ધરપકડનો આદેશ આપશું? ના, કારણ કે, તો તે કાયદાની વિરુદ્ધ ગણાશે. મતદાન અંગે અરજી કરનાર અજય ગોયલના વકીલે એવી દલીલ કરી હતી કે, જે લોકો મતદાન નથી કરતા તેમને મળતી સરકારી સુવિધાનો લાભ બંધ કરી દેવો જોઈએ. ચીફ જસ્ટિસે હળવાશથી કહ્યું કે, અમારા વતી તમે જ આ કામ કરી લો. કોર્ટે કહ્યું કે, મત ન આપવા બદલ દંડનાત્મક જોગવાઈ લાગુ કરવી તે નીતિગત બાબત છે અને સરકાર તથા ધારાસભાના અધિકાર ક્ષેત્રમાં તે બાબત છે. અરજીને ગ્રાહ્ય ન રાખતાં કોર્ટે કહ્યું કે, મતદાનના દિવસે તે વ્યક્તિએ પોતાની રોજી-રોટી કમાવા જવાનું છે, તે છોડવું તેને પોસાય તેમ નથી તો તે મત દેવા ન જઈ શકે તે સ્થિતિમાં આપણે તેને શું જવાબ આપશું? ઘણા સમયથી આ ચર્ચા ચાલી રહી છે. એક વાત સાચી છે કે, આપણને સરકાર તરફથી સુવિધા જોઈએ છે. સરકાર કામ ન કરે તો તેની આલોચના પણ કરવી છે, પરંતુ તે સરકાર ચૂંટવાની પ્રક્રિયામાં સામેલ નથી થવું. પ્રત્યેક મતદારે મત આપવો જોઈએ તે સાચું છે, પરંતુ અહીં કોર્ટનું કહેવાનું એમ છે કે, મતાધિકારને ફરજિયાત બનાવવો જોઈએ નહીં, સરકારી દરેક સુવિધા મેળવવી તે નાગરિકનો મૂળભૂત અધિકાર છે. તેને મતદાન ઉપર અવલંબિત ન કરાય. જો કે, આવી બાબતમાં કોર્ટ કે સરકાર કરતાં પણ સ્વયંશિસ્ત, સ્વજાગૃતિ જ કામ કરે. આપણે ત્યાં જ્ઞાતિ-સમાજની એક અલાયદી સમાંતર વ્યવસ્થા છે. ધર્મ-સંપ્રદાયો છે. દરેક જ્ઞાતિ દીકરીએ મોબાઈલ ન રાખવો અને ક્યાં પરણવું તેવી બાબતો માટે સંમેલન યોજે છે. કથાઓ યોજાય છે. પાટોત્સવો થાય છે. ગુરુઓએ પણ પોતાના સમુદાયને કહેવું જોઈએ કે મતદાન આપણી ફરજ છે. સરકારી કે કાનૂની કરતાં સામાજિક સ્તરે આ કામ થાય તે વધારે અસરકારક નિવડે.

# કારેલાને અંગ્રેજીમાં શું કહેવાય છે?







**કા**રેલા એક લીલી, લાંબી શાકભાજી છે જેની છાલ ખરબચડી, ઉબડ-ખાબડવાળી છાલ અને કડવી હોય છે. તે ભારતીય અને એશિયન વાનગીઓમાં એક લોકપ્રિય ઘટક છે, જે ઘણીવાર કરી, સ્ટિર-ફ્રાઈસ અને સ્ટફ્ડ વાનગીઓમાં પણ બનાવવામાં આવે છે. તેના ઔષધીય મૂલ્ય માટે જાણીતા, કારેલાને ઘણી સંસ્કૃતિઓમાં સુપરફૂડ માનવામાં આવે છે. પરંતુ કારેલાને અંગ્રેજીમાં શું કહેવાય છે? ચાલો નીચે તપાસ કરીએ.

**કારેલાનું અંગ્રેજી નામ**

અંગ્રેજીમાં, કારેલાને બિટર ગાર્ડ અથવા કડવો તરબૂચ કહેવામાં આવે છે. આ નામ તેના કુદરતી રીતે કડવા સ્વાદ પરથી આવે છે, જે સ્વાસ્થ્ય માટે ફાયદાકારક સંયોજનોને કારણે છે. તે એક શાકભાજી છે જેને રાંધીને, રસમાં અથવા તો અથાણાંમાં ખાવામાં આવે છે અને તેના રાંધણ અને ઔષધીય ઉપયોગો માટે સમાન મૂલ્યવાન છે.

**કારેલાનું મૂળ**

કારેલા આફ્રિકામાં ઉદ્ભવ્યું હોવાનું માનવામાં આવે છે અને પછીથી એશિયામાં ફેલાયું હતું, જ્યાં તે ઉષ્ણકટિબંધીય અને ઉષ્ણકટિબંધીય પ્રદેશોમાં મુખ્ય શાકભાજી બન્યું. ઐતિહાસિક રેકોર્ડ દર્શાવે છે કે તે સેંકડો વર્ષોથી ભારતમાં ઉગાડવામાં આવે છે, અને તે તેના ઉપચાર ગુણધર્મો માટે આયુર્વેદિક પદ્ધતિઓ સાથે ઊંડો જોડાયેલ છે.

**કારેલાના સૌથી મોટા ઉત્પાદકો**

ભારત વિશ્વમાં કારેલાના સૌથી મોટા ઉત્પાદકો અને ગ્રાહકોમાંનો એક છે, જેની ખેતી ઉત્તર પ્રદેશ, બિહાર, ઓરિસ્સા અને મધ્યપ્રદેશ જેવા રાજ્યોમાં ફેલાયેલી છે. અન્ય મુખ્ય ઉત્પાદક દેશોમાં ચીન, થાઈલેન્ડ અને ફિલિપાઈન્સનો સમાવેશ થાય છે, જ્યાં તે પરંપરાગત આહારનો એક સામાન્ય ભાગ પણ છે.

**કારેલાના લોકપ્રિય ઉપયોગો**

કારેલાને ઘણી સ્વાદિષ્ટ રીતે રાંધવામાં આવે છે. તેનો ઉપયોગ ભારતીય રસોડામાં કરી, તળેલી વાનગીઓ અને સ્ટફ્ડ તૈયારીઓમાં થાય છે. તેનો રસ આરોગ્ય ટોનિક તરીકે પીવામાં આવે છે, ખાસ કરીને ડાયાબિટીસ નિયંત્રણ માટે, જ્યારે અથાણું કારેલા ભોજનમાં ખાટો, કડવો-મીઠો સ્વાદ ઉમેરે છે. પરંપરાગત દવામાં, કારેલાનો ઉપયોગ પાચનમાં મદદ કરવા, રોગપ્રતિકારક શક્તિ વધારવા અને ત્વચાના સ્વાસ્થ્યને સુધારવા માટે થાય છે.

**કારેલા વિશે રસપ્રદ તથ્યો**

પોષક તત્ત્વોથી ભરપૂર કારેલા વિટામિન સી, વિટામિન એ, પોટેશિયમ અને ડાયેટરી ફાઈબરથી ભરપૂર છે, જે તેને પોષક તત્ત્વોથી ભરપૂર શાકભાજી બનાવે છે. આ પોષક તત્ત્વો રોગપ્રતિકારક શક્તિ અને એકંદર સુખાકારીને સુધારવામાં મદદ કરે છે.

**ડાયાબિટીસ-મૈત્રીપૂર્ણ** તેમાં ચારેન્ટિન અને પોલીપેપ્ટાઈડ-પી જેવા સંયોજનો હોય છે જે કુદરતી રીતે રક્ત ખાંડના સ્તરને ઘટાડવામાં મદદ કરી શકે છે. આ જ કારણ છે કે ડાયાબિટીસના ખોરાકમાં કારેલાના રસની ભલામણ કરવામાં આવે છે.

કેલરી ઓછી કારેલામાં કેલરી ખૂબ ઓછી હોય છે, જે વજન ઘટાડવાનો પ્રયાસ કરતા લોકો માટે એક સંપૂર્ણ ખોરાક બનાવે છે. તેમાં ઉચ્ચ ફાઈબર સામગ્રી તમને લાંબા સમય સુધી પેટ ભરેલું રાખવામાં પણ મદદ કરે છે.

**બે મુખ્ય જાતો** બે લોકપ્રિય જાતો છે - ભારતીય પ્રકાર, જે તીક્ષ્ણ છેડા અને ખરબચડી સપાટી સાથે સાંકડી હોય છે, અને ચાઈનીઝ પ્રકાર, જે લાંબી, મુલાયમ અને ઓછી કડવી હોય છે. દરેકનો ઉપયોગ વિવિધ પ્રાદેશિક વાનગીઓમાં થાય છે.

**પ્રાચીન ઉપયોગ** કારેલાનો ઉલ્લેખ પ્રાચીન આયુર્વેદિક ગ્રંથોમાં તેના ઔષધીય મૂલ્ય માટે કરવામાં આવ્યો છે. પરંપરાગત ઉપચારકો સદીઓથી પાચન સમસ્યાઓથી લઈને ત્વચાની સમસ્યાઓ સુધી વિવિધ રોગોની સારવાર માટે તેનો ઉપયોગ કરે છે.

# પશ્ચિમ એશિયાનો તણાવ દેશના અર્થતંત્ર માટે પડકારજનક બની શકે: રિઝર્વ બેન્ક

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા. ૨૪:** પશ્ચિમ એશાયામાં સર્જાયેલો તણાવ દેશના અર્થતંત્ર માટે પડકારજનક બની રહ્યો હોવાનું સ્વીકારતા રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ જણાવ્યું હતું કે, તેનાથી દેશની સપ્લાય ચેઈનમાં અડચણો આવી શકે છે. ઊંચા ઈંધણ ખર્ચ, વધતા ઉત્પાદન ખર્ચ, વેપારમાં ખલેલ અને ફાઈનાન્સિયલ માર્કેટમાં અફરા-તફરીનો માહોલ ઘરેલુ અર્થતંત્રને પડકારજનક સ્થિતિમાં લાવી શકે છે.

**પશ્ચિમ એશિયામાં તણાવ લાંબો સમય ખેંચાય અને સપ્લાય ચેઈન વહેલી તકે પુનઃસ્થાપિત ન થાય તો અર્થતંત્રમાં દરેક સ્તરે વિપરિત અસરની શક્યતા છે**

ગુરુવારે પ્રસિદ્ધ થયેલા આરબીઆઈ બુલેટિનમાં જણાવાયુ હતું કે, પશ્ચિમ એશિયામાં ઘેરુ બની રહેલું સંકટ વૈશ્વિક સપ્લાય ચેઈનાં અંતરાયો લાવે છે. માર્ચ મહિનામાં અને એપ્રિલના શરૂઆતના દિવસોમાં આંશિક રાહતો રહી હતી. ઘરેલુ અર્થતંત્રના કેટલાક ક્ષેત્રોમાં મજબૂતી જળવાયેલી જોવા મળી હતી, જ્યારે કેટલાક ક્ષેત્રો ધીમા પડ્યા હતા.

તણાવની તીવ્રતા અને સમયગાળામાં વધ-ઘટ અનુસાર અસરમાં ફેરફાર આવી શકે છે. આ સાથે ફૂગાવાનું જોખમ, ગ્રોથ આઈટલૂક જેવા પરિબળો સાથે એનર્જી-ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિતના ક્ષેત્રોમાં થતા નુકસાન પણ અર્થતંત્રમાં મહત્ત્વના સાબિત થશે. પશ્ચિમ એશિયામાં તણાવ લાંબો સમય ખેંચાય અને સપ્લાય ચેઈન વહેલી તકે પુનઃસ્થાપિત ન થાય તો અર્થતંત્રમાં દરેક સ્તરે વિપરિત અસરની શક્યતા છે. જેમાં ઈંધણ ખર્ચ, ઉત્પાદન ખર્ચ પર દબાણ, ટ્રેડ ફ્લોમાં વિક્ષેપ અને માર્કેટ સ્પિલ ઓવર્સ જેવા સંજોગો ઊભા થઈ શકે છે. ફુગાવાનું સ્તર હાલ ચિંતાજનક નથી, પરંતુ જોખમમાં વધારો થાય તો સ્થિતિ બદલાઈ શકે છે. ઋતુઓમાં ઓચિંતા પલટા પણ અન્ય કારણ બની શકે છે. સપ્લાયમાં આવી રહેલા આંચકાઓ માગને પ્રભાવિત ન કરે તે બાબતની કાળજી રાખવા પરિસ્થિતિનું સતત નિરીક્ષણ કરવું જરૂરી છે.

યુએસ-ઈરાન વચ્ચે બે અઠવાડિયાના યુદ્ધ વિરામથી વૈશ્વિક અર્થતંત્રને થોડી ઘણી રાહત મળી છે. ભારતીય અર્થતંત્રને વૈશ્વિક બજારમાં મજબૂતીથી મજબૂત સપોર્ટ મળી શકે છે. વૈશ્વિક અર્થતંત્રમાં નરમાઈ ન આવે તો ભારતીય અર્થતંત્રને ખાસ તકલીફ પડે તેમ નથી. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના બુલેટિનમાં રજૂ થયેલા વિચારો લેખકના પોતાના હોવાની સ્પષ્ટતા પણ આ સાથે કરાઈ હતી.

## સુપ્રીમ કોર્ટે કહ્યું - મતદાન તો નહીં કરી શકો

# ૬૫ ચૂંટણી અધિકારીઓના જ SIR યાદીમાં નામ નહીં

**તમારી આ દલીલો અપીલીય ટ્રિબ્યુનલ સમક્ષ રજૂ કરો, ટ્રિબ્યુનલને આ મામલાની તપાસ કરવા દો : સુપ્રીમ કોર્ટ**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા. ૨૪**

સુપ્રીમ કોર્ટે શુક્રવારે પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) દરમિયાન જે લોકોના નામ યાદીમાંથી હટાવી દેવામાં આવ્યા હતા, તેમની અરજી પર સુનાવણી કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે. નોંધનીય છે કે, જે લોકોના નામ મતદાર યાદીમાંથી હટાવી દેવામાં આવ્યા છે, તેમાં ચૂંટણી ડ્યુટી પર તેહનાત લગભગ ૬૫ અધિકારીઓ પણ સામેલ છે. આ મામલાની સુનાવણી ભારતના ચીફ જસ્ટિસ (CJI) સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વિપુલ પંચોલીની ખંડપીઠે કરી હતી.

અરજદારો તરફથી હાજર રહેલા વરિષ્ઠ એડવોકેટ એમ.આર. શમશાદે કોર્ટને જણાવ્યું કે, અનેક અધિકારીઓના નામ કોઈપણ નક્કર કારણ આપ્યા વિના મનસ્વી રીતે મતદાર યાદીમાંથી હટાવી દેવામાં આવ્યા છે. તેમણે અદાલત સમક્ષ પોતાની વાત મૂકતા કહ્યું કે, આ ૬૫ અરજદારો હાલ ચૂંટણી ડ્યુટી પર છે. તેમના ડ્યુટી ઓર્ડરમાં તેમના મતદાર ઓળખપત્ર (EPIC) નંબર સ્પષ્ટપણે નોંધાયેલા છે. પરંતુ હવે તે નંબર યાદીમાંથી હટાવી દેવામાં આવ્યા છે. તેનો સીધો અર્થ એ થયો કે જે લોકો ચૂંટણી સંપન્ન કરાવી રહ્યા છે, તેઓ પોતે જ મતદાન નહીં કરી શકશે! પ્રથમ દૃષ્ટિએ આ એક મનસ્વી વલણ છે અને ઘણા લોકોને તો તેનું કારણ પણ જણાવવામાં નથી આવ્યું. એક અહેવાલ પ્રમાણે ખંડપીઠે અરજદારોને આ મામલે સીધી રાહત આપવાનો ઈનકાર કરી દીધો છે. અદાલતે તેમને તે અપીલીય ટ્રિબ્યુનલનો સંપર્ક કરવા કહ્યું, જેની સ્થાપના જ સર્વોચ્ચ અદાલતના આદેશ પર જ આ પ્રકારની ફરિયાદો સાંભળવા માટે કરવામાં આવી હતી. CJI સૂર્યકાંતે નિર્દેશ આપતા કહ્યું કે, તમારી આ દલીલો અપીલીય ટ્રિબ્યુનલ સમક્ષ રજૂ કરો. ટ્રિબ્યુનલને આ મામલાની તપાસ કરવા દો.

જસ્ટિસ જોયમાલ્યા બાગચીએ એ વાતનો સ્વીકાર કર્યો કે, જે લોકોની અપીલ હાલ પડતર છે, તેઓ કદાચ પશ્ચિમ બંગાળમાં ચાલી રહેલી વિધાનસભા ચૂંટણીમાં મતદાન નહીં કરી શકશે. જોકે, તેમણે સ્પષ્ટ કર્યું કે, મતદારો પોતાની અપીલની પ્રક્રિયા ચાલુ રાખી શકે છે, જેથી ભવિષ્ય માટે મતદાર યાદીમાં તેમનું નામ પુનઃસ્થાપિત થઈ શકે. ટ્રિબ્યુનલ દ્વારા યોગ્ય આદેશો પસાર કરવામાં આવશે... એ સાચું છે કે કદાચ તેઓ આ વર્તમાન ચૂંટણીમાં મતદાન ન કરી શકે. પરંતુ મતદાર યાદીમાં નામ જાળવી રાખવાનો જે વધુ મૂલ્યવાન અધિકાર છે, તેને દરેક સંજોગોમાં સુરક્ષિત રાખવામાં આવશે. પશ્ચિમ બંગાળ સહિત ભારતના વિવિધ રાજ્યોમાં SIR પ્રક્રિયાને પડકારતી અનેક અરજીઓ સુપ્રીમ કોર્ટમાં હાલ વિચારાધીન છે, કારણ કે આ પ્રક્રિયા હેઠળ મોટા પાયે લોકોના નામ મતદાર યાદીમાંથી હટાવવામાં આવ્યા છે. જેના કારણે દેશભરમાં સવાલો ઉઠી રહ્યા છે.

ભારત નિર્વાચન આયોગ (ECI) અને પશ્ચિમ બંગાળ સરકાર વચ્ચે વિશ્વાસના અભાવને ધ્યાનમાં રાખીને સુપ્રીમ કોર્ટે ૨૦ ફેબ્રુઆરીએ એક મોટો નિર્ણય લીધો હતો. અદાલતે પશ્ચિમ બંગાળમાં SIRની જવાબદારી રાજ્ય સરકારને બદલે પશ્ચિમ બંગાળ, ઓડિશા અને ઝારખંડના ન્યાયિક અધિકારીઓને (જિલ્લા ન્યાયાધીશો અને નિવૃત્ત ન્યાયાધીશો સહિત) સોંપી દીધી હતી. આ કામગીરી માટે અંદાજે ૯૦૦ જેટલા ન્યાયિક અધિકારીઓને નિયુક્ત કરવામાં આવ્યા હતા. ૧૬ એપ્રિલ સુધીમાં આ અધિકારીઓએ લગભગ ૬૦ લાખ વાંધા અરજીઓનો નિકાલ કર્યો હતો, જેના પરિણામ સ્વરૂપ ૨૭ લાખ લોકોના નામ મતદાર યાદીમાંથી હટાવી દેવામાં આવ્યા છે. સુપ્રીમ કોર્ટના નિર્દેશ પર જ ન્યાયિક અધિકારીઓના નિર્ણયો સામેની અપીલ સાંભળવા માટે અપીલીય ટ્રિબ્યુનલની રચના કરવામાં આવી હતી. વર્તમાનમાં લગભગ ૧૯ જેટલા અપીલીય ટ્રિબ્યુનલ સક્રિય છે અને અપીલો સાંભળી રહ્યા છે.

૧૩ એપ્રિલના રોજ સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો હતો કે, જે મતદારોને ચૂંટણીના ઓછામાં ઓછા બે દિવસ પહેલા આ ટ્રિબ્યુનલ દ્વારા મંજૂરી મળી જશે તેઓ વિધાનસભા ચૂંટણીમાં મતદાન કરી શકશે. જોકે, અહેવાલો પ્રમાણે અપીલ ટ્રિબ્યુનલ દ્વારા અત્યાર સુધીમાં માત્ર ૧૩૬ અપીલો પર જ અંતિમ ચુકાદો આપવામાં આવ્યો છે.

## બંને દેશોના એકબીજા પર ડ્રોન હુમલા, 3નાં મોત, અનેક ઘાયલ

# ઈરાન યુદ્ધ છતાં યુક્રેનને US તરફથી શસ્ત્ર સપ્લાય અટક્યો નથી: ઝેલેન્સ્કી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કીવ, તા. ૨૪**

યુક્રેનના પ્રેસિડન્ટ વોલોડીમીર ઝેલેન્સ્કીએ ગુરુવારે દાવો કર્યો હતો કે ઈરાન યુદ્ધ ચાલુ હોવા છતાં અમેરિકાએ યુક્રેનને શસ્ત્રોનો સપ્લાય બંધ કર્યો નથી અને યુક્રેન લાંબા અંતરના હુમલા કરીને રશિયાના ક્રૂડ ઓઈલ ઉત્પાદન અને મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટને ભારે નુકસાન પહોંચાડી રહ્યું છે. વોઈસ મેસેજમાં ઝેલેન્સ્કીએ જણાવ્યુ હતું કે અમે રશિયાને સૌથી વધુ નુકસાન થાય તેવા ટાર્ગેટ પર પ્રહાર કરી રહ્યાં છે. આ હુમલાઓમાં રશિયન નુકસાન અબજો ડોલર સુધી પહોંચી ગયું છે. રશિયા અટકવાનું નામ લેતું નથી અને તેઓ અમારી ઊર્જા ક્ષેત્ર અને લોકો પર હુમલા કરી રહ્યું છે. અમે પણ જવાબ આપીશું. ઝેલેન્સ્કીના દાવાને વચ્ચે રશિયના અધિકારીઓએ જણાવ્યુ હતું કે યુક્રેનથી આશરે ૧,૦૦૦ કિમી દૂર આવેલા રશિયાના પ્રાંતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ડ્રોન હુમલો થયો હતો. યુક્રેન રશિયાના પ્રદેશો પર હુમલો કરવા માટે તેની સ્થાનિક રીતે વિકસિત ડ્રોન અને મિસાઈલ ટેકનોલોજીનો ઉપયોગ કરી રહ્યું છે. યુક્રેનિયન સૈન્ય યુક્રેનના પ્રદેશ પર રશિયન મિસાઈલ હુમલાઓને રોકવા માટે મેરિકન બનાવટની પેટ્રિઅટ એર ડિફેન્સ સિસ્ટમનો પણ ઉપયોગ કરે છે.

**યુક્રેન રશિયાના પ્રદેશો પર હુમલો કરવા માટે તેની સ્થાનિક રીતે વિકસિત ડ્રોન અને મિસાઈલ ટેકનોલોજીનો ઉપયોગ કરી રહ્યું છે**

બંને દેશોના એકબીજા પર હુમલા વચ્ચે બ્રિટનના પ્રિન્સ હેરી ગુરુવારે કીવની મુલાકાતે પહોંચ્યા હતાં. ચાલુ વર્ષે તેમની આ ત્રીજી મુલાકાત છે. પ્રિન્સ હેરીએ કીવ સિક્યોરિટી કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે યુક્રેનિયનોએ માત્ર બહાદુરી અને ક્ષમતામાં જ નહીં, પરંતુ એકતામાં, વિશ્વાસમાં પણ શક્તિ દર્શાવી છે. પ્રિન્સ હેરી રાત્રે પોલેન્ડથી મુસાફરી કરીને કીવના મુખ્ય રેલવે સ્ટેશન પર ઉતર્યા હતાં. પ્રિન્સ હેરીના આગમન પહેલા યુક્રેનના ડિનિપ્રો શહેર પર રશિયાના ડ્રોન હુમલામાં ૩ લોકોના મોત થયા હતાં અને ૧૦ ઘાયલ થયા હતાં. આ હુમલામાં ૧૩ માળના એક બિલ્ડિંગ અને એક સરકારી બિલ્ડિંગને નુકસાન થયું હતુ. બીજી તરફ રશિયન સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, રશિયન હવાઈ સંરક્ષણ દળોએ ક્રિમીઆ દ્વીપકલ્પ, એઝોવ સમુદ્ર અને કાળા સમુદ્ર પર ૧૫૪ યુક્રેનિયન ડ્રોનને તોડી પાડ્યાં હતાં.

**ચોંકાવનારી માહિતી સામે આવી**

# કાળા જાદુના કારણે મોજતબા ખામેનેઈ છૂપાઈ ગયા છે?

(સંપૂર્ણ સમાચાર સેવા)

**તેહરાન, તા. ૨૪**

અમેરિકા અને ઈરાન વચ્ચે હાલ ભલે યુદ્ધની સ્થિતિ જોવા નથી મળી રહી પરંતુ એક સમયે એવી ભીષણ તબાહી મચી હતી કે ઈરાનના અનેક ટોપ લીડર્સનો ખાતમો બોલાઈ ગયો. સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનેઈ પણ મૃત્યુ પામ્યા. હવે એવો દાવો થઈ રહ્યો છે કે અમેરિકી હુમલામાં ઈરાનના સુપ્રીમ લીડર મોજતબા ખામેનેઈ પણ ખુબ જ ગંભીર રીતે ઘાયલ થયા છે. તેમનો ચહેરો મહંદઅંશે બળી ચૂક્યો છે. તેમને બોલવામાં તકલીફ પણ થઈ રહી છે અને એટલું જ નહીં તેઓ જાહેરમાં નથી દેખાતા કારણ કે કાળા જાદુનો ડર છે. એવો ડર છે કે તેમની નવી તસવીરોનો ઉપયોગ ઈઝરાયેલ જાદુ ટોણા માટે કરી શકે છે અને તેમના સ્વાસ્થ્ય અને દિમાગ ઉપર પણ હુમલો થઈ શકે છે. ન્યૂયોર્ક ટાઈમ્સના રિપોર્ટ મુજબ મોજતબા ખામેનેઈએ વાતચીતમાં પડતી મુશ્કેલીઓને કારણે નિર્ણય લેવાનો હક રિવોલ્યુશનરી ગાર્ડના જનરલોને આપ્યો છે. મોજતબા ખામેનેઈ સુધી મેસેજ લખીને ભરોસાપાત્ર હ્યુમન ચેન દવારા પહોંચાડવામાં આવે છે. તેમને કોસ્મેટિક સર્જરીની જરૂર પડશે, ઈજા બાદ તેમને બોલવામાં મુશ્કેલી પડે છે. ઈઝરાયેલ અને અમેરિકાના



હુમલામાં ખામેનેઈનો ચહેરો અને હોથ ખરાબ રીતે બળી ગયા હતા અને તેમના એક હાથની પણ સર્જરી થઈ હતી. જો કે ધીરે ધીરે તેઓ ઠીક થઈ રહ્યા છે. હુમલામાં મોજતબાનો એક પગ પણ ઈજાગ્રસ્ત થયો હતો અને તેઓ નકલી અંગ લગાવવાની રાહ જોઈ રહ્યા છે. જો કે આટલી ઈજા છતાં તેમનું માનસિક સ્થિતિ સારી છે.

ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેજેશ્કિયાન પોતે એક હાર્ટ સર્જન છે અને તેઓ મોજતબા ખામેનેઈની સારવારમાં મદદ કરી રહ્યા છે. તેમના સુધી બહું ઓછા લોકોની પહોંચ છે. કારણ કે તેઓ સંપૂર્ણ રીતે ડોક્ટરોની એક ટીમથી ઘેરાયેલા છે. આ ઉપરાંત ઈરાનને કાળા જાદુનો પણ ડર છે. એવો દાવો થઈ રહ્યો છે કે કાળા જાદુના ડરના કારણે મોજતબા ખામેનેઈ સંતાઈને રહે છે. ઈરાનની નેશનલ સિક્યુરિટી કમિશનના

**એવો દાવો થઈ રહ્યો છે કે ઈરાનના નવા સુપ્રીમ લીડર મોજતબા ખામેનેઈ ગંભીર રીતે ઘાયલ થયા છે**

સભ્ય સાલાર વિલાયતમાદારે કહ્યું કે મોજતબા ખામેનમેઈની સુરક્ષા અંગે સુરક્ષા અધિકારીઓની સાથે સાથે ધાર્મિક વિદ્વાનો, કોમ અને મહશાદના ઉલેમાએ પણ ખુબ મહત્વનો નિર્ણય લીધો છે. આ નિર્ણયમાં કહેવાયું છે કે મોજતબાનો કોઈ પણ નવો ફોટો કે વીડિયો સાર્વજનિક કરવામાં નહીં આવે.

# સ્પોર્ટ્સ ન્યુઝ

જાણો કેવી રીતે MI કરી શકે છે ક્વોલિફાય

## ૭માંથી ૫ મેચ હારી ગઈ છે મુંબઈ, છતા પણ પહોંચી શકે છે પ્લેઓફ

### મુંબઈને તેમની બાકીની ૭ મેચોમાંથી ઓછામાં ઓછી ૬ જીતશે તો તો સરળતાથી પ્લેઓફ સ્થાન મેળવી શકશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૪ :** હાર્દિક પંડ્યાની આગેવાની હેઠળની મુંબઈ ઈન્ડિયન્સનો IPL 2026માં ચેન્નાઈ સુપર કિંગ્સ સામે પાંચમો પરાજય થયો હતો. પ્રથમ બેટિંગ કરતા, CSKએ સંજુ સેમસનની સદીને કારણે ૨૦૭ રન બનાવ્યા હતા, પરંતુ મુંબઈ ૧૦૪ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું.

IPL 2026માં સાત મેચમાં MIનો આ પાંચમો પરાજય છે. મુંબઈ આ સિઝનમાં અત્યાર સુધી ફક્ત ૨ મેચ જીતી શક્યું છે. ચેન્નાઈ સામે હારવાથી મુંબઈ ઈન્ડિયન્સનો પ્લેઓફમાં પ્રવેશવાની સંભાવનાઓ પર ખતરો ઉભો થયો છે. ચાલો જાણીએ કે મુંબઈ ઈન્ડિયન્સ પ્લેઓફ માટે કેવી રીતે ક્વોલિફાય થઈ શકે છે.

ચેન્નાઈ સુપર કિંગ્સ સામે હાર્યા બાદ, મુંબઈ ઈન્ડિયન્સ IPL 2026 પોઈન્ટ ટેબલમાં કોલકાતા નાઈટ રાઈડર્સ અને લખનૌ સુપર જાયન્ટ્સથી ઉપર આઠમા ક્રમે છે. મુંબઈ અત્યાર સુધી રમાયેલી ૭ મેચોમાંથી ફક્ત ૨ જીતી શક્યું છે, અને ૫ હાર્યું છે.

IPL ઈતિહાસ દર્શાવે છે કે ૧૦ ટીમોની ટુર્નામેન્ટમાં, ૧૬ કે તેથી વધુ પોઈન્ટ ધરાવતી ટીમોએ સરળતાથી પ્લેઓફ સ્થાન મેળવ્યું છે. આનાથી ઓછા પોઈન્ટ ધરાવતી ટીમોને અન્ય ટીમોના પરિણામો પર આધાર રાખવો પડે છે.

મુંબઈ ઈન્ડિયન્સની સ્થિતિ જોતાં, તેમની પાસે હાલમાં ૪ પોઈન્ટ છે. ૧૬ પોઈન્ટ સુધી પહોંચવા માટે, મુંબઈને તેમની બાકીની ૭ મેચોમાંથી ઓછામાં ઓછી ૬ જીતવાની જરૂર પડશે. જો તેઓ આમ કરવામાં સફળ થાય છે, તો તેઓ સરળતાથી પ્લેઓફ સ્થાન મેળવી શકશે.

જો MI સાતમાંથી પાંચ મેચ જીતે છે અથવા જો તેમની એક મેચ વરસાદને કારણે ધોવાઈ જાય છે, તો તેમની મુશ્કેલીઓ વધી શકે છે. આવી સ્થિતિમાં, MI ને અન્ય ટીમોના પરિણામો પર આધાર રાખવો પડશે.

ટૂર્નામેન્ટ અત્યાર સુધી જે રીતે રમાઈ છે તે જોતાં એવું લાગે છે કે લીગ સ્ટેજના અંત સુધીમાં, પ્લેઓફ માટે ક્વોલિફાય થનારી ટીમો વચ્ચે નજીકની સ્પર્ધા થશે.

નીતિન નબીને રાઘવ ચઢ્ઢાને લાડુ ખવડાવીને પાર્ટીમાં તેમનું સ્વાગત કર્યું

## રાઘવ ચઢ્ઢા સહિતના કેટલાક સાંસદોએ કર્યો પક્ષપલટો, આપ છોડી વિધિવત ભાજપમાં સામેલ

### રાઘવ ચઢ્ઢા સહિત ૭ સાંસદોએ રાજીનામાં આપ્યો, જેમાં સંદીપ પાઠક, સ્વાતિ માલિવાલ, હરભજન સિંહ, અશોક મિત્તલ અને વિક્રમજીત સાહની સામેલ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૪**

આમ આદમી પાર્ટીમાંથી રાઘવ ચઢ્ઢા સહિત સાત સાંસદોએ આજે(૨૪ એપ્રિલ) રાજીનામાં આપ્યા હતા. રાજ્યસભાના સાંસદ રાઘવ ચઢ્ઢા, અશોક મિત્તલ અને સંદીપ પાઠકે પ્રેસ કોન્ફરન્સ કરીને ભાજપમાં જોડાવાની જાહેરાત કરી હતી. ત્યારબાદ હવે શુક્રવાર સાંજે નવી દિલ્હી ખાતે ભાજપ હેડક્વાર્ટર તમામ પહોંચ્યા હતા, જ્યાં તેમનું ભાજપ અધ્યક્ષ નીતિન નબીન દ્વારા સ્વાગત કરાયું હતું.

ભાજપ હેડક્વાર્ટરમાં નીતિન નબીને રાઘવ ચઢ્ઢાને લાડુ ખવડાવીને પાર્ટીમાં તેમનું સ્વાગત કર્યું. આ દરમિયાન ચઢ્ઢાએ ભાજપ અધ્યક્ષને ગુલદસ્તો ભેટ કર્યો. આ સત્તાવાર મિલનની સાથે ચઢ્ઢા સત્તાવાર રીતે ભાજપમાં સામેલ થઈ ગયા. પાર્ટી કાર્યકર્તાઓમાં આ રાજકીય ઘટનાક્રમમાં જશ્નનો માહોલ છે. આમ આદમી પાર્ટીની સ્થિતિ હવે રાજ્યસભામાં ખુબ નબળી થઈ ગઈ છે.

રાઘવ ચઢ્ઢા સહિત આમ આદમી પાર્ટીમાંથી ૭ સાંસદોએ રાજીનામાં આપ્યા છે. જેમાં સંદીપ પાઠક, સ્વાતિ માલિવાલ, હરભજન સિંહ, અશોક મિત્તલ અને વિક્રમજીત સાહની સામેલ છે.

રાઘવ ચઢ્ઢાએ એક અત્યંત ગંભીર અને ચોંકાવનારો ખુલાસો કરતા પક્ષ સાથેના તમામ સંબંધો તોડવાની જાહેરાત કરી છે. આ અંગે તેમણે કહ્યું કે, આમ આદમી પાર્ટીને મેં મારા લોહી-પરસેવાથી સીંચી છે અને મારા જીવનના મહત્ત્વના ૧૫ વર્ષ આપ્યા છે, તે પાર્ટી હવે તેના સિદ્ધાંતો, મૂલ્યો અને નૈતિકતાથી ભટકી ગઈ છે. હવે આ પાર્ટી દેશના હિતમાં નહીં, પણ પોતાના અંગત સ્વાર્થ માટે કામ કરી રહી છે. છેલ્લા કેટલાક સમયથી મને સતત એવું લાગી રહ્યું હતું કે હું એક ખોટી પાર્ટીમાં ફસાઈ ગયેલો સાચો માણસ છું. એટલા માટે જ આજે હું મારી જાતને આપથી અલગ કરી રહ્યો છું અને હવે જનતાની સેવામાં જોડાઈ રહ્યો છું, તેમજ મારી સાથે આમ આદમી પાર્ટીના બે તૃતીયાંશ (૨/૩) સાંસદો પણ ભાજપમાં જોડાઈ રહ્યા છે.

બીજી તરફ દિલ્હીમાં મીડિયા સાથે વાતચીત કરતા આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા સંજય સિંહે ભારતીય જનતા પાર્ટી અને તેના ટોચના નેતૃત્વ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે આરોપ લગાવ્યો કે કેન્દ્ર સરકાર ઓપરેશન લોટસ દ્વારા પંજાબ સરકારને અસ્થિર કરવાનો પ્રયાસ કરી રહી છે. ઓપરેશન લોટસ ખરેખર હલકી રાજનીતિનું એક ઉદાહરણ છે. તે માત્ર સત્તા કબજે કરવાનો પ્રયાસ નથી, પરંતુ પંજાબમાં ચાલી રહેલા જનહિતના કાર્યોને રોકવાનું એક ષડયંત્ર છે.

આરોપ લગાવ્યો કે, આમ આદમી પાર્ટીના રાજ્યસભાના સાત સાંસદોને તોડીને ભાજપમાં સામેલ કરવામાં આવ્યા છે. પંજાબની જનતાએ આ નામો યાદ રાખવા જોઈએ, કારણ કે આ લોકોએ ગદ્દારી કરી છે. આ સંદર્ભમાં રાઘવ ચઢ્ઢા, સંદીપ પાઠક, રાજેન્દ્ર ગુપ્તા, અશોક મિત્તલ, સ્વાતિ માલીવાલ અને હરભજન સિંહ જેવા નામોનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, જનતાએ આ તમામને સામાન્ય સ્તરેથી ઉઠાવીને સંસદ સુધી પહોંચાડ્યા, પરંતુ હવે તેઓએ જનતા સાથે વિશ્વાસઘાત કર્યો છે.

પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને પણ AAPમાંથી ભાજપમાં ભળેલા સાંસદોની ઝાટકણી કાઢતા કહ્યું કે, ભાજપે પંજાબ સાથે ગદ્દારી કરી, ભાજપનું પંજાબમાં કોઈ અસ્તિત્વ જ નથી, ભાજપનું પોતાનું કંઈ જ નથી માટે આ પ્રકારના તુક્કા લગાવી રહી છે. ભાજપ પંજાબ જીતી શકતી નથી, આ પ્રકારે વોશિંગ મશીનનો ઉપયોગ કરીને શરદ પવારની પાર્ટી અને શિવસેના ઉદ્ધવ ઠાકરેની તેમજ કોંગ્રેસની પાર્ટીને તોડી નાખવામાં આવી હતી.

પંજાબમાં ભાજપનો કોઈ જ જનાધાર નથી. ભાજપ તેની સાથે વિલય કરનારા લોકોને પણ ગળી જાય છે, આ સાત લોકો પાર્ટીનો ભાગ નથી, ગદ્દારોના જવાથી કોઈ ફર્ક પડતો નથી, જનતાના પ્રેમની કોઈ કિંમત હોતી નથી, પંજાબની જનતાનો પ્રેમ કોઈ પણ કિંમતે ખરીદી શકાશે નહીં.

મુઈજ્જુ સરકારને ૩૦ અબજ રૂપિયાની કરી મદદ

## સંકટની ઘડીમાં ભારત માલદીવ્સની વહારે આવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૪**

ભારત અને માલદીવ્સ વચ્ચેના સંબંધોમાં ફરી એકવાર મજબૂતી જોવા મળી છે. આર્થિક સંકટનો સામનો કરી રહેલા માલદીવ્સની મદદે ભારત ફરી એકવાર આગળ આવ્યું છે. ભારતે માલદીવ્સને મોટી રાહત આપતા 30 અબજ રૂપિયા (અંદાજે 400 મિલિયન ડૉલર) ના કરન્સી સ્વાપ સપોર્ટના પ્રથમ હપ્તાને મંજૂરી આપી દીધી છે.

માલદીવ્સમાં આવેલી ભારત સરકારની એમ્બસીએ આ અંગેની પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે, માલદીવ્સની નાણાકીય સ્થિરતા જાળવી રાખવા માટે આ પગલું અત્યંત મહત્ત્વનું સાબિત થશે. આ આર્થિક મદદ મુખ્યત્વે ભારતીય રિઝર્વ બેન્ક અને માલદીવ્સ સરકાર વચ્ચે થયેલા SAARC કરન્સી સ્વાપ ળેમવર્ક હેઠળ આપવામાં આવી છે. નોંધનીય છે કે, ઓક્ટોબર 2024માં માલદીવ્સના પ્રમુખ મોહમ્મદ મુઈઝ્ઝૂની ભારત મુલાકાત દરમિયાન આ અંગે સમજૂતી થઈ હતી.

માલદીવ્સ અત્યારે વિદેશી મુદ્રા ભંડારની અછત અને વધતા દેવાના બોજ સામે ઝઝૂમી રહ્યું છે, ત્યારે ભારતની આ સમયસરની મદદ મુઈઝ્ઝૂ સરકાર માટે સંકટ સમયની સાંકળ સમાન બની છે. ભારત લાંબા સમયથી માલદીવ્સ માટે એક ભરોસાપાત્ર ભાગીદાર રહ્યું છે. વર્ષ 2012માં આ ફ્રેમવર્ક શરૂ થયા બાદ ભારત અત્યાર સુધીમાં માલદીવ્સને 1.1 અબજ ડૉલરથી વધુની આર્થિક સહાય પૂરી પાડી ચૂક્યું છે. આ અગાઉ પણ ભારતે માલદીવ્સના કહેવા પર 100 મિલિયન ડૉલરના ટ્રેઝરી બિલ્સને રોલઓવર કરીને તાત્કાલિક નાણાકીય દબાણ હળવું કરવામાં મદદ કરી હતી. આ ફ્રેમવર્ક દક્ષિણ એશિયાઈ દેશો માટે એક સુરક્ષા કવચ તરીકે કામ કરે છે. જ્યારે પણ કોઈ દેશને ચૂકવણી સંતુલન કે આયાત-નિકાસના ભારણના કારણે વિદેશી મુદ્રાની જરૂર પડે, ત્યારે આ વ્યવસ્થા દ્વારા તાત્કાલિક મદદ પહોંચાડવામાં આવે છે.

માલદીવ્સ જેવા દેશો, જે સંપૂર્ણપણે પર્યટન અને આયાત પર નિર્ભર છે, તેમના માટે આ વ્યૂહનીતિ આર્થિક અસ્થિરતા રોકવામાં ખૂબ જ અસરકારક સાબિત થાય છે.

VIP લોકોના ઘર પર ગ્રેનેડ હુમલાનું ઘડી રહ્યા હતા કાવતરું

## નોઈડામાં ISI સાથે જોડાયેલા ૨ આતંકવાદીઓની ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નોઈડા, તા.૨૪**

ઉત્તર પ્રદેશ એટીએસ (ATS) એ નોઈડાથી બે શંકાસ્પદ આતંકવાદીઓની ધરપકડ કરી છે. આ બંને આરોપીઓ આઈએસઆઈ (ISI) માટે કામ કરી રહ્યા હતા અને પાકિસ્તાની ગેંગસ્ટર શહઝાદ ભટ્ટી સાથે જોડાયેલા હતા. તેમની પાસેથી પિસ્તોલ, કારતૂસ અને ચપ્પુ મળી આવ્યા છે. આ બંને શંકાસ્પદ આઈએસઆઈના ઈશારે ભારત વિરુદ્ધ મોટા કાવતરાની યોજના ઘડી રહ્યા હતા.

એટીએસના જણાવ્યા અનુસાર, બંને આરોપીઓની ઓળખ બાગપતના તુષાર ચૌહાણ ઉર્ફે હિઝબુલ્લા અલી ખાન તરીકે થઈ છે, જ્યારે બીજા આરોપીનું નામ સમીર ખાન છે, જે દિલ્હીનો રહેવાસી હોવાનું કહેવાય છે. આ બંનેની ઉંમર ૨૦ વર્ષની આસપાસ છે. એટીએસને આતંકવાદીઓ પાસેથી પિસ્તોલ, કારતૂસ અને ચપ્પુ મળી આવ્યા છે. આ સિવાય એટીએસ દ્વારા તેમની પાસેથી બે મોબાઈલ પણ જપ્ત કરવામાં આવ્યા છે.

એટીએસ મુજબ, બંને શંકાસ્પદ આઈએસઆઈ માટે કામ કરી રહ્યા હતા અને પાકિસ્તાની ગેંગસ્ટર શહઝાદ ભટ્ટી સાથે જોડાયેલા હતા. આ આરોપીઓ આબિદ જટ સહિત અનેક હેન્ડલર્સના સંપર્કમાં હતા. આ શંકાસ્પદોને ભારતમાં સંવેદનશીલ સ્થળોની રેકી કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. આ લોકો પ્રભાવશાળી વ્યક્તિઓના ઘરે ગ્રેનેડ ફેંકવાનું કાવતરું ઘડી રહ્યા હતા. યુપી એટીએસના જણાવ્યા મુજબ, બંને શંકાસ્પદ આરોપીઓએ સ્લીપર સેલ પણ બનાવી લીધા હતા. તેમને આતંકવાદી ઘટનાઓ માટે પૈસાની લાલચ આપવામાં આવી હતી. આ માટે પહેલા ૫૦ હજાર એડવાન્સ અને બાદમાં અઢી લાખ રૂપિયા આપવાનું વચન આપવામાં આવ્યું હતું. આ બંને ઈન્સ્ટાગ્રામ દ્વારા પાકિસ્તાની ગેંગસ્ટરના સંપર્કમાં હતા. તેમણે આઈડી બંધ થયા પછી ફરીથી એકાઉન્ટ બનાવ્યું હતું.

એકબીજા સાથે સંપર્ક કરવા માટે આ લોકો વોઈસ અને વિડિયો કોલનો ઉપયોગ કરતા હતા. તેમને દુબઈ થઈને પાકિસ્તાન બોલાવવાની લાલચ આપવામાં આવી હતી. કટ્ટરપંથી યુટ્યુબર્સે પણ લાલચ આપી હતી. આ આરોપીઓ મેરઠમાં રહીને મોટા કાવતરાને અંજામ આપવાની ફિરાકમાં હતા. તેઓ આરોપી સમીર ખાન સાથે મળીને પ્લાનિંગ કરી રહ્યા હતા. તેમને ટીટીએચ (TTH) લખીને લોકોને જોડવાનું ટાસ્ક આપવામાં આવ્યું હતું.

## પવન ખેડાને હાઈકોર્ટનો મોટો ઝટકો: આગોતરા જામીન ફગાવ્યા

### હવે ગમે ત્યારે થઈ શકે ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૪**

આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાના પત્ની દ્વારા દાખલ કરવામાં આવેલી FIR મામલે કોંગ્રેસના વરિષ્ઠ નેતા પવન ખેડાને મોટો કાયદાકીય ફટકો પડ્યો છે. ગુવાહાટી હાઈકોર્ટે તેમની આગોતરા જામીન અરજી ફગાવી દીધી છે, જેના કારણે તેમની ધરપકડની તલવાર લટકી રહી છે.

પવન ખેડા વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ દલીલ કરી હતી કે આ કેસ રાજકીય દ્વેષભાવથી પ્રેરિત છે. તેમણે કોર્ટને ખાતરી આપી હતી કે ખેડા દેશ છોડીને ભાગી જાય તેવો કોઈ ખતરો નથી, તેથી તેમની ધરપકડની કોઈ જરૂર નથી.

બીજી તરફ, આસામના એડવોકેટ જનરલે આ જામીનનો સખત વિરોધ કરતા જણાવ્યું હતું કે, આ માત્ર માનહાનિનો કેસ નથી પરંતુ દસ્તાવેજોની જાળસાજી અને છેતરપિંડી સાથે જોડાયેલો ગંભીર ગુનો છે. તેમણે કોર્ટમાં દલીલ કરી હતી કે આરોપીને વચગાળાની સુરક્ષા આપવી જોઈએ નહીં કારણ કે તેમના દેશ છોડી ભાગી જવાની શક્યતા છે. પવન ખેડાએ આક્ષેપ કર્યો હતો કે મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાના પત્ની રિંકી ભુઈયા શર્મા પાસે એકથી વધુ પાસપોર્ટ છે. આ આક્ષેપો બાદ રિંકી ભુઈયાએ ગુવાહાટી ક્રાઈમ બ્રાન્ચમાં ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરાવ્યો હતો. અગાઉ તેલંગાણા હાઈકોર્ટે ખેડાને ટ્રાન્ઝિટ બેલ આપ્યા હતા, પરંતુ સુપ્રીમ કોર્ટે તે આદેશ પર રોક લગાવી દીધી હતી.

## હવે અદાણી ગેસના તમામ કામવન સ્ટોપ સોલ્યુશનઃ 'ગેસ મિત્ર કોર્નર'




### ગ્રાહક સેવાઓમાં આવશે મોટું પરિવર્તન

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**અમદાવાદ, તા.૨૪**

ગ્રાહક સેવાને નવા શિખરે લઈ જતાં, અદાણી ટોટલ ગેસ લિમિટેડ (ATGL) એ અમદાવાદના સાઉથ બોપલમાં ગુજરાતનું પ્રથમ 'અદાણી ગેસ મિત્ર કોર્નર' કાર્યરત કર્યું છે. આ પહેલ માત્ર એક સર્વિસ સેન્ટર નથી, પરંતુ ગ્રાહકોના સમય અને સુવિધાને પ્રાધાન્ય આપતું એક અત્યાધુનિક ડિજિટલ સોલ્યુશન છે. એન્ડ-ટુ-એન્ડ કસ્ટમર સપોર્ટ માટે તેમાં ગ્રાહકોને લગતી તમામ સુવિધાઓને આવરી લેવામાં આવી છે.

કંપનીએ આ સુવિધા માટે સ્થાનિક મેડિકલ સ્ટોર્સ સાથે ભાગીદારી કરી છે. આ એક સ્માર્ટ વ્યૂહરચના છે કારણ કે મેડિકલ સ્ટોર એવી જગ્યા છે જ્યાં ગ્રાહકો અવારનવાર મુલાકાત લેતા હોય છે. હવે બિલ ભરવા કે નવી લાઈન માટે કોઈ સ્પેશિયલ ઓફિસે જવાની જરૂર નથી.

આ ડિજિટલ કિઓસ્ક (Kiosk) અંતર્ગત ગ્રાહકો એક જ છત નીચે અનેક સુવિધાઓ પ્રાપ્ત કરી શકે છે. જેમાં નવા PNG કનેક્શન માટે માત્ર મિનિટોમાં રજીસ્ટ્રેશન, ગૂંચવણ વગર ગેસ બિલની ચુકવણી અને હિસ્ટ્રી ચેક કરવાની સુવિધા એટલે કે સ્માર્ટ પેમેન્ટ વ્યવસ્થા, કોઈપણ ટેકનિકલ ખામી કે સર્વિસ લાઈન અંગે તુરંત ફરિયાદ નોંધવાની વ્યવસ્થા ગેસ ગીઝર કનેક્શનથી લઈને અન્ય તમામ સહાય એક જ ડિજિટલ સ્ક્રીન પરવન-સ્ટોપ સોલ્યુશન વગેરેનો સમાવેશ થાય છે.

૧૦૦ નવા સેન્ટરોનો માસ્ટર પ્લાનઃ ATGL આગામી સમયમાં તેના કાર્યક્ષેત્રમાં આવા ૧૦૦ કેન્દ્રો શરૂ કરવા જઈ રહ્યું છે. આ માટે કંપનીએ સ્થાનિક સ્તરે રોજગારી અને તાલીમ આપવાનું પણ શરૂ કર્યું છે. આ મોડેલથી ગ્રાહકોને ''લાસ્ટ-માઈલ'' કનેક્ટિવિટી મળશે અને પરંપરાગત કસ્ટમર કેર પરનો બોજ ઘટશે.

વૈશ્વિક સ્તરે રશિયા અને પશ્ચિમ એશિયામાં વધતા તણાવને કારણે જ્યારે LPG સિલિન્ડરના પુરવઠા અને ભાવમાં અનિશ્ચિતતા જોવા મળી રહી છે, ત્યારે PNG એ શહેરી પરિવારો માટે સૌથી સુરક્ષિત, સ્વચ્છ અને અવિરત ઈંધણ બની રહ્યું છે. સરકાર પણ દેશને ગેસ-આધારિત અર્થતંત્ર બનાવવા તરફ આગળ વધી રહી છે, જેમાં અદાણીની આ ''મિત્ર'' પહેલ પાયાનું કામ કરશે.

અદાણી ટોટલ ગેસના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, ''અદાણી ગેસ મિત્ર કોર્નરનું લોન્ચિંગ એ ગ્રાહક સંતોષ પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાનું મજબૂત પ્રદર્શન છે. અમારી સેવાઓને ગ્રાહકોના રહેઠાણ અને કાર્યસ્થળની નજીક લઈ જઈને અમે PNG એક્સેસને વધુ સરળ, ઝડપી અને અનુકૂળ બનાવી રહ્યા છીએ. અમે આ પહેલને અન્ય ભૌગોલિક વિસ્તારોમાં પણ અમલમાં મૂકવાની યોજના ધરાવીએ છીએ.

## અદાણી એનર્જી સોલ્યુશન્સે શ્રેણીબધ્ધ ઓર્ડર સાથે નાણાં વર્ષ-૨૬ના અંતિમ ત્રિમાસી અને સમગ્ર વર્ષનું સંગીન સમાપન કર્યું

### નાણાં વર્ષમાં વાર્ષિક ધોરણે ૧૩ ટકાના વધારા સાથે આજ સુધીનો સૌથી વધુ વાર્ષિક એબિડ્ટા રૂ.૮,૭૨૬ કરોડ હાંસલ કર્યો, નાણાં વર્ષમાં કર બાદનો નફો ૩૨ ટકા વધીને રૂ.૨,૩૯૩ કરોડ છેલ્લા ત્રિમાસીમાં વાર્ષિક ધોરણે એબિડ્ટા ૫ ટકા વધી રૂ.૨,૩૭૨ કરોડ




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**સુરત, તા.૨૪**

વિશ્વસ્તરીય વૈવિધ્યસભર અદાણી સમૂહના પોર્ટફોલિયોનો ભાગ અને ભારતની સૌથી મોટી ખાનગી ટ્રાન્સમિશન, વિતરણ અને સ્માર્ટ મીટરિંગ કંપની અદાણી એનર્જી સોલ્યુશન્સ લિ.(AESL) એ તા. ૩૧મી માર્ચ, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા આખરી ત્રિમાસી અને સમગ્ર વર્ષના તેના નાણાંકીય અને સંચાલકીય પ્રદર્શનની આજે જાહેરાત કરી હતી.

અદાણી એનર્જી સોલ્યુશન્સના મુખ્ય કારોબારી અધિકારી શ્રી કંદર્પ પટેલે જણાવ્યું હતું કે, નાણાંકીય વર્ષની મજબૂત કામગીરી પરત્વે આનંદ વ્યક્ત કરી જણાવ્યું હતું કે, આ દેખાવ સાતત્યપૂર્ણ કામકાજની અમલવારી અને શિસ્તબદ્ધ મૂડી વ્યવસ્થાપનને આભારી છે. તેમણે કહ્યું હતું કે, નાણાં વર્ષના આખરી ત્રિમાસીમાં કંપનીએ ઊંડી તકનીકી ક્ષમતાઓ અને જમીન પર અમલીકરણ શક્તિઓના પુરાવારૂપ મુંબઈ HVDC પ્રોજેક્ટ સહિત પાંચ ટ્રાન્સમિશન પ્રકલ્પો શરૂ કરી ભારતમાં બે HVDC પ્રકલ્પો સફળતાપૂર્વક અમલમાં મૂકનાર એકમાત્ર ખાનગી ક્ષેત્રના ખેલાડી બની છે. તેમણે ઉમેર્યુ હતું કે, વર્ષ દરમિયાન અમે ૧ કરોડ સ્માર્ટ મીટરના સીમાચિહ્નને પણ પાર કરી મોટા પાયે માળખાગત અમલીકરણમાં અમારા સ્થાનને મજબૂત બનાવ્યું છે.

અંતિમ ત્રિમાસી અને નાણાં વર્ષ ૨૬ના પ્રદર્શનની લાક્ષણિક આંકડાકીય માહિતી મુજબ નાણા વર્ષ-૨૫ના આખરી ત્રિમાસી ગાળાની કુલ આવક રૂ.૬,૫૯૬ કરોડની સામે ઉક્ત વર્ષના સમાન ગાળામાં વાર્ષિક ધોરણે આવક ૧૫ ટકા વધીને રૂ.૭,૫૮૮ કરોડ થઇ હતી. જ્યારે ગત ૨૦૨૫ના સમગ્ર વર્ષમાં રૂ.૨૪,૪૪૭ની આવકમાં વાર્ષિક ધોરણે ૧૫.૯%ના વધારાની તુલનાએ માર્ચ-૨૬માં પૂરા થયેલા વર્ષમાં આવક રૂ.૨૮,૩૨૫ કરોડ થઇ હતી.

નાણાં વર્ષ-૨૫ના આખરી ત્રિમાસી ગાળાની કામકાજમાંથી કુલ આવક રૂ.૪,૧૧૬ કરોડની તુલનાએ તાજેતરમાં પૂરા થયેલાં નાણા વર્ષ-૨૬માં આવકમાં વાર્ષિક ધોરણે ૬.૯%ના વધારા સાથે રૂ.૪,૪૦૦ કરોડ થઇ છે. જ્યારે ગત નાણા વર્ષમાં રૂ.૧૭,૦૫૭ની તુલનાએ હમણાં પુરા થયેલા વર્ષમાં ૭.૩%ના વાર્ષિક ધોરણે વધારા સાથે આવક રૂ.૧૮,૨૯૬ કરોડ થઇ છે.

ગત નાણાં વર્ષમાં આખરી ત્રિમાસીમાં રૂ.૧,૭૫૭ કરોડના ઓપરેટીંગ એબિડ્ટાની તુલનાએ નાણાં વર્ષ-૨૬ના સમાન ગાળામાં વાર્ષિક ધોરણે ૧૨.૭%ના વધારા સાથે ઓપરેટીંગ એબિડ્ટા રૂ.૧,૯૮૧ કરોડ જ્યારે સમગ્ર વર્ષમાં ઓપરે'લ એબિડ્ટા નાણા વર્ષ-૨૫માં રુ.૬,૫૭૧ કરોડની તુલનાએ નાણા વર્ષ-૨૬ના અંતે વાર્ષિક ધોરણે ૧૨.૭%ના વધારા સાથે ઓપરેટીંગ એબિડ્ટા રુ.૭,૪૦૭ કરોડ રહ્યો છે.

ગત નાણા વર્ષ-૨૫ના આખરી ત્રિમાસીમાં રૂ. ૨,૨૬૨ કરોડના એબિડ્ટાની તુલનાએ નાણા વર્ષ-૨૬ના સમાન ગાળામાં વાર્ષિક ધોરણે ૪.૯%ના વધારા સાથે એબિડ્ટા રૂ.૨,૩૭૨ કરોડ હાંસલ થયો છે. સમગ્ર નાણા વર્ષ-૨૫માં એબિડ્ટા રૂ.૭,૭૪૬ કરોડની તુલનાએ નાણા વર્ષ-૨૬ના અંતે વાર્ષિક ધોરણે ૧૨.૭%ના વધારા સાથે એબિડ્ટા રૂ.૮,૭૨૬ કરોડ પ્રાપ્ત થયો છે.

નાણાં વર્ષ-૨૫ના આખરી ત્રિમાસીમાં કર બાદનો નફો રૂ.૭૧૪ કરોડની તુલાનાએ નાણાં વર્ષ-૨૬ના સરખા ગાળામાં વાર્ષિક ધોરણે નફો ૧.૩% વધી રૂ.૭૨૩ કરોડ થયો હતો. જ્યારે સમગ્ર નાણા વર્ષ-૨૫માં કર બાદનો નફો જે રૂ.૯૨૨ કરોડ હતો. તે નાણા વર્ષ-૨૬ના અંતે વાર્ષિક ધોરણે મબલખ ૧૫૯.૬%વધી રૂ.૨,૩૯૩ કરોડ થયો છે. સમાયોજીત કર બાદનો નફો ઉક્ત વર્ષના ત્રિમાસી સમય ગાળાઓમાં અનુક્રમે રૂ.૫૬૬ કરોડની તુલનાએ વાર્ષિક ધોરણે ૨૭.૭% વધી રૂ.૭૨૩ કરોડ થયો છે. જ્યારે નાણા વર્ષ-૨૫ના સમગ્ર વર્ષ દરમિયાન રૂ.૧,૮૧૦ કરોડના સમાયોજીત કર બાદના નફાની તુલનાએ હમણાં પૂરા થયેલા વર્ષાંતે વાર્ષિક ધોરણે ૩૨.૩% વધી રૂ.૨,૩૯૩ કરોડ થયો છે.છેલ્લા નાણાકીય વર્ષમાં મૂડીખર્ચ ૧.૨૪ ગણો વધીને રૂ. ૧૪,૨૩૨ કરોડ થયો છે, જે નાણા વર્ષ ૨૫માં રૂ.૧૧,૪૪૪ કરોડ હતો.

મુંબઈમાં પ્રથમ HVDC પ્રકલ્પના કાર્યાન્વયન સાથે ૪૦૦ કીલોવોટ વીજ પુરી પાડનાર પ્રથમ કંપની બનવા ઉપરાંત HVDC અને મુંબઇ શહેરના સૌથી મોટા છુટક વિતરક તરીકે તેની હાજરીને મજબૂત બનાવી છે. વર્ષ દરમિયાન કંપનીએ મુંબઈ HVDC, ઉત્તર કરણપુરા ટ્રાન્સમિશન, ખાવડા ફેઝ II પાર્ટ-A, ખાવડા પૂલિંગ સ્ટેશન ૧ અને સાંગોદ ટ્રાન્સમિશન મળી કુલ પાંચ ટ્રાન્સમિશન પ્રકલ્પ કાર્યરત કર્યા છે. સ્માર્ટ મીટર વ્યવસાય અંતર્ગત કંપનીએ ૧ કરોડ સ્માર્ટ મીટર બેસાડવાના આંકને વટાવ્યો છે. જે ડિસ્કોમ્સમાં સ્માર્ટ મીટરિંગ ડિપ્લોયમેન્ટમાં ઉદ્યોગના બેન્ચમાર્કને ચિહ્નિત કરે છે.કંપનીએ તાજેતરમાં હાંસલ કરેલ પ્રકલ્પ સહિત કંપનીની કુલ ટ્રાન્સમિશન હેઠળની પાઈપલાઈન રૂ.૭૧,૭૭૯ કરોડની છે. કંપનીની સ્માર્ટ મીટરની ઓર્ડર બુક રૂ.૨૯,૫૧૯ કરોડની આવકની સંભાવના સાથે ૨.૪૬ કરોડ મીટરની છે.

ટ્રાન્સમિશન ક્ષેત્રે નજીકના ગાળાની રૂ.૧.૫ કરોડની મજબૂત ટેન્ડરિંગ પાઈપલાઈન અને સ્માર્ટ મીટરિંગ માટે રાષ્ટ્રવ્યાપી બજારની તક ૧૦૩ મિલિયન મીટર પર ચાલુ છે. કંપની માટે એકંદરે નાણાકીય વર્ષ-૨૬ તેના કાર્યક્ષેત્રના તમામ પાસાઓમાં મજબૂતી સાથે સંગીન પરિણામો હાંસલ કરનારૂ રહ્યું છે.

# ટ્રમ્પની મધ્યસ્થતામાં લેવાયો નિર્ણય : ઈઝરાયલ અને લેબેનોન વચ્ચે સીઝફાયર 3 અઠવાડિયા લંબાયું

**ટૂંક સમયમાં ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ અને લેબેનોનના રાષ્ટ્રપતિ જોસેફ આઉન વ્હાઇટ હાઉસમાં રૂબરૂ મુલાકાત કરશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૪**

પશ્ચિમ એશિયા (મિડલ ઈસ્ટ) માં ચાલી રહેલા સંઘર્ષને અટકાવવા માટે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મોટી સફળતા મેળવી છે. વોશિંગ્ટનમાં વ્હાઈટ હાઉસ ખાતે યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠક બાદ ટ્રમ્પે જાહેરાત કરી છે કે ઈઝરાયલ અને લેબેનોન વચ્ચેના સીઝફાયરને વધુ ૩ અઠવાડિયા માટે લંબાવવામાં આવ્યું છે. આ શાંતિ મંત્રણાનો મુખ્ય ઉદ્દેશ્ય મિડલ ઈસ્ટમાં સ્થિરતા લાવવાનો અને લેબેનોનને હિઝબુલ્લાહના ખતરાથી સુરક્ષિત રાખવાનો છે.

ઓવલ ઓફિસમાં યોજાયેલી આ બેઠકમાં અમેરિકા વતી ટ્રમ્પ ઉપરાંત ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ, સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયો અને ઈઝરાયલ તથા લેબેનોનમાં રહેલા અમેરિકન રાજદૂતો પણ ઉપસ્થિત રહ્યા હતા. ટ્રમ્પે આ મંત્રણાને 'અત્યંત સફળ' ગણાવતા તેને અમેરિકા માટે એક મોટી રાજદ્વારી જીત ગણાવી છે. આ બેઠક એવા સમયે થઈ છે જ્યારે એક દિવસ પહેલા જ થયેલા હવાઈ હુમલામાં અમલ ખલીલ નામના પત્રકાર સહિત પાંચ લોકોએ જીવ ગુમાવ્યો હતો.

આ શાંતિ મંત્રણાના ભાગરૂપે ટ્રમ્પે હવે ભવિષ્યમાં વધુ મોટા પગલાના સંકેત આપ્યા છે. ટૂંક સમયમાં ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ અને લેબેનોનના રાષ્ટ્રપતિ જોસેફ આઉન વ્હાઈટ હાઉસમાં રૂબરૂ મુલાકાત કરશે. આ મુલાકાત મધ્ય-પૂર્વના ઈતિહાસમાં અત્યંત મહત્વની સાબિત થઈ શકે છે.

ટ્રમ્પે સ્પષ્ટ કર્યું છે કે, જો આ વિસ્તારમાં સ્થાયી શાંતિ જોઈતી હોય, તો ઈરાને હિઝબુલ્લાહને મળતી આર્થિક મદદ (ફંડિંગ) બંધ કરવી જ પડશે. એક તરફ ટ્રમ્પે શાંતિની જાહેરાત કરી છે, તો બીજી તરફ જમીની સ્તરે હિંસા હજુ સંપૂર્ણપણે થમી નથી.

સીઝફાયરના વિસ્તારની જાહેરાત બાદ પણ હિઝબુલ્લાહે ઈઝરાયલના શ્ટુઆ વિસ્તારને નિશાન બનાવીને અનેક રોકેટ છોડ્યા હતા. જોકે, ઈઝરાયેલી સેના એ દાવો કર્યો છે કે તમામ રોકેટને હવામાં જ તોડી પાડવામાં આવ્યા છે. આ ઘટનાઓ દર્શાવે છે કે સીઝફાયર અત્યંત નાજુક તબક્કે છે.

# ઈરાનની અસાધારણ એકતાએ શત્રુઓને નબળા પાડ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**તેહરાન, તા.૨૪**

અમેરિકા અને ઈઝરાયલના હુમલામાં ગંભીર રીતે ઘાયલ હોવાના અહેવાલો વચ્ચે ઈરાનના સુપ્રીમ લીડર મોજતબા ખામેનેઈએ નવો સંદેશ જારી કરીને જવાબ આપ્યો છે. શુક્રવારે રાષ્ટ્રજોગ સંદેશમાં ખામેનેઈએ કહ્યું કે, ઈરાનની અસાધારણ એકતાએ શત્રઓને નબળા પાડ્યા છે.

તેમણે મીડિયા દ્વારા લોકોના મગજ સાથે ખેલ ખેલવાનો આરોપ લગાવતા અમેરિકા અને ઈઝરાયલને ચેતવણી પણ આપી છે. અગાઉ એક રિપોર્ટમાં મોજતબા ખામેનેઈ અંગે એવો દાવો કરવામાં આવ્યો હતો કે તેઓ ગંભીર રીતે ઘાયલ છે અને તેઓ બોલવા માટે પણ અસમર્થ છે.

મોજતબા ખામેનેઈ તરફથી ગુરુવારે જારી કરવામાં આવેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, આપણા દેશવાસીઓ વચ્ચેની આ એકતાને કારણે શત્રઓ ભાંગી પડ્યા છે. જો આ એકતાને વધુ મજબૂત કરવામાં આવશે, તો શત્રઓ વધુ નબળા અને લાચાર બની જશે. ઈરાની સુપ્રીમ લીડરે અમેરિકા અને ઈરાન પર આરોપ લગાવતા કહ્યું કે, શત્રુઓ મીડિયાના માધ્યમથી લોકોના મગજ અને વિચારસરણીને પ્રભાવિત કરીને રાષ્ટ્રીય એકતાને નબળી પાડવાનો પ્રયાસ કરી રહ્યા છે. ખામેનેઈએ ચેતવણી આપી છે કે, આવા ષડયંત્રને ક્યારેય સફળ નહીં થવા દઈશું.

આ પહેલા મોજતબા ખામેનેઈના સ્વાસ્થ્યને લઈને અનેક પ્રકારની અટકળો લગાવવામાં આવી રહી હતી. અહેવાલો પ્રમાણે ગત ફેબ્રુઆરી મહિનામાં અમેરિકા અને ઈઝરાયલના હુમલામાં તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. બીજી તરફ યુદ્ધ શરૂ થયા બાદથી ખામેનેઈ અત્યાર સુધી જાહેરમાં દેખાયા નથી અને માત્ર લેખિત સંદેશા જ જારી કરી રહ્યા છે, જેને કારણે આ અટકળો વધુ તેજ બની છે. હવે તેમના સ્વાસ્થ્યને લઈને ન્યૂયોર્ક ટાઈમ્સના એક રિપોર્ટમાં મોટા દાવા કરવામાં આવી રહ્યા છે. એક અહેવાલમાં ઈરાની અધિકારીઓના હવાલે એવો દાવો કરવામાં આવ્યો છે કે, હુમલામાં મોજતબા ખામેનેઈનો ચહેરો અને હોઠ ગંભીર રીતે દાઝી ગયા છે. આ જ કારણ છે કે તેમને બોલવામાં મુશ્કેલી પડી રહી છે અને આગામી સમયમાં તેમને પ્લાસ્ટિક સર્જરીની જરૂર પડશે. બીજી તરફ એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે, તેમના એક પગની ત્રણ વખત સર્જરી થઈ ચૂકી છે અને તેમને કૃત્રિમ પગ એટલે કે પ્રોસ્થેટિક લેગની જરૂર પડી શકે છે. આ સાથે જ તેમના એક હાથનું પણ ઓપરેશન કરવામાં આવ્યું છે, જે બાદ તેમની હાલતમાં ધીમે-ધીમે સુધારો થઈ રહ્યો છે. જોકે, ઈરાન દ્વારા એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે તમામ મહત્વના નિર્ણયો અત્યારે પણ મોજતબા ખામેનેઈ પોતે જ લઈ રહ્યા છે.

## 'પરમાણુ હથિયારોના ઉપયોગની જરૂર જ નથી' : ટ્રમ્પ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**વોશિંગ્ટન, તા.૨૪**

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં પરમાણુ હથિયારોના ઉપયોગને લઈને ચાલી રહેલી અટકળો પર વિરામ મુકતા અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મહત્ત્વનું નિવેદન આપ્યું છે. વ્હાઈટ હાઉસ ખાતે પત્રકારો સાથેની વાતચીતમાં ટ્રમ્પે સ્પષ્ટ કર્યું હતું કે, 'અમેરિકા ઈરાન સામે પરમાણુ હથિયારોનો ઉપયોગ નહીં કરે, કારણ કે હુમલાઓ દ્વારા ઈરાનની સૈન્ય તાકાતને પહેલાથી જ ભારે નુકસાન પહોંચાડવામાં આવ્યું છે.'

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વિશ્વાસપૂર્વક જણાવ્યું હતું કે, 'હું પરમાણુ હથિયારોનો ઉપયોગ શા માટે કરીશ? અમે પરંપરાગત શસ્ત્રો દ્વારા જ ઈરાનના સૈન્ય માળખાને સંપૂર્ણપણે તોડી પાડ્યું છે. કોઈએ પણ ક્યારેય પરમાણુ હથિયારોનો ઉપયોગ કરવો જોઈએ નહીં. અમેરિકાએ આ ઘાતક હથિયાર વિના જ ઈરાનની લશ્કરી કમર તોડી નાખી છે, તેની નૌકાદળ ડૂબી ગઈ છે અને વાયુસેના તેમજ રડાર સિસ્ટમનો નાશ કરવામાં આવ્યો છે.'

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર પોસ્ટ કરતા ટ્રમ્પે ફેક ન્યૂઝના અહેવાલોને ફગાવતા લખ્યું હતું કે, 'જેઓ એમ માને છે કે હું ઈરાન સાથે યુદ્ધ સમાપ્ત કરવા માટે કોઈ દબાણ હેઠળ કે ઉતાવળમાં છું, તે ખોટા છે. મારી પાસે દુનિયાનો બધો જ સમય છે, પરંતુ ઈરાન પાસે સમય નથી. તેમની ઘડિયાળ ટિક ટિક કરી રહી છે!' એક તરફ શાંતિ અને કરારની વાતો થઈ રહી છે, તો બીજી તરફ અમેરિકાએ પોતાની વ્યૂહાત્મક તૈયારીઓ તેજ કરી દીધી છે. યુએસએસ જ્યોર્જ એચ.ડબલ્યુ. બુશ હિંદ મહાસાગરમાં પહોંચતા હવે આ ક્ષેત્રમાં અમેરિકાના ત્રણ એરક્રાફ્ટ કેરિયર્સ તહેનાત થયા છે. જેમાં યુએસએસ અબ્રાહમ લિંકન અરબી સમુદ્રમાં તહેનાત, યુએસએસ ગેરાલ્ડ આર. ફોર્ડ રાતા સમુદ્રમાં તહેનાત અને યુએસએસ જ્યોર્જ એચ.ડબલ્યુ. બુશ હિંદ મહાસાગરમાં પહોંચ્યું છે.

### ઈરાની સેનાએ હોર્મુઝની ખાડીમાં ત્રણ જહાજ પર ફાયરિંગ કર્યું

# ડોનાલ્ડ ટ્રમ્પે એક તરફી યુદ્ધ વિરામ લંબાવ્યો: ઈરાને કહ્યું, અમે વિચારીશું

**ઈસ્લામાબાદમાં વાટાઘાટો યોજાવાની આશા, દેશ હિતને ધ્યાનમાં રાખી ઈસ્લામાબાદ જવાનો નિર્ણય થશેઃ ઈરાન**



(સંપૂર્ણ સમાચાર સેવા)
**વોશિંગ્ટન, તા.૨૪**

યુદ્ધ વિરામ પૂરો થાય તે પહેલા ઈરાન દ્વારા સંધિનો સ્વીકાર ન થાય તો બોમ્બમારો કરવાની અને કોઈપણ સંજોગોમાં યુદ્ધ વિરામ નહીં લંબાવવાની ચીમકીઓ આપનારા યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાની આદત મુજબ અચાનક જ યુ ટર્ન લીધો છે. તેમણે અનિશ્ચિત મુદત માટે યુદ્ધ વિરામ લંબાવવાની જાહેરાત કરી દીધી છે. તેમણે દાવો કર્યો છે કે પાકિસ્તાનની વિનંતીને માન આપી આ પગલું ભરવામાં આવ્યું છે.

ટ્રમ્પની આ પહેલને ઈરાને ઠંડો પ્રતિસાદ આપ્યો છે અને યુદ્ધ વિરામ લંબાવવાનું સત્તાવાર એલાન કરવાના બદલે વિચારણા કરવાનું કહીને વચલો માર્ગ કાઢી લીધો છે.

યુદ્ધ વિરામનું એલાન કરતાં ટ્રમ્પે કહ્યું હતું કે, ઈરાનની સરકાર ગંભીર રીતે લકવા જેવી હાલતમાં મૂકાઈ છે. ઈરાનની આ સ્થિતિ અને પાકિસ્તાની સૈન્યના વડા ફિલ્ડ માર્શલ અસિમ મુનીર તથા વડાપ્રધાન શેહબાઝ શરીફે કરેલી વિનંતીના પગલે ઈરાન પર હુમલા રોકવાનો નિર્ણય લીધો છે. ઈરાનના પ્રતિનિધિઓ અને નેતાઓ એક સૂરે વાટાઘાટો માટે કોઈ પ્રસ્તાવ સુધી ન પહોંચે ત્યાં સુધી હુમલા કરાશે નહીં. આ સાથે ટ્રમ્પે ઈરાનની નાકાબંધી અને આર્થિક પ્રતિબંધો કાયમ રાખવાની જાહેરાત પણ કરી હતી. ઈરાનની નાકાબંધી સહેજ પણ ઢીલી ન પડે તેનું ધ્યાન રાખવા ટ્રમ્પે યુએસ સૈન્યને ખાસ તાકિદ કરી છે.

ટ્રમ્પના આ નિર્ણયને આવકારતા પાકિસ્તાનના વડાપ્રધાન શેહબાઝ શરીફે કહ્યું હતું કે, વાટાઘાટો મારફતે ઘર્ષણનો ઉકેલ લાવવા પાકિસ્તાન નિષ્ઠાપૂર્વક પ્રયાસ કરશે. બંને પક્ષ યુદ્ધ વિરામનું પાલન કરશે તેવી આશા વ્યક્ત કરી શરીફે ટૂંક સમયમાં શાંતિ કરાર થવાની અપેક્ષા વ્યક્ત કરી હતી.

ઈસ્લામાબાદમાં આગામી તબક્કાની વાટાઘાટો થકી ઘર્ષણનો કાયમી ઉકેલ આવશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો. યુએસ તરફથી યુદ્ધ વિરામ જાહેર થવા છતાં ઈરાને બુધવારે હોર્મુઝની ખાડીમાં ત્રણ જહાજ પર ફાયરિંગ કર્યું હતું અને તેમાંથી બે જહાજ જપ્ત કરી લીધા હતા. બે અઠવાડિયાનો યુદ્ધ વિરામ પૂરો થવાની તૈયારીમાં હતો ત્યારે ટ્રમ્પે કરેલી નાટ્યાત્મક જાહેરાતથી પાકિસ્તાનના નેતાઓ રાજી થઈ ગયાં છે.

શુક્રવારે યુએસ-ઈરાન વચ્ચે બીજા તબક્કાની વાટાઘાટો થવાની અપેક્ષા ટ્રમ્પે વ્યક્ત કરી છે. આ સંદર્ભે ઈરાનિયન વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બાકેઈના જણાવ્યા મુજબ, ઈસ્લામાબાદમાં પાકિસ્તાનની મધ્યસ્થીમાં યોજાનારી વાટાઘાટોમાં હાજરી બાબતે તેહરાન તરફથી કોઈ નિર્ણય લેવાયો નથી. ઈસ્લામાબાદ જવાનું દેશહિતમાં જરૂર લાગશે તો જ ઈરાનનું પ્રતિનિધિ મંડળ જશે. જો કે હાલના તબક્કે કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી.

અમેરિકા સાથે વાટાઘાટોના કડવા અનુભવનું સ્મરણ કરતાં ઈસ્માઈલે કહ્યું હતું કે, પરસ્પર વિશ્વાસ અને સદભાવ સાથે મુદ્દાની ગંભીરતાને જોતાં ઈરાનનું પ્રતિનિધિ મંડળ પાકિસ્તાન ગયુ હતું, પરંતુ વાટાઘાટો કરી રહેલા અન્ય પક્ષમાં ગંભીરતા તથા સદભાવનો સદંતર અભાવ હતો. ટ્રમ્પે લંબાવેલા યુદ્ધ વિરામને આવકારવાના બદલે ઈરાનના રીવોલ્યુશનરી ગાર્ડ્સે દ્વારા ફ્રાન્સેસ્કા અને એપામિનોડ્સ નામના બે જહાજને આંતરવામાં આવ્યા હતા.




### ગ્લોબલ ટોપ ૧૦માં એન્ટ્રી

# વિજય વર્માની 'મટકા કિંગ' ભારત અને યુએઈમાં નંબર ૧




(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

રોય કપૂર ફિલ્મ્સની સિરીઝ 'મટકા કિંગ'માં વિજય વર્મા મુખ્ય ભૂમિકામાં છે, તે ઓટીટી પ્લેટફોર્મ પર સફળ રહી છે. આ સિરીઝ ૧૭ એપ્રિલે પ્રાઈમ વીડિયો પર રિલીઝ થયા પછી માત્ર ચાર દિવસમાં જ ભારત અને યુએઈમાં નંબર ૧ સ્થાન મેળવી લીધું છે. આઠ એપિસોડની આ ક્રાઈમ ડ્રામાએ પ્રાઈમ વીડિયોમાં ગ્લોબલ ટોપ ૧૦માં ૮મું સ્થાન પણ મેળવ્યું છે અને હાલમાં વિશ્વભરમાં ટ્રેન્ડ થતી એકમાત્ર ભારતીય સિરીઝ બની છે.

નાગરાજ પોપટરાવ મંજુલે દ્વારા લખાયેલી અને ડિરેક્ટ થયેલી આ સિરીઝનું પ્રોડક્શન સિદ્ધાર્થ રોય કપૂરે કર્યું છે. સિરીઝે માત્ર ભારત અને યુએઈ જ નહીં, પરંતુ ઓસ્ટ્રેલિયા, કેનેડા, મલેશિયા, ન્યુઝીલેન્ડ, સિંગાપોર અને યુકે જેવા દેશોમાં પણ ટોપ ૧૦માં સ્થાન મેળવીને તેની વૈશ્વિક લોકપ્રિયતા સાબિત કરી છે. સિરીઝના કેન્દ્રમાં વિજય વર્મા દ્વારા ભજવાયેલું બ્રિજ ભટ્ટીનું પાત્ર છે, જે ૧૯૬૦ અને ૭૦ના દાયકાનાં મુંબઈમાં ચાલતા મટકા જુગારની જોખમી દુનિયામાં સંઘર્ષ કરે છે. શોની મજબૂત કહાની અને વાસ્તવિક રજૂઆત તેની લોકપ્રિયતા પાછળનું મુખ્ય કારણ છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પણ આ સિરીઝને સારો પ્રતિસાદ મળ્યો છે. વિજય વર્મા સિવાય આ સિરીઝમાં સાઈ તામ્હણકર, કૃતિકા કામરા, સિદ્ધાર્થ જાધવ અને ગુલશન ગ્રોવર મહત્વપૂર્ણ ભૂમિકામાં છે. મજબૂત કહાની, શાનદાર અભિનય અને વૈશ્વિક સ્તરે મળતા પ્રતિસાદને કારણે 'મટકા કિંગ' ટૂંક સમયમાં જ સૌથી ચર્ચિત ભારતીય ઓટીટી સિરીઝમાં સ્થાન બનાવી ચૂકી છે.

### સમિરા રેડ્ડીનો ખુલાસો

# "મારે કોઈ ફિયરલેસ હોય એવા વિષય સાથે કમબેક કરવું હતું"

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

સમિરા રેડ્ડી લાંબા સમય પછી ફિલ્મમાં કમબૅક કરી રહી છે. તે લાંબા સમયથી પોતાના સોશિયલ મિડીયા વીડિયો અને વ્લોગના કારણે સતત ચર્ચામાં રહેતી હતી. હવે સમીરા સંજય દત્તની આખરી સવાલ સાથે ફરી ફિલ્મોમાં વાપસી કરવા જઈ રહી છે. તાજેતરમાં રિલીઝ થયેલા ટીઝરે પહેલેથી જ ફિલ્મને લઈને ચર્ચા ઉભી કરી છે અને હવે સમીરા રેડ્ડીએ કમબેક માટે આ પ્રોજેક્ટ પસંદ કરવાનું કારણ શેર કર્યું છે.



સિનેમામાં પાછા ફરવાના નિર્ણય વિશે સમિરાએ કહ્યું, "હું ફિલ્મોમાં પાછી આવી ત્યારે સહેલું કામ કરવા માટે આવી નહોતી અને આખરી સવાલ તો બિલકુલ સહેલી ફિલ્મ નથી. આ વિષય વિશે મારી સમજ સીમિત હતી અને ખાસ જાણકારી નહોતી, પરંતુ સ્ક્રિપ્ટ વાંચ્યા પછી સમજાયું કે ઘણું ખબર નથી. આ અનુભવ મારી સાથે રહી ગયો. આ ફિલ્મ તમારા મનને શાંત નથી રહેવા દેતી— તે તમને વિચારતાં કરી દે છે, તમારી માન્યતાઓને પડકારે છે અને તમે જે સ્વીકાર્યું છે તેના પર પ્રશ્ન ઉઠાવવા મજબૂર કરે છે. હું મારું કમબૅક એવું બનાવવી માગતી હતી જે ફિયરલેસ હોય અને ચર્ચા જગાવે અને આ ફિલ્મ એ જ કરે છે."

૨૦૦૦ના દાયકામાં હિન્દી સિનેમામાં લોકપ્રિય ચહેરો રહેલી સમિરા રેડ્ડી છેલ્લાં કેટલાંક વર્ષોથી ફિલ્મોથી દૂર રહી હતી, પરંતુ ડિજિટલ પ્લેટફોર્મ અને જાહેર જીવનમાં સક્રિય રહી છે. હવે વિષય આધારિત ફિલ્મ સાથે તેની વાપસી લાંબા સમયથી રાહ જોતા ચાહકો માટે ખાસ બની શકે છે.

### અભય પન્નુ રોકેટ બોય્ઝ સહિતની સિરીઝ માટે જાણીતા ડિરેક્ટર છે

# અભય પન્નુ યશ રાજ ફિલ્મ્સની ઐતિહાસિક પહેલી હોરર ફિલ્મ ડિરેક્ટ કરશે

**યશ રાજ ફિલ્મ્સના છેલ્લા ૫૦ વર્ષના ઇતિહાસમાં બનાવવામાં આવતી પહેલી હોરર ફિલ્મ હશે, જેનું નામ હજુ નક્કી થયું નથી**

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

બોલિવૂડમાં એક તરફ હોરર અને બીજી તરફ હોરર કોમેડીનો ટ્રેન્ડ શરૂ થયો છે, ત્યારે હવે યશ રાજ ફિલ્મ્સે ફિલ્મમેકર અભય પન્નુને તેમની હોરર ફિલ્મ માટે સાઈન કર્યા છે. રોકેટ બોયઝ જેવી વખાણેલી સિરીઝ માટે જાણીતા અભય પન્નુએ આ પ્રોજેક્ટની સ્ક્રિપ્ટ પણ તૈયાર કરી છે અને ફિલ્મનું શૂટિંગ ૨૦૨૬ના અંતમાં શરૂ થવાનું છે. આ યશ રાજ ફિલ્મ્સના છેલ્લા ૫૦ વર્ષના ઈતિહાસમાં બનાવવામાં આવતી પહેલી હોરર ફિલ્મ હશે, જેનું નામ હજુ નક્કી થયું નથી.

સુત્રોના જણાવ્યા મુજબ, "યશ રાજ ફિલ્મ્સે અત્યાર સુધી લગભગ તમામ જૉનરમાં ફિલ્મ બનાવી છે, પરંતુ હોરર જૉનરથી દૂર રહ્યા છે. ૨૦૨૭માં, બેનર પહેલીવાર હોરર ક્ષેત્રમાં પ્રવેશ કરશે, જેમાં અભય પન્નુ દિગ્દર્શક તરીકે જોડાયેલા છે. યશરાજના સીઈઓ અક્ષય વિધાનીએ આ પ્રોજેક્ટને આગળ વધાર્યો અને આદિત્ય ચોપરાને પહેલીવાર હોરર જેવી નવી દિશામાં વિચારવા પ્રોત્સાહિત કર્યા છે."

સૈયારાની સફળતા પછી, સીઈઓ અક્ષય વિધાનીના નેતૃત્વ હેઠળ યશરાજ ફિલ્મ્સ નવી પેઢીના સ્ટોરીટેલર્સ સાથે સક્રિય રીતે કામ કરી રહ્યું છે, જેમાં મોહિત સૂરી, સમીર સક્સેના અને અભય પન્નુનો સમાવેશ થાય છે. આ પ્રયાસનો હેતુ સ્ટુડિયોની સ્ટોરીટેલિંગ ક્ષમતાને નવા જૉનર અને ફોર્મેટમાં વિસ્તાર કરવાનો છે. આ વ્યૂહરચનાના ભાગરૂપે, યશરાજ ફિલ્મ્સ પોતાના આંતરિક ક્રિએટિવ માળખાને પણ મજબૂત કરી રહ્યું છે, જેમાં બે મોડલ પર કામ થઈ રહ્યું છે—એક તરફ આદિત્ય ચોપરા દ્વારા ડેવલપ અને પ્રોડ્યુસ થતી ફિલ્મો અને બીજી તરફ અક્ષય વિધાની અને તેમની ટીમ દ્વારા સંચાલિત પ્રોજેક્ટ્સ, જે નવા ક્રિએટિવ યુવાનોને પ્રોત્સાહન આપે છે.

સુત્રએ વધુમાં જણાવ્યું, "આ પહેલીવાર છે જ્યારે આદિત્ય ચોપરાએ ફિલ્મ પ્રોડક્શનની જવાબદારી બીજા કોઈને આપી છે અને કન્ટેન્ટ ક્રિએશનની જવાબદારી અક્ષય વિધાનીને સોંપી છે. સૈયારાની સફળતા પછી, તેઓ નવા ફિલ્મમેકર્સ સાથે વધુ ફિલ્મ બનાવવા માટે ઉત્સુક છે." હાલ માટે આ હોરર ફિલ્મ વિશે વધુ વિગતો બહાર આવી નથી, પરંતુ યશરાજ ફિલ્મ્સના આ નવા પગલાંને લઈને ઈન્ડસ્ટ્રીમાં ઉત્સુકતા વધી ગઈ છે.

### દીપિકા પ્રેગનન્સી દરમિયાન એક્શન સીન પણ શૂટ કરશે

# દીપિકાએ પ્રેગનન્સી જાહેર કરતાં 'રાકા'માંથી સ્ક્રીન ટાઈમ કપાયો?

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

અલ્લુ અર્જુન અને દીપિકા પાદુકોણની અટલી સાથેની સાઈફાઈ ફિલ્મ રાકા શરૂઆતથી જ ચર્ચામાં રહી છે. તાજેતરમાં ફિલ્મનો ફર્સ્ટ લૂક જાહેર થયો, જેને લઈને ઉત્સાહ વધી ગયો હતો. બીજી તરફ તાજેતરમાં જ દીપિકાએ બીજી પ્રેગનન્સની જાહેરાત કરી છે. જોકે, હવે એવી ચર્ચા છે કે ફિલ્મમાંથી દીપિકા પાદુકોણનો સ્ક્રીન ટાઈમ ઓછો કરવામાં આવ્યો છે. આ દાવાઓને નકારી કાઢતા, રાકાની ટીમે સ્પષ્ટતા કરી છે કે બધું આયોજન મુજબ ચાલી રહ્યું છે અને દીપિકા ફિલ્મમાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે. ટીમે આ અફવાઓને સંપૂર્ણપણે પાયાવિહોણી ગણાવી છે. ફિલ્મની ટીમે જણાવ્યું, "બધું આયોજન મુજબ ચાલી રહ્યું છે. દીપિકા પાદુકોણ 'રાકા'માં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને શૂટિંગ ખૂબ જ સારી રીતે આગળ વધી રહ્યું છે."તાજેતરના અહેવાલો મુજબ, દીપિકા પોતાની બીજી પ્રેગનન્સી છતાં કામ ધીમું કરવાની મૂડમાં નથી. તેણે તાજેતરમાં એક બ્રાન્ડ કેમ્પેઈનનું શૂટિંગ પણ કર્યુ છે. ઉપરાંત, એવી માહિતી છે કે તે ફિલ્મ માટે તમામ જરૂરી સાવચેતી સાથે

**દીપિકા છેલ્લે સિંઘમ અગેઇનમાં જોવા મળી હતી. પાછળથી એ વખતે પણ તેના એક્શન સીનના શૂટ વખતે દીપિકા પ્રેગનન્ટ હોવાના અહેવાલો આવ્યા હતા**



એક્શન સીન પણ શૂટ કરશે. ફિલ્મ રાકાનું ડિરેક્શન અટલી દ્વારા કરવામાં આવી રહ્યું છે, હાલમાં આયોજન મુજબ શૂટ થઈ રહી છે. પ્રોડક્શન ટીમ સમયસર કામ પૂર્ણ કરવા માટે સતત પ્રયત્ન કરી રહી છે. દીપિકા છેલ્લે સિંઘમ અગેઈનમાં જોવા મળી હતી. પાછળથી એ વખતે પણ તેના એક્શન સીનના શૂટ વખતે દીપિકા પ્રેગનન્ટ હોવાના અહેવાલો આવ્યા હતા. તેના આવનારા પ્રોજેક્ટ્સમાં રાકા સિવાય સિદ્ધાર્થ આનંદની ફિલ્મ કિંગ પણ છે, જેમાં તે શાહરુખ ખાન સાથે નજર આવશે. આ ફિલ્મમાં સુહાના ખાન પણ મુખ્ય ભૂમિકામાં છે, જ્યારે દીપિકા મહત્વપૂર્ણ રોલમાં જોવા મળશે. દીપિકાની બીજી પ્રેગનન્સીની જાહેરાત પછી એવી ચર્ચા હતી કે તેને ફિલ્મમાંથી બદલી શકાય અથવા તેનો રોલ ઘટાડવામાં આવી શકે. પરંતુ હવે નિર્માતાઓએ સ્પષ્ટતા કરી છે કે આ બધું ખોટું છે. આ પહેલી વાર નથી કે દીપિકા ગર્ભાવસ્થા દરમિયાન કામ કરી રહી છે. ૨૦૨૪માં પોતાની પહેલી ગર્ભાવસ્થા દરમિયાન પણ તેણે કલ્કી ૨૮૯૮ એડી માટે શૂટિંગ કર્યુ હતું અને પ્રમોશન ઈવેન્ટ્સમાં પણ ભાગ લીધો હતો. ફિલ્મ રાકામાં દીપિકા અને અટલી સાથે આ બીજી વખત કામ કરી રહી છે. અગાઉ, નિર્માતાઓએ એક લોંચ વિડિયો દ્વારા દીપિકાનું સ્વાગત કર્યુ હતું, જેમાં તેની તૈયારીની ઝલક જોવા મળી હતી. તેમણે લખ્યું હતું, "રાણી જીતવા માટે કૂચ કરશે."

ચીખલી તાલુકામાં છેલ્લા કેટલાક સમયથી ચોરીનો સિલસિલો યથાવત

# ૧૦ દિવસમાં ચોરીનો બીજો બનાવ: ચોરટાઓ રૂા. ૧.૮૫ લાખની મત્તા ચોરી ફરાર

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**ચીખલી,(વંકાલ), તા.૨૪**

ચીખલી તાલુકામાં જાણે ચોરટાઓ માટે વિશ્વનીય સ્થળ બની ગયું હોય તેમ એક જ રાતમાં તસ્કરોએ પાંચ અલગ-અલગ વિસ્તારમાં મકાનોના તાળા તોડતા પોલીસની નાઈટ પેટ્રોલીંગ સામે અનેક સવાલો ઉભા થવા પામ્યા છે. ચીખલીમાં બંધ ઘરમાં ધાપ મારી ૧,૮૫ લાખ રૂપિયાની મત્તા ચોરી ગયા હતા.

ચીખલી તાલુકાના સમરોલી નવા નગર ખાતે રહેતા અલ્પેશ રતિલાલ પટેલ (ઉ.વ.૫૧)ના સસરાનું ઘર ચીખલી જુના વલસાડ રોડ મહાદેવ નગર સોસાયટી ખાતે આવેલ હોય જેમનું સાતેક મહિના અગાઉ અવસાન થતા રાત્રિના સમયે ઘર બંધ કરી પોતાના સમરોલી સ્થિત ઘરે રહેતા હતા. દરમિયાન વહેલી સવારના આશરે ચારથી પાંચ વાગ્યાના સમય દરમિયાન મકાનનું તાળું તોડી અંદર પ્રવેશ કરી નીચેના બેડરૂમમાં મુકેલ રોકડા ૩૦,૦૦૦/- રૂપિયા તેમજ પ્રથમ માળના રૂમમાં કબાટમાં મુકેલ સોનાનું મંગળસૂત્ર ચાર તોલાનું કિ.રૂા.૧,૪૦,૦૦૦/- તથા ચાંદીના સાંકળા ત્રણ જોડી કિ.રૂા.૧૫,૦૦૦/- મળી કુલ્લે રૂા.૧,૮૫,૦૦૦/- મત્તાની ચોરી કરી અજાણ્યા તસ્કરો ફરાર થઈ ગયા હતા.

આ ઉપરાંત ચીખલીના મહેતવાડ મહોલ્લા ખાતે રહેતા શ્રી અરવિંદભાઈ ગજાનંદ પારેખના ઘરે તેમજ મધુબન એપાર્ટમેન્ટના ચેતનભાઈ જયંતિભાઈ સાચલિયાના ઘર મહાદેવ નગર સોસાયટી, ચિત્રકૂટ સોસાયટી અને પોસ્ટ ઓફિસ સામે આવેલા ખૂંધ ગામની ઈન્દ્રપ્રસ્થ એપાર્ટમેન્ટ મળી કુલ પાંચ સ્થળો પર તસ્કરોએ બંધ મકાનોના તાળા તોડી આ ઘરોમાંથી પણ સોનાના દાગીનાની ચોરી થયાનું જાણવા મળ્યું હતું.

જોકે, આ સમગ્ર જગ્યાએ ચોરીની ઘટનાઓમાં બે તસ્કરો મહેતવાડ વિસ્તારમાં સવારે પાંચેક વાગ્યાના અરસામાં મોટર સાયકલ લઈને ફરતા હોવાના સીસીટીવીમાં જોવા મળ્યા હતા. જોકે ચોરટાઓ જે મોટર સાયકલ લઈને ચોરીને અંજામ આપવા આવ્યા હતા. તે મોટર સાયકલ પણ ચોરીની હોવાની શક્યતા નકારી શકાય તેમ નથી. ત્યારે સમગ્ર હકીકત પોલીસ તપાસના અંતે બહાર આવશે.

ચીખલી પોલીસની હદમાં છેલ્લા કેટલાક સમયથી ઘરફોડ ચોરીના બનાવોમાં ઉપરા છાપરી વધારો જોવા મળી રહ્યો છે. હાલે ૧૫-એપ્રિલના રોજ એપીએમસી માર્કેટ યાર્ડ સામે એક નિવૃત્ત શિક્ષક દંપતીના બંધ મકાનમાંથી રૂા.૯.૯૮ સોનાના દાગીના તેમજ અમેરિકન ડોલરની મત્તા ચોરાયાની ઘટના બહાર આવવા પામી હતી.

જે ચોરીની ઘટનાનો ભેદ હજુ સુધી ઉકેલાયો નથી. ત્યાંજ ફરી એજ વિસ્તારમાં ચોરટાઓ ચોરીને અંજામ આપતા પોલીસને રીતસરનો પડકાર ફેંકી રહ્યા હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે પોલીસના નાઈટ પેટ્રોલિંગ માત્રને માત્ર કાગળ ઉપર ચાલતું હોય તેવું ફલિત થવા પામ્યું છે. પોલીસના ભરોશે શાંતિની ઊંઘ લેતા ગ્રામજનોએ પોતેજ પોતાની રક્ષા કરવી ફરજીયાત બની રહી છે. ત્યારે પોલીસ હવે આળસ ખંખેરી નાઈટ પેટ્રોલિંગ તેજ કરે તે જરૂરી બન્યું છે.

# વાપી મહાનગરપાલિકા ચૂંટણીનો ધમધમાટ: કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને વોર્ડ નં.૫ અને ૯માં ભવ્ય સભા અને જનસંપર્ક યોજાયો





(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
**વાપી, તા.૨૪**

આગામી વાપી મહાનગરપાલિકાની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે ભારતીય જનતા પાર્ટી દ્વારા પ્રચાર કાર્ય તેજ ગતિએ શરૂ કરી દેવામાં આવ્યું છે, આ પ્રચાર અભિયાનના ભાગરૂપે ગુજરાત સરકારના નાણાં મંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને વાપીના વોર્ડ નંબર ૦૫ અને વોર્ડ નંબર ૦૯ (દેસાઈવાડ) ખાતે સ્થાનિક રહીશો અને કાર્યકર્તાઓ સાથે મહત્વની બેઠકો અને ચૂંટણી પ્રચાર યોજાયો હતો.

**વોર્ડ નંબર ૦૫ માં જનમેદની ઉમટી**

વોર્ડ નંબર ૦૫ ખાતે આયોજિત બેઠકમાં નાણાં મંત્રી કનુભાઈ દેસાઈની સાથે વલસાડ-ડાંગના સાંસદ ધવલભાઈ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વાપી ભાજપ શહેર પ્રમુખ મનીષભાઈ દેસાઈ, વોર્ડના તમામ ઉમેદવારો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ તેમજ નગરજનો હાજર રહ્યા હતા. નાણાં મંત્રી અને સાંસદએ સરકારની લોકકલ્યાણકારી યોજનાઓ વિશે માહિતી આપી ભાજપના ઉમેદવારોને જંગી મતે વિજયી બનાવવા આહવાન કર્યું હતું.

**વોર્ડ નંબર ૦૯ (દેસાઈવાડ) માં પ્રચારની ગૂંજ**

ત્યારબાદ વોર્ડ નંબર ૦૯, દેસાઈવાડ ખાતે પણ સ્થાનિક રહીશો સાથે બેઠક યોજાઈ હતી. અહીં પણ મંત્રી કનુભાઈ દેસાઈ અને શહેર પ્રમુખ મનીષભાઈ દેસાઈએ કાર્યકર્તાઓમાં ઉત્સાહ પૂર્યો હતો. વોર્ડના ઉમેદવારો સાથે રહીને ઘરે-ઘરે જનસંપર્ક કરવામાં આવ્યો હતો, જેમાં સ્થાનિક રહીશોનો અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડ્યો હતો.

# વલસાડના ખજૂરડી ખાતે પ્રદેશ મહિલા મોરચાના પ્રમુખ અંજુબેન વેકરીયાના અધ્યક્ષ સ્થાને ભાજપ મહિલા મોર્ચાનું ભવ્ય 'મહિલા સંમેલન' યોજાયું





(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
**વાપી, તા.૨૪**

ભારતીય જનતા પાર્ટી, વલસાડ જિલ્લા મહિલા મોરચા દ્વારા ખજૂરડી ખાતે એક વિશાળ 'મહિલા સંમેલન'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલન ગુજરાત પ્રદેશ મહિલા મોરચાના અધ્યક્ષ શ્રીમતી અંજુબેન વેકરિયાના અધ્યક્ષ સ્થાને, પ્રદેશ સંગઠનના મંત્રી શ્રીમતી સોનલબેન સોલંકી (જૈન),વલસાડ જિલ્લાના સંગઠન પ્રભારી શ્રી વિનયભાઈ શુક્લા, જિલ્લા મહામંત્રી શ્રી કમલેશભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં સંપન્ન થયું હતું. વલસાડ જિલ્લા મહિલા મોરચાના પ્રમુખ શ્રીમતી પ્રવિણાબેન પટેલની આગેવાની હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં મહિલા કાર્યકરો અને સ્થાનિક બહેનો ઉમટી પડી હતી.

**સ્વાગત પ્રવચન :** વલસાડ જિલ્લા મહિલા મોરચાના પ્રમુખ શ્રીમતી પ્રવિણાબેન પટેલે પ્રાસંગિક ઉદ્બોધન કરી સૌનું સ્વાગત કર્યુ હતું અને જિલ્લામાં મહિલા મોરચા દ્વારા થતી કામગીરીની રૂપરેખા આપી હતી.

**મહિલા સશક્તિકરણ:** જિલ્લા પ્રભારી શ્રી વિનયભાઈ શુક્લાએ નારી શક્તિને વંદન કરતા જણાવ્યું હતું કે, ભાજપ સરકાર હંમેશા મહિલાઓના ઉત્થાન અને સશક્તિકરણ માટે કટિબદ્ધ રહી છે.

**જનકલ્યાણકારી યોજનાઓ:** ગુજરાત પ્રદેશ ભાજપના મંત્રી શ્રીમતી સોનલબેન સોલંકી (જૈન) એ સરકારની વિવિધ યોજનાઓ વિશે વાત કરતા જણાવ્યું હતું કે, છેવાડાના માનવી સુધી યોજનાકીય લાભો પહોંચાડવા એ આપણી પ્રાથમિકતા હોવી જોઈએ.

**માર્ગદર્શન:** પ્રદેશ મહિલા મોરચાના અધ્યક્ષ શ્રીમતી અંજુબેન વેકરિયાએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારના વિકાસલક્ષી કાર્યોની વિગતવાર માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, આજે દરેક ક્ષેત્રમાં મહિલાઓ નેતૃત્વ કરી રહી છે અને રાષ્ટ્રના વિકાસમાં મહત્વનું યોગદાન આપી રહી છે.

આ સંમેલન દ્વારા આગામી સમયમાં સંગઠનને વધુ મજબૂત બનાવવા અને સરકારની લોકઉપયોગી યોજનાઓનો પ્રચાર-પ્રસાર ઘર-ઘર સુધી કરવા માટે ઉપસ્થિત મહિલા શક્તિને સંકલ્પબદ્ધ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન મહિલાઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

આ કાર્યક્રમમાં વલસાડ જિલ્લા ભારતીય જનતા પાર્ટી મહિલા મોરચાના મહામંત્રી શ્રીમતી મનિષાબેન પ્રીતમનાની, જિલ્લા સંગઠન તેમજ વિવિધ મંડળ મહિલા મોરચાની બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સુરતમાં ૩ વર્ષની બાળકી સાથે દુષ્કર્મ કરનારાની ધરપકડ

**સારોલી પોલીસે ગુનો નોંધી તાત્કાલિક કાર્યવાહી કરી આરોપી મોજબ્બીર મોહમ્મદ હસામુદીનની ધરપકડ કરી**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**સુરત, તા.૨૪**

સુરત શહેરમાં માનવતાને લજવતી ઘટના સામે આવી છે. સારોલીમાં ૩ વર્ષની બાળકી પર નરાધમે દુષ્કર્મ આચર્યુંછે. સારોલી પોલીસે લઘુમતી સમાજના યુવક સામે ગુનો નોંધી તાત્કાલિક કાર્યવાહી કરી છે. હવસખોર આરોપી મોજબ્બીર મોહમ્મદ હસામુદીનની ધરપકડ કરી છે.

એ ૩ વર્ષની બાળકી પર શું વીતી હશે! વિચારીને પણ આંખમાં આસું આવી જાય, એ પરિવાર અત્યારે કેવા દર્દમાં હશે જેની દીકરી રમત રમવાની ઉંમરે આ વિકૃત સ્થિતિનો સામનો કરવો પડ્યો છે. મહત્ત્વનું છે કે હજી થોડા સમય પહેલા જ સારોલી વિસ્તારમાં એક પરપ્રાંતિય યુવક દ્વારા માસુમ બાળકી પર દુષ્કર્મ ગુજારવાની ઘટના બની હતી. આ ઘટનાની શાહી હજુ સુકાઈ નથી ત્યાં બીજી બાળકીને અન્ય એક નરાધમે હવસનો શિકાર બનાવી છે.

સારોલી વિસ્તારમાં નેચરવેલી હોમ્સની પાછળ આવેલી ક્રિષ્ના પાર્ક ઈન્ડસ્ટ્રિયલ વસાહતમાં રહેતો એક શ્રમિક પરિવાર ગત તારીખ ૨૩/૦૪/૨૦૨૬ના રોજ બપોરના સમયે કામકાજમાં વ્યસ્ત હતો. આ સમયે તેમની ત્રણ વર્ષની માસૂમ દીકરી ઘરે એકલી હતી. દીકરીની માતા તેના પતિને ખાવા માટે બોલાવવા માટે ગઈ હતી, ત્યારે બાળકી બાથરૂમમાં ગઈ હતી. આ તકનો લાભ ઉઠાવી બાજુમાં જ રહેતા મોજબ્બીર મોહમ્મદ હસામુદીન (મૂળ રહે. બિહાર) નામના શખ્સે અગાસી પર ચઢી બાળકીની એકલતાનો લાભ લીધો હતો. તેણે બાળકી સાથે ગંભીર શારીરિક અડપલાં કર્યા હતા.

બાળકીની માતા અચાનક પરત આવી જતાં આ નરાધમ રંગેહાથ ઝડપાઈ ગયો હતો. માતાએ બૂમાબૂમ કરતા આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને આરોપીને પકડી પાડી મેથીપાક ચખાડ્યા બાદ પોલીસને હવાલે કર્યો હતો. સારોલી પોલીસે ભોગ બનનાર બાળકીના પરિવારની ફરિયાદના આધારે આરોપી મોજબ્બીર મોહમ્મદ હસામુદીન વિરુદ્ધ દુષ્કર્મ હેઠળ ગુનો દાખલ કર્યો છે. ઉલ્લેખનીય છે કે, સારોલી વિસ્તારમાં અગાઉ પણ આવી ઘટનાઓ બની ચૂકી છે, જેને પગલે સ્થાનિક રહેવાસીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# અમરેલી: ચૂંટણી ટાણે ૭૫ ગામના લોકોને કરાવેલા નાસ્તો, ભોજનનું બિલ બાકી; રૂપિયા માંગતા પૂર્વ સાંસદે આપી ધમકી

(સંપૂર્ણ સમાચાર સેવા)
**અમરેલી, તા.૨૪**

અમરેલી જિલ્લામાં કોંગ્રેસના પૂર્વ સાંસદ વિરજી ઠુમ્મર અને તેમની દિકરી જેની ઠુમ્મર સામે છેતરપિંડીના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. આ મામલે અમરેલી પોલીસમાં ફરિયાદ નોંધાવવા માટે પારસ તળાવિયાએ અરજી આપીને યોગ્ય કાર્યવાહી માટેની માંગ કરી છે. લોકસભા ચૂંટણી સમયે અમરેલીના કોંગ્રેસના ઉમેદવાર વિરજી ઠુમ્મરે, તેમના કેટરર્સ સાથે લાખ્ખોની ઠગાઈ કરી હોવાની વિગતો સામે આવી છે. ઘટના અંગે એવી માહિતી સામે આવી છે કે, લોકસભા ચૂંટણી દરમિયાન વિવિધ ગામોમાં યોજાયેલા જમણવાર અને નાસ્તાની વ્યવસ્થા માટે કેટરિંગનો મોટો ઓર્ડર આપવામાં આવ્યો હતો. આશરે ૭૫ ગામોમાં જમવા અને નાસ્તાની વ્યવસ્થા કરાવવામાં આવી હતી, જેના બદલામાં કુલ રૂપિયા ૬.૯૬ લાખની રકમ બાકી હોવાનું ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ફરિયાદી પારસ તળાવિયાનો આક્ષેપ છે કે, વિરજી ઠુમ્મર પાસે અનેક વખત પૈસા માંગવા છતાં ચૂકવણી કરવામાં આવી નથી. વધુમાં, પૈસા માગતા તેમને ગાળાગાળી કરવામાં આવી અને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી પણ આપવામાં આવી હોવાનું જણાવ્યું છે.

આ સમગ્ર મામલે પારસ તળાવિયાએ અમરેલી પોલીસ સ્ટેશનમાં FIR નોંધાવવા માટે એક અરજી દાખલ કરાવી છે. હાલ પોલીસ દ્વારા પ્રાથમિક તબક્કે અરજીના આધારે તપાસ હાથ ધરવામાં આવી રહી છે. જો આક્ષેપો સાચા સાબિત થાય તો આ મામલો રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય બની શકે છે. પોલીસ સૂત્રો મુજબ, તમામ પાસાઓની તપાસ કર્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

# ગુજરાતમાં કુષ્ઠ રોગીઓ માટે જીવન સમર્પિત કરનાર પદ્મશ્રી સુરેશ સોનીનું નિધન

(સંપૂર્ણ સમાચાર સેવા)
**હિંમતનગર, તા.૨૪**

સુરેશ સોનીએ છેલ્લાં ૩૭ વર્ષથી કુષ્ઠ રોગીઓની સેવા માટે પોતાનું જીવન સમર્પિત કર્યું હતું. તેમની સહયોગ સંસ્થા અનેક કુષ્ઠ રોગીઓનું ઘર છે, જ્યા જરૂરિયાતમંદ લોકો આવીને રહે છે. મૂળ વડોદરાના સુરેશ સોનીએ સાબરકાંઠાને પોતાની કર્મભૂમિ બનાવી હતી. તેઓએ હિંમતનગરના રાજેન્દ્રનગર પાસે આખું સહયોગ નગર ઉભું કર્યું હતુ.

કુષ્ઠ રોગીઓની સારવારમાં જીવન ખર્ચી નાંખનાર સુરેશ સોનીને હજી ગત વર્ષે ૨૦૨૫ માં જ પદ્મશ્રી આપવામાં આવ્યો હતો. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના હસ્તે તેમને પદ્મ પુરસ્કાર એનાયત કરાયો હતો. ૮૧ વર્ષની વયે પણ સુરેશ સોનીએ સેવાનો અખંડ જ્યોત પેટવીની રાખ્યો હતો. તેમના પરિવારજનો પણ તેમના આ કાર્યમાં સહભાગી થઈને કુષ્ઠ રોગીઓની સેવા કરે છે. તેમના પત્નીએ પણ આજીવન તેમને સાથ આપ્યો છે.

સુરેશ સોની મૂળ વડોદરાના શિનોર ગામના વતની હતી. તેઓ ૧૯૮૮ માં હિંમતનગર સ્થાયી થયા હતા. અહી તેઓએ કુષ્ઠ રોગીઓની સારવાર માટે સહયોગ સંસ્થાનું નિર્માણ કર્યું હતુ. ૩૭ એકરમાં ફેલાયેલા વિસ્તારને આજે લોકો મીની ઈન્ડિયા તરીકે ઓળખે છે.

# ગુજરાતમાં પરમિટવાળા દારૂ-બિયરના ભાવમાં વધારો

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ગાંધીનગર, તા.૨૪**

ગુજરાતમાં નશાબંધી અને આબકારી વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૬ અને ૨૦૨૭ માટે વિદેશી દારૂ અને બિયરના નવા દર નક્કી કરવામાં આવ્યા છે. વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા નવા જાહેરનામા મુજબ, દારૂ અને બિયરની વિવિધ બ્રાન્ડની કિંમતોમાં સરેરાશ ૫થી ૧૦ ટકાનો વધારો કરાયો છે. આ નવા ભાવના અમલ સાથે જ હવે પોલીસ દ્વારા જપ્ત કરવામાં આવતા દારૂના મુદ્દામાલની ગણતરી પણ ઊંચી કિંમતે કરવામાં આવશે.

ગુજરાત પોલીસ દ્વારા દર વર્ષે દરોડા દરમિયાન કરોડો રૂપિયાનો વિદેશી દારૂ જપ્ત કરવામાં આવે છે. અત્યાર સુધી પોલીસ જૂના ભાવ મુજબ જપ્ત કરેલા જથ્થાની કિંમત આંકતી હતી, પરંતુ હવે આબકારી વિભાગના નવા પરિપત્ર મુજબ, હવે પોલીસ જપ્ત કરેલી બોટલોની કિંમત નવા દર પ્રમાણે નક્કી કરશે, જેનાથી કુલ મુદ્દામાલના આંકડામાં મોટો ઉછાળો જોવા મળશે. દરોડા દરમિયાન પકડાયેલ જથ્થાની બજાર કિંમત હવે નવી બ્રાન્ડ વાઈઝ યાદી મુજબ જાહેર કરાશે. રાજ્યમાં જે લોકો લિકર લાયસન્સ ધરાવે છે અને અધિકૃત હોટલો કે વાઈન શોપમાંથી દારૂ-બિયર ખરીદે છે, તેમના માટે કિંમતોમાં વધારો થયો છે. વિભાગ દ્વારા વિવિધ બ્રાન્ડની દારૂની બોટલ અને બિયર ટીન/બોટલની નવી કિંમતો જાહેર કરાઈ છે. જેમાં ગત વર્ષની સરખામણીએ આ વર્ષે ભાવમાં ૧૦ ટકા સુધીનો વધારો જોવા મળ્યો છે.

**નવા જાહેરનામાની મુખ્ય અસરો**

- પોલીસ દ્વારા પકડાતા દારૂના કેસોમાં હવે રકમનો આંકડો મોટો દેખાશે.
- કાયદેસર રીતે દારૂ મેળવતા પરમિટ ધારકોએ હવે વધુ કિંમત ચૂકવવી પડશે.
- આબકારી વિભાગે આગામી બે વર્ષ માટે આ દરો નક્કી કર્યા હોવાથી તમામ લાયસન્સ ધરાવતી સંસ્થાઓએ આ ભાવપત્રકનો અમલ કરવાનો રહેશે.

નોંધનીય છે કે, નશાબંધી અને આબકારી વિભાગ દર વર્ષે બજારની સ્થિતિ અને અન્ય પાસાઓને ધ્યાનમાં રાખીને ભાવમાં સુધારો કરતું હોય છે. વર્ષ ૨૦૨૬-૨૭ માટેનો આ નવો પરિપત્ર તાત્કાલિક અસરથી અમલી બનશે.

**CHANGE OF NAME**

**OLD NAME:** MEMON MOHAMED SAHIL AKBAR
**NEW NAME: MOHAMED SAHIL AKBAR**
**ADDRESS:** 503, 5TH FLOOR, DAR-US-SALAAM COMPLEX, KHARIWAD, OPP. NOORANI MASJID, NANI DAMAN, DAMAN - 396210

TORRENT POWER | DNHDD

**વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ**

ગ્રાહકોને ગુણવત્તાભર્યો અને વિશ્વસનીય વીજપૂરવઠો સતત અને સુનિશ્ચિતપણે મળતો રહે તે માટે નેટવર્ક મેઈનટેનન્સનું આયોજન કરેલ છે. નીચે દર્શાવેલ સબસ્ટેશનોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો વીજપૂરવઠો સવારના ૧૦:૩૦ થી સાંજના ૬:૦૦ સુધી બંધ રહેશે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|
| ૨૭/૦૪/૨૦૨૬ સોમવાર | વેલુગામ | ૧૧ કેવી વેલુગામ રુરલ -૧ | વેલુગામ, વેકલુગામ બરફપાડા, આમ્રી ગામ |
| | | ૧૧ કેવી સુરંગી-૩ | સુરંગી મુસલપાડા, સુરંગી વિદ્યાપાડા |

**અસુવિધા બદલ દિલગીર છીએ**



**આરસીસીબી/ઈએલસીબીનો મોટો લાભ**
**તમારા પરિવારની સુરક્ષાની ખાતરી**
અર્થ લિકેજ સર્કિટ બ્રેકર લગાવો
અને સુરક્ષિત રહો
**એક નાનકડી ડિવાઈસ તમને વિજળીના ઝટકાથી બચાવશે**

**આપની સેવા માં હરહંમેશ હાજર**
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com

TORRENT POWER | DNHDD

**વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ**

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો સતત મળતો રહે તે માટે દાદરા નગર હવેલી અને દમન દીવ પાવર કોર્પોરેશન લિમિટેડ (ટ્રાન્સમિશન) દ્વારા નેટવર્ક મેન્ટેનન્સનું આયોજન કરેલ છે, એવું અમને જણાવવામાં આવેલ છે. નીચે દર્શાવેલ સબસ્ટેશનોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો વીજપૂરવઠો સવારના ૯:૦૦ થી સાંજના ૫:૦૦ સુધી બંધ રહેશે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|
| ૨૮/૦૪/૨૦૨૬ મંગળવાર | ૬૬ કેવી રીંગણવાડા | ૧૧ કેવી ભક્તિ | રીંગણવાડા ઔદ્યોગિક વિસ્તાર, ઓઆઈડીસી ઉદ્યોગ નગર |
| | | ૧૧ કેવી પ્રિન્સ (આરજી) એક્સપ્રેસ | પ્રિન્સવેર ઈન્ટરનેશનલ, એસવીજી ફેશન, જીવરાજીકા ટેક્સટાઈલ, ક્રિષ્ણા સિન્થેટિક,રાજ પ્લાસ્ટિક |
| | | ૧૧ કેવી મહેતા એક્સપ્રેસ + પાર્કસન એક્સપ્રેસ | મહેતા ફ્લેકસ, પાર્કસન પેકેજિંગ |
| ૨૯/૦૪/૨૦૨૬ બુધવાર | ૬૬ કેવી રીંગણવાડા | ૧૧ કેવી જોલી | ઝેનિથ પ્લાસ્ટિક, અવિશ ઈન્ડ. એસ્ટેટ |
| | | ૧૧ કેવી સોમનાથ (RG) | કલારીયા ચેકપોસ્ટ, અમલીયા ફળીયા, સરકારી. પ્રાથમિક શાળા વિસ્તાર, સોમનાથ મંદિર વિસ્તાર, સોમનાથ મુખ્ય માર્ગ, સોમનાથ ઔદ્યોગિક વિસ્તાર |
| | | ૧૧ કેવી દમણ પોલીથ્રેડ (RG) | શુભમ પેકેજીંગ |
| | | ૧૧ કેવી સુનિધિ | રીંગણવાડા ઔદ્યોગિક વિસ્તાર, રીંગણવાડા-કચીગામ રોડ |
| ૩૦/૦૪/૨૦૨૬ ગુરૂવાર | ૬૬ કેવી રીંગણવાડા | ૧૧ કેવી ભાવના | સોમનાથ પ્લાઝા, મહારાણી ઈન્ડ. એસ્ટેટ, કલારિયા ચેકપોસ્ટ વિસ્તાર પાસે, સાંઈકૃપા ઈન્ડ. એસ્ટેટ, શ્રીનાથ ઈન્ડ. એસ્ટેટ, તિરુપતિ ઈન્ડ. એસ્ટેટ |
| | | ૧૧ કેવી સપના | કલારીયા, રીંગણવાડા ઔદ્યોગિક વિસ્તાર |
| | | ૧૧ કેવી બાલાજી | સેન્ટર પોઈન્ટ બિલ્ડીંગ-ડાભેલ, કંચન ઈન્ડ. એસ્ટેટ, મહારાણી ઈન્ડ. એસ્ટેટ, ડાયમંડ ઈન્ડ. એસ્ટેટ, બાલાજી ઈન્ડ. એસ્ટેટ |

**અસુવિધા બદલ દિલગીર છીએ**



**આરસીસીબી/ઈએલસીબીનો મોટો લાભ**
**તમારા પરિવારની સુરક્ષાની ખાતરી**
અર્થ લિકેજ સર્કિટ બ્રેકર લગાવો
અને સુરક્ષિત રહો
**એક નાનકડી ડિવાઈસ તમને વિજળીના ઝટકાથી બચાવશે**

**આપની સેવા માં હરહંમેશ હાજર**
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com

વર્તમાન પ્રવાહ
વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# મતદાન જાગૃતિનો ઉત્સવ: વાપીમાં ભવ્ય બાઈક રેલી અને જીવંત સ્ટ્રીટ પ્લે દ્વારા લોકશાહીની પ્રેરણા અપાઈ

**ઉજવણીમય અભિયાનમાં ૪૦૦થી વધુ શિક્ષકોએ ઉમંગ અને ઉત્સાહ સાથે ભાગ લીધો**





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૨૪**

વલસાડ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંતર્ગત વાપી શહેરમાં મતદાન જાગૃતિને એક લોકોત્સવનું સ્વરૂપ આપવામાં આવ્યું હતું. જિલ્લા ચૂંટણી તંત્ર તથા શિક્ષણ વિભાગના સંયુક્ત પ્રયત્નોથી ભવ્ય બાઈક રેલી અને સર્જનાત્મક સ્ટ્રીટ પ્લેનું આયોજન કરવામાં આવ્યું, જેમાં લોકશાહીના પર્વને ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

આ સમગ્ર કાર્યક્રમ જિલ્લા SVEEP નોડલ અધિકારી તથા જિલ્લા શિક્ષણાધિકારી ડો.રાજેશ્રી એ. એલ. ટંડેલના પ્રેરક માર્ગદર્શન હેઠળ સુવ્યવસ્થિત રીતે યોજાયો હતો. તેમની દૃઢ આગેવાની હેઠળ આ અભિયાન માત્ર જાગૃતિ પૂરતું નહીં પરંતુ જનભાગીદારીનો જીવંત ઉત્સવ બની રહ્યો હતો. બાઈક રેલીનો પ્રારંભ દેસાઈ એન.ડી.એન. હાઈસ્કૂલ, વાપીથી કરવામાં આવ્યો હતો. આ રેલી શહેરના છીરી, છરવાડા, રેલવે સ્ટેશન અને ગુંજન જેવા વિસ્તારોમાં સંગઠિત રીતે ફરી, જ્યાં ''મારો મત - મારો અધિકાર''ના નારા સાથે સમગ્ર વાતાવરણ લોકશાહી રંગે રંગાઈ ગયું હતું. આ કાર્યક્રમની વિશેષતા તરીકે વિદ્યાર્થીઓ દ્વારા અંબે માતા વિસ્તાર, ગુંજન વિસ્તાર અને વાપી રેલવે સ્ટેશન ખાતે પ્રસ્તુત કરાયેલા જીવંત અને અસરકારક સ્ટ્રીટ પ્લેએ નાગરિકોના મનને સ્પર્શી લીધા હતા. આ પ્રસ્તુતિઓએ મતદાનના મહત્વને સરળ અને હૃદયસ્પર્શી રીતે રજૂ કરી લોકોમાં જાગૃતિનો નવો ઉમંગ જગાવ્યો હતો.

આ ઉજવણીમય અભિયાનમાં ૪૦૦થી વધુ શિક્ષકોએ ઉમંગ અને ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. ખાસ કરીને વાપી શહેરની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોની સક્રિય ઉપસ્થિતિએ કાર્યક્રમને વધુ ગૌરવમય બનાવ્યો હતો. શિક્ષકોએ લોકશાહી પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા દર્શાવતા મતદાન જાગૃતિનો સંદેશ વ્યાપક બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

રેલીને જિલ્લા શિક્ષણાધિકારી ડો. રાજેશ્રી એ. એલ. ટંડેલ, વાપીના મામલતદાર કાંતિભાઈ કાતરિયા તથા મદદનીશ શિક્ષણ નિરીક્ષક તેજસ પટેલ દ્વારા લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. ઉપસ્થિત અધિકારીઓએ મતદાનને લોકશાહીનો પવિત્ર ઉત્સવ ગણાવી તેમાં દરેક નાગરિકની ભાગીદારીને અનિવાર્ય ગણાવી હતી. આ અભિયાન દરમિયાન નાગરિકોને મતદાનના અધિકાર સાથે તેની જવાબદારીનું પણ સ્મરણ કરાવવામાં આવ્યું હતું અને આવનારી ચૂંટણીમાં નિર્ભય, નિષ્પક્ષ અને જાગૃત રીતે મતદાન કરવા પ્રેરિત કરવામાં આવ્યા હતા.

જિલ્લા તંત્ર દ્વારા આગામી દિવસોમાં પણ આવા જ જનઉત્સાહભર્યા કાર્યક્રમો યોજી મતદાન જાગૃતિને વધુ વ્યાપક બનાવવાનો સંકલ્પ વ્યકત કરવામાં આવ્યો હતો. જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા તમામ નાગરિકોને લોકશાહીના આ પવિત્ર ઉત્સવમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી ''મારો મત - મારો અધિકાર''ના સંદેશને સાકાર બનાવવા અપીલ કરાઈ હતી.

**ઉનાળુ વેકેશનમાં પરપ્રાંતિય મતદારો માદરે વતન જતાં**

# વાપી મહાનગરપાલિકાની ચૂંટણી પ્રભાવી બનવાની સંભાવના

**વેકેશન ગાળામાં જ ચૂંટણી મતદાનની તારીખ વચ્ચે આવી છે પરંતુ સેંકડો લોકો વતન જઈ રહ્યા છે, સ્ટેશન ઉપર ચિક્કાર ભીડ ઉમટી રહી છે**





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૨૪**

વાપી મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી યોજાઈ રહી છે. તો બીજી તરફ વેકેશન પણ શરૂ થઈ ગયું હોવાથી વાપીમાં વસતા પ્રવાસી પરપ્રાંતિય મતદારો વેકેશન હોવાથી સેંકડો પરિવાર વતન જવા નિકળી ગયા છે કે નિકળી રહ્યા છે. પરિણામે તા.૨૬ એપ્રિલે મનપા ચૂંટણીનું મતદાન પ્રભાવી બની શકે છે. સેંકડો મતદારો મત નહી આપી શકે તેવી સ્થિતિનું નિર્માણ થઈ ચૂક્યું છે.

વાપી મેટ્રોપોલિટન શહેર છે. દેશભરના લોકો વાપીમાં સ્થાયી થયા છે. અહીંના નાગરિક અને મતદાર બની ચૂકેલા છે તેવા હજારો પરપ્રાંતિય પરિવારો વેકેશન હોવાથી વતન તરફ જઈ રહ્યાનો પ્રવાહ શરૂ થઈ ચૂક્યો છે. વાપી રેલવે સ્ટેશન ઉપર બાંદ્રા-પટના જેવી ટ્રેનો ચિક્કાર ભરાઈ રહી છે. લોકો વતન તરફ દોટ મુકી રહ્યા છે. સ્ટેશન ઉપર પગ મુકવાની જગ્યા મળતી નથી. આની સ્થિતિની અસર મનપાની ચૂંટણીમાં થશે એ નક્કી છે. કારણ કે હજારો મતદારો મતદાનના દિવસે વાપીમાં હાજર નહી હોય તેની સીધી અસર મતદાન ઉપર પડવાની છે એ નક્કી છે. એક અંદાજ મુજબ વાપીમાં ૫૦ હજાર ઉપરાંત મતદારો પરપ્રાંતિય છે. તેમાંથી ૩૦ થી ૪૦ ટકા મતદારો વતનમાં જઈ રહ્યા છે અથવા વતન માટે નિકળી ગયા છે.

# નાણાં મંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને પરીયા જિલ્લા પંચાયત બેઠક ખાતે ચૂંટણી પ્રચાર સભા યોજાઈ





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૨૪**

આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી ૨૦૨૬નો પ્રચાર તેજ બન્યો છે, ત્યારે ગુજરાત સરકારના નાણાં, શહેરી વિકાસ, શહેરી ગૃહ નિર્માણ વિભાગના કેબીનેટ મંત્રી કનુભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ પરીયા જિલ્લા પંચાયત બેઠક ખાતે એક વિશાળ ચૂંટણી પ્રચાર બેઠકનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું, આ બેઠકમાં ભાજપના કાર્યકરો અને સ્થાનિક નાગરિકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. આ પ્રસંગે કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ ઉપસ્થિત રહી કાર્યકરોમાં ઉત્સાહ પૂર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીએ હંમેશા છેવાડાના માનવી સુધી વિકાસના કાર્યો પહોંચાડ્યા છે. આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પણ જનતાના આશીર્વાદ ભાજપ સાથે જ રહેશે તેવો આત્મવિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

બેઠક દરમિયાન ભાજપના વિવિધ હોદ્દેદારો અને કાર્યકર્તા મિત્રો સાથે મળીને ઉપસ્થિત તમામ નાગરિકોને સરકારની લોકકલ્યાણકારી યોજનાઓ અને વિકાસના કાર્યોથી માહિતગાર કરવામાં આવ્યા હતા. ઉપસ્થિત આગેવાનોએ પરિયા જિલ્લા પંચાયત બેઠક સહિત તમામ બેઠકો પર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોને ભવ્યાતિભવ્ય મતોથી વિજયી બનાવવા માટે આહવાન કર્યું હતું. આ કાર્યક્રમમાં ભાજપના સંગઠનના હોદ્દેદારો, સ્થાનિક આગેવાનો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા અને ''અબ કી બાર ભાજપ સરકાર''ના નારા સાથે ચૂંટણી જીતવાનો સંકલ્પ લીધો હતો.

# વાપી મનપાએ ચૂંટણીમાં પ્રચારના અંતિમ દિવસે ભાજપ દ્વારા તમામ વોર્ડમાં જંગી બાઈક રેલી યોજાઈ

**મુખ્ય ચૂંટણી કાર્યાલય પેપીલોન હોટલ પાસેથી નાણામંત્રી કનુભાઈ દેસાઈએ રેલીનું પ્રસ્થાન કરાવ્યું**





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૨૪**

વાપી મહાનગરપાલિકાની પ્રથમ સામાન્ય ચૂંટણી અગામી તા.૨૬ એપ્રિલના રોજ યોજાનાર છે, ત્યારે ચૂંટણી પ્રચારના આજે છેલ્લા દિવસે ભાજપ દ્વારા વિવિધ વોર્ડમાં જંગી બાઈક રેલી કાઢી પ્રચારનો જબરજસ્થ જુસ્સો બતાવ્યો હતો.

વાપી મનપા ચૂંટણી આમ તો સીધો જંગ ભાજપ કોંગ્રેસ વચ્ચે છે. કોઈ કોઈ વોર્ડમાં અપક્ષ અને આપના ઉમેદવારો પણ ચૂંટણી લડી રહ્યા છે. મતદારોને રીઝવવા માટે તમામ રાજકીય પક્ષોએ એડી ચોટીનું જોર લગાવી દીધું છે. પણ ચૂંટણી પ્રચારનો જુસ્સો અને વ્યૂહ રચના ભાજપની ખાસ જોવા મળી રહી છે. તેથી આજે શુક્રવારે ચૂંટણી પ્રચારના અંતિમ દિવસે તમામ વોર્ડના ઉમેદવારોએ મોટી સંખ્યામાં કાર્યકરો સાથે બાઈક રેલી કાઢી હતી. મુખ્ય બાઈક રેલી ભાજપના મુખ્ય ચૂંટણી કાર્યાલય હોટલ પેપીલોન પાસે રાજ્યના નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ વોર્ડ નં.૫ના ઉમેદવારો તથા કાર્યકરો, હોદ્દેદારોની ઉપસ્થિતિમાં બાઈક રેલીનું પ્રસ્થાન કરાવ્યું છે.

હવે મતદાન આડે જૂજ કલાકો બાકી રહ્યા છે. ત્યારે વાપીના જાગૃત મતદારો કોના ઉપર મહેરબાન થાય છે તે તો પરિણામ દર્શાવશે પરંતુ સમગ્ર વાપીમાં છેલ્લી અપડેટ મુજબ ભાજપનો જુસ્સો વધુ જોવા મળી રહ્યો છે. તે મતમાં કેવો તબદીલ થાય છે તેની પરિણામ સુધી રાહ જોવી રહી.

# વાપી ચલા ગોલ્ડ કોઈન સર્કલ નજીક ખોદકામમાં ગેસનો પાઈપ ફાટતા અફરાતફરી મચી ગઈ





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૨૪**

વાપી ચલા ગોલ્ડકોઈન સર્કલ નજીક અગ્નિ બેકરી સામે ખોદકામની કામગીરી ચાલી રહી હતી તે દરમિયાન ગેસ પાઈપ ફાટી ગઈ હતી. પાઈપ ફાટતા ગેસ રીસાવના ફુવારા ઉડવા લાગ્યા હતા. રોડ ઉપર પસાર થતા લોકો અને વાહન ચાલકોમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. ઘટનાની જાણ ગુજરાત ગેસ કંપનીને કરવામાં આવતા કંપની કર્મચારીઓએ ગેસ સપ્લાય બંધ કરી દેતા લોકોએ રાહત અનુભવી હતી તેમજ સદનસીબે મોટી દુર્ઘટના ટળી હતી.

વાપી શહેરમાં તમામ વિસ્તારમાં પાઈપલાઈન ગેસ સપ્લાય માટે ગુજરાત ગેસ કંપનીએ જમીનમાં પાઈપલાઈન નાખી છે. અમુક જગ્યાએ સુચક પથ્થર પણ માર્યો છે. તેવી પાઈપલાઈન ચલા ગોલ્ડકોઈન સર્કલ પાસ અગ્નિ બેકરી સામે પસાર થાય છે પરંતચુ અહીં આજે શુક્રવારે ૧૦ વાગ્યાના સુમારે ખોદકામની કામગીરી ચાલી રહી હતી તે દરમિયાન ગેસની પાઈપલાઈન ફાટી ગઈ હતી. ગેસના ફુવારા ઉડતા જોઈ લોકો ગભરાઈ ગયા હતા. સદનસીબે આજુબાજુમાં કોઈ સ્પાર્ક કે અગ્નિ સળગતો નહોતો તેથી મોટી દુર્ઘટના ટળી હતી. ગુજરાત ગેસ કંપનીનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી મામલો સંભાળી લેતા લોકોએ રાહત અનુભવી હતી. નજરે જોનારાઓ મુજબ અહી મનપાની ખોદકામ કામગીરી ચાલી રહી હતી તેથી મનપાની કાર્યપ્રણાલી સામે સવાલો પણ ઉભા થયા હતા.

# વાપી છરવાડાથી ૨૨ વર્ષીય નેપાળી પરણિતા ગુમ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**વલસાડ, તા.૨૪:** વાપીના છરવાડા ખાતે રમજાનવાડીમાં શિવ શિવા રેસીડેન્સીના એફ- વિંગમાં ફલેટ નં. ૫૦૮માં રહેતા સંગીત હીરાભાઈ પરિયારની ૨૨ વર્ષીય પત્ની પુજા (મૂળ રહે.ગામ લમકી, પોસ્ટ. કૈલાલી, થાના. મોતીપુર, જિ.કૈલાલી, નેપાળ) તા.૧૭/૦૪/૨૦૨૬ના રોજ બપોરે ૧૨ વાગ્યા દરમિયાન પોતાના ઘરેથી દીકરી સંધ્યાને લેવા માટે જાઉ છું એમ કહી નીકળી હતી. જે મોડી રાત સુધી પરત ન ફરતા સગા સંબંધી તેમજ મિત્ર વર્તુળમાં તપાસ કરી હતી પરંતુ કોઈ ભાળ મળી ન હતી. જેથી પતિ સંગીત પરિયારે પત્ની પુજા ગુમ થયાની જાણ ડુંગરા પોલીસ મથકે કરી હતી. પુજા શરીરે ઘઉંવર્ણ અને પાંચ ફૂટ ઉંચાઈ ધરાવે છે. જેણે લાલ કલરનો ડ્રેસ પહેરેલો હતો. જે હિન્દી અને નેપાળી ભાષા જાણે છે. જે કોઈને પણ પુજા પરિયારની ભાળ મળે તો ડુંગરા પોલીસ મથકે મો.નં. ૯૪૦૮૯ ૩૧૨૭૭ અને મો.નં. ૯૩૨૮૩ ૭૦૬૫૨ પર જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયુ છે.



**ચીખલી રૂમલાની આશાસ્પદ વિદ્યાર્થીનીએ**

# વિસનગર નર્સિંગ કોલેજમાં ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) ચીખલી,(વંકાલ), તા.૨૪**

ચીખલી રૂમલા કણબીવાડની આશાસ્પદ વિદ્યાર્થીનીએ વિસનગર નર્સિંગ કોલેજમાં અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવતા પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.

ચીખલી તાલુકા રૂમલા ગામના કણબીવાડ ખાતે રહેતી અને મહેસાણા-વિસનગર ખાતે મર્ચન્ટ નર્સિંગ કોલેજમાં બીસીએના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતી ૨૧ વર્ષીય અસ્મિતાબેન અશ્વિનભાઈ પટેલની ગતરોજ પરીક્ષા પૂર્ણ થતા શુક્રવારની સવારે ઘરે ફોન કરી ખબર અંતર પૂછી ઘરે આવવાની ઈચ્છા ધરાવી હતી. પરંતુ કોલેજમાં રજા ન મળી હોવાનું જણાવ્યું હતું. બાદમાં અગમ્ય કારણોસર હોસ્ટેલના રૂમમાં પંખા સાથે ફાંસો ખાઈ લેતા સમગ્ર પંથકમાં શોકની લાગણી ફેલાઈ જવા પામી હતી. ઉપરોક્ત બનાવ અંગેની જાણ પરિવારને કરવામાં આવતા પરિવારમાં ઘેરા શોકની લાગણી વ્યાપી જવા પામી હતી. જોકે, વિદ્યાર્થીનીએ કયા કારણોસર આત્મહત્યા કરી લીધી એતો પોલીસ તપાસના અંતે જ બહાર આવશે. પરિવારમાં બે બહેનોજ હોય નાની દીકરી ગુમાવતા પરિવારમાં આઘાતની લાગણી ફેલાઈ હતી અને આ લખાય ત્યારે પરિવારજનો મહેસાણા પહોચ્યા હતા.

# ચીખલીના દેગામ ગામે ક્વોરીની ખાણમાં ૧૮ ફૂટની ઊંચાઈએથી પટકાતા વૃદ્ધાનું મોત

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) ચીખલી,(વંકાલ), તા.૨૪**

ચીખલીના દેગામ ગામે આવેલ ક્વોરીની ખાણમાં ૧૮ ફૂટની ઊંચાઈએથી પટકાતા વૃદ્ધાનું સારવાર પૂર્વે જ મોત નીપજ્યું હતું.

ચીખલી તાલુકાના દેગામ અઢારપીર દરગાહ પાછળ આવેલ ગેલેક્સી સ્ટોન ઈન્ડસ્ટ્રીઝની ખાણમાં કામ કરતા સલીમ સૂફીખાન પઠાણ (ઉ.વ.૬૪) (રહે. બામણવેલ પહાડ ફળીયા તા. ચીખલી જી.નવસારી) (મૂળ રહે.વલણગામ મોટા સિંધીવાડ તા.કરજણ જી.વડોદરા) ગુરૂવારની બપોરના સાડા ત્રણેક વાગ્યાના સમયે ક્વોરીમાં ધડી ઉપર સાફ સફાઈ કરતા હતા. ત્યારે આકસ્મિક રીતે પગ લપસી જતા આશરે ૧૮ ફૂટની ઊંચાઈએથી ખાણમાં પડતા માથાના ભાગે, છાતીના ભાગે ગંભીર ઈજા પહોંચતા સારવાર અર્થે ચીખલીની ખાનગી હોસ્પિટલમાં ખસેડાતા ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા બનાવ અંગેની ફરિયાદ શાહરૂખ મુસ્તાકભાઈ મન્સૂરી (ઉ.વ.૩૧) (રહે.વલણગામ મોટા સિંધીવાડ તા.કરજણ જી.વડોદરા) એ કરતા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ શ્રી એફ.એચ.પટેલ કરી રહ્યા છે.

# કાવ્યાનુભૂતિ

## પરિશ્રમ

*સંબંધ બાંધવા માટે ના કદીય કરવો પડે,*
*ટકાવવા એને અચૂક કરવો પડે પરિશ્રમ.*

*એ તાંતણાને અડીખમ રાખવા કાજ પછી,*
*ઊભું રહેવું પડે હર પરિસ્થિતિમાં અડીખમ.*

*આવે સુખ-દુ:ખ, ઘણાંય તોફાનો-ઝંઝાવાતો,*
*સામનો કરતાં હૈયે ધીરજ રાખવી પડે ધરખમ.*

*કોઈ ના ઉથાપી શકે, ના શકે કોઈ ઉખાડી,*
*મનથી મક્કમ બને જેની ટેક સદા અણનમ.*

*પ્રસ્વેદનાં બિંદુઓ મોતી સમ ચમકદાર બને,*
*સાચી ભાવનાઓથી સર્જાતી સુખમય સરગમ.*

*સ્નેહ જીવન - સંબંધ સરગમ - આત્મીય સૂર.*



પદ્માક્ષીબેન મનિષભાઈ પટેલ (પ્રાંજલ)
વ્યવસાય: પ્રાથમિક શિક્ષક, પારડી કન્યાશાળા નં-૧, કિલ્લા: પારડી જિ વલસાડ
અભ્યાસ : પી.ટી.સી., એમ.એ બી.એડ.

આ કવિતામાં કવિ કહે છે કે સંબંધ બનાવવો સહેલું હોય છે, પરંતુ તેને લાંબા સમય સુધી ટકાવી રાખવા માટે સતત પરિશ્રમ અને સમર્પણ જરૂરી છે.

સંબંધ એક નાજુક તાંતણા જેવો છે. તેને મજબૂત રાખવા માટે માણસને દરેક પરિસ્થિતિમાં અડીખમ અને દૃઢ રહેવું પડે. જીવનમાં સુખ અને દુ:ખ, તોફાનો અને મુશ્કેલીઓ આવતી જ રહે છે, પરંતુ એ સમયે ધીરજ અને સહનશક્તિ રાખવી જરૂરી છે.

જે વ્યક્તિ મનથી મક્કમ હોય છે, તેના સંબંધો એટલા મજબૂત બને છે કે કોઈ તેને તોડી કે ઉખાડી શકતું નથી.

કવિ આગળ કહે છે કે જ્યારે માણસ સાચી લાગણી અને મહેનત સાથે કામ કરે છે, ત્યારે તેની મહેનતના પ્રસ્વેદનાં બિંદુઓ પણ મોતી જેવી ચમક ધરાવે છે. અર્થાત્ તેનું પરિણામ ખૂબ સુંદર અને મૂલ્યવાન બને છે.

અંતમાં કવિ કહે છે કે જીવનમાં સ્નેહ, સંબંધ અને આત્મીયતા એ એક સરસ સરગમ (સંગીત) જેવી છે, જેમાં પ્રેમના સૂરથી જીવન સુખમય બને છે.

ટૂકમાં કાવ્ય કહે છે કે સંબંધ ટકાવવા માટે મહેનત જરૂરી છે. ધીરજ અને દૃઢતા જીવનમાં સફળતા આપે છે. સાચી લાગણી અને પરિશ્રમથી જીવન સુખમય બને છે.